
અમદાવાદ
# એક્સપ્રેસ

Ahmedabad Express — Ahmedabad — RNI No.GUJGUJ/2011/40654

પેજ-08

ટેલર સ્વિફ્ટના ટ્રેવિસ કેલ્સે સાથે સિક્રેટ લગ્ન! : મહેમાનોથી પણ સ્થળ ગુપ્ત...



પેજ-09

24 કલાકમાં 140 કરોડની કમાણી, બિઝનેસના મેદાન પર કોહલી...

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 39.00 | 30.00 |
| વડોદરા | 39.00 | 30.00 |
| સુરત | 34.00 | 29.00 |

પેજ 5



એર ઈન્ડિયાએ 'ઈઝી કનેક્ટ' ફ્લાઈટ્સ શરૂ કરી, દરેક ભારતીય માટે...

27 JUNE-2026 SATURDAY

અમેરિકામાં બાળકી પર રેપ કેસમાં સ્નેપચેટ પર કેસ



પેજ 10

.....સુવિચાર.....

કણ અને ક્ષણ ની જેને કિંમત છે તેને મણ જેટલું સુખ મળે છે

વર્ષ-15 । અંક-224 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## રામગઢમાં ભયાનક માર્ગ અકસ્માત

# ટ્રક અને પિકઅપ વચ્ચે ટક્કર, ૭ના મોત

### સ્થાનિક લોકોમાં રોષ, મૃતદેહો સાથે હોબાળો : રામગઢ-બોકારો હાઈવે પર સર્જાયો ગમખ્વાર અકસ્માત

(એજન્સી) રામગઢ । તા. 26

ઝારખંડના રામગઢ જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે સર્જાયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૭ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ દુર્ઘટના રજરપ્પા પોલીસ સ્ટેશન વિસ્તારના લારી-બરલૌંગ પાસે રામગઢ-બોકારો નેશનલ હાઈવે (NH-23) પર બની હતી, જ્યાં કોલસા ભરેલા એક ટ્રકે પિકઅપ વાનને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે, જેને પ્રાથમિક સારવાર બાદ રાંચી રિફર કરવામાં આવ્યો છે.





**અકસ્માતની વિગત :** મૃતક તમામ લોકો એક બેન્ડ-તાશા પાર્ટી સાથે સંકળાયેલા હતા. પિકઅપમાં કુલ ૮ લોકો સવાર હતા, જેઓ રામગઢથી પરત ફરી રહ્યા હતા. તેઓને બિહારમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા જવાનું હતું. દરમિયાન, સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા કોલસા ભરેલા ટ્રકે ઓવરટેક કરવાના પ્રયાસમાં પિકઅપ વાનને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે પિકઅપ વાનના ફુરચા ઉડી ગયા હતા અને તેમાં સવાર લોકો ગાડીમાં જ ફસાઈ ગયા હતા.

### પ્રત્યક્ષદર્શીઓનું નિવેદન

ઘટનાના સાક્ષી તબરેઝ આલમે જણાવ્યું કે, 'અચાનક એક જોરદાર ધડાકાનો અવાજ સંભળાયો. જ્યારે હું ઘટનાસ્થળે દોડી ગયો, ત્યારે જોયું કે ગાડીમાં બેઠેલા લોકો લોહીલુહાણ હાલતમાં હતા. કેટલાક લોકો મદદ માટે પાણી માંગી રહ્યા હતા. પિકઅપમાં સવાર લોકો એકબીજા પર પડ્યા હતા અને તેમનો સામાન રસ્તા પર વેરાયેલો હતો.' સ્થાનિક ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી અને કલાકોની જહેમત બાદ ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.

### પોસ્ટમોર્ટમ અને ઓળખ

હોસ્પિટલ પહોંચતા જ તબીબોએ ૭ લોકોને મૃત જાહેર કર્યા હતા. મૃતકોમાં અનોદ કુમાર (૩૧), હેમંત કુમાર મહતો (૨૫) અને પપ્પુ કરમાલી (૧૮) સહિતના લોકોનો સમાવેશ થાય છે. ઘટના બાદ ટ્રક ડ્રાઈવર વાહન છોડીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનોએ હોસ્પિટલ પહોંચ્યા બાદ રોષ વ્યક્ત કર્યો હતો અને ન્યાયની માંગ સાથે રામગઢ-બોકારો મુખ્ય માર્ગ પર જામ કરી દીધો હતો.

**વહીવટી તંત્રની કાર્યવાહી**: રામગઢ સદર હોસ્પિટલના સિવિલ સર્જન ડો. અનિલ કુમારે જણાવ્યું હતું કે, અકસ્માત બાદ ૮ લોકોને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જેમાંથી ૭ લોકોના મોત થયા છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. હાલમાં ઘટનાસ્થળે પોલીસનો મોટો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે અને વહીવટી તંત્ર દ્વારા લોકોને શાંત પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### પાંચ કર્મચારી ગંભીર રીતે દાઝી ગયા : કાનપુરથી પ્રતાપગઢ તરફ જઈ રહ્યું હતું ટેન્કર

# કૌશાંબીમાં એલપીજી ટેન્કરનો ભયાનક અકસ્માત, ટોલ પ્લાઝા પર આગ લાગી

(એજન્સી) કૌશાંબી । તા. 26

ઉત્તર પ્રદેશના કૌશાંબી જિલ્લામાં શુક્રવારે સવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. કોખરાજ પોલીસ સ્ટેશન વિસ્તારના સિહોરી ટોલ પ્લાઝા પર એક એલપીજી ટેન્કર અનિયંત્રિત બનીને ટોલ પ્લાઝા સાથે અથડાતા જોરદાર ધડાકો થયો હતો અને ત્યારબાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં પાંચ ટોલ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. એસ.પી.એ જણાવ્યું હતું કે, ટેકનિકલ ટીમ અને ડી.એસ.ઓ. (DSO) ને બોલાવી ઘટનાના ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવશે. હાલમાં ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવાયો છે અને માર્ગની એક લેનને ટ્રાફિક માટે ફરીથી ખુલ્લી કરી દેવામાં આવી છે. આ ગોઝારી ઘટનાએ ટોલ પ્લાઝા પર સુરક્ષા વ્યવસ્થા સામે પણ અનેક સવાલો ઉભા કર્યા છે.





### ભયાનક અકસ્માત અને આગનું તાંડવ

પ્રાપ્ત વિગતો અનુસાર, અકસ્માત શુક્રવારે સવારે આશરે ૭ વાગ્યાના સુમારે બન્યો હતો. કાનપુરથી પ્રતાપગઢ તરફ જઈ રહેલું એલપીજી ટેન્કર ટોલ પ્લાઝા પાસે પહોંચતા જ અનિયંત્રિત બન્યું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ટેન્કરની ઝડપ ૬૦ થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ હતી. ઓવરટેક કરવાના પ્રયાસમાં ટેન્કર ડિવાઈડિંગ લેન સાથે અથડાઈને પલટી ગયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે ક્ષણવારમાં જ ટેન્કરમાંથી ગેસ લીક થવા લાગ્યો અને જોરદાર ધડાકા સાથે આગ ભભૂકી ઉઠી હતી.

### દૂર સુધી દેખાઈ આગની જ્વાળાઓ

આગ એટલી વિકરાળ હતી કે તેની જ્વાળાઓ ૨ કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ દેખાતી હતી. ચારે બાજુ કાળા ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા. અકસ્માત બાદ ટોલ પ્લાઝા પર અફરાતફરી અને ચીસાચીસ મચી ગઈ હતી. આગની તીવ્રતાને કારણે કોઈ પણ વ્યક્તિ નજીક જવાની હિંમત કરી શક્યું નહોતું. રસ્તાની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

### ઘાયલોની હાલત નાજુક

પોલીસ અધિક્ષક સત્યનારાયણ પ્રજાપતે જણાવ્યું હતું કે, આ અકસ્માતમાં કુલ ૭ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી ૫ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા છે. તેમને પહેલા જિલ્લા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, પરંતુ તેમની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે પ્રયાગરાજ રિફર કરવામાં આવ્યા છે. અન્ય ૨ લોકોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી છે. ઘટના બાદ ટેન્કરનો ડ્રાઈવર અને કંડક્ટર વાહનમાંથી કૂદીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

### SIT દ્વારા તપાસ તેજ, આઠ આરોપીઓની ધરપકડ

# અયોધ્યા રામમંદિરમાં ચોરીનો મામલો: ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયનું રાજીનામું

■ ચંપત રાય અને અનિલ મિશ્રાએ મહંત નૃત્ય ગોપાલ દાસને રાજીનામા સોંપ્યા

(એજન્સી) અયોધ્યા । તા. 26

અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં થયેલી ચોરીના મામલે આખરે ટ્રસ્ટમાં મોટી ઉથલપાથલ સર્જાઈ છે. મંદિરમાં દાન પેટી અને ચઢાવામાં થયેલી કથિત ચોરીને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્ય ગોપાલ દાસને સુપરત કર્યું છે. આ સાથે જ ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાએ પણ રાજીનામું આપ્યું છે. ટ્રસ્ટી નૃપેન્દ્ર મિશ્રાએ આ રાજીનામાની પુષ્ટિ કરી છે. આ મામલે તપાસ કરી રહેલી SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) એ ગુરુવારે મોડી રાત્રે મોટી કાર્યવાહી કરતા ચંપત રાયના નજીકના ડ્રાઈવર રામાશંકર યાદવ (ઉર્ફે ટીન્નુ) સહીત કુલ ૮ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ આજે તમામ આરોપીઓને સ્થાનિક કોર્ટમાં રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરશે તેવી માહિતી મળી છે.





### કેવી રીતે સામે આવ્યો મામલો?

રામમંદિરમાં ચોરીનો મામલો સૌપ્રથમ ૭ જૂનના રોજ પ્રકાશમાં આવ્યો હતો, જેના પગલે ભારે હોબાળો મચ્યો હતો. આ સંવેદનશીલ ઘટનાની તપાસ માટે ૧૩ જૂને યુપી સરકારે SIT ની રચના કરી હતી. SIT એ ૨૩ જૂનના રોજ અધિક મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદને પોતાનો પ્રાથમિક તપાસ અહેવાલ સોંપ્યો હતો, ત્યારબાદ આ ધરપકડો અને રાજીનામાનો દોર શરૂ થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મંદિર નિર્માણના પ્રભારી ગોપાલ રાવને પણ વ્યવસ્થામાંથી હટાવી દેવામાં આવ્યા છે.

### કેજરીવાલની પ્રતિક્રિયા

આ સમગ્ર વિવાદ વચ્ચે, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે રામલલ્લાના દર્શન કર્યા હતા. તેમણે આ ઘટનાને 'મહાપાપ' ગણાવીને દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. તેમણે શંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'અત્યારે જે FIR થઈ છે તે માત્ર એક દેખાડો છે અને મોટા માથાઓને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનની ફરિયાદના આધારે આ FIR નોંધવામાં આવી હતી, જોકે હાલની FIR માં ચંપત રાય કે ડૉ. અનિલ મિશ્રાનું નામ નથી.

### ટ્રસ્ટમાં સુધારાની પ્રક્રિયા

મંદિર ટ્રસ્ટમાં થયેલા આ ફેરફારોને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યા છે. હાલમાં અયોધ્યામાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે અને SIT ની તપાસ તેજ ગતિએ આગળ વધી રહી છે. આગામી દિવસોમાં તપાસમાં શું બહાર આવે છે અને ટ્રસ્ટનું નવું માળખું કેવી રીતે તૈયાર થાય છે, તે જોવું મહત્વનું રહેશે. ટ્રસ્ટી નૃપેન્દ્ર મિશ્રાએ ભાસ્કરને જણાવ્યું હતું કે, મને ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા અંગે માહિતી મળી છે.

### સિયા અને પ્રેમી ચેતને ઘડ્યો હતો હત્યાનો પ્લાન

# પુણે મર્ડર કેસ: વિગ લગાવતો અને હકલાતો હોવાથી મંગેતરની કરી હત્યા

(એજન્સી) પુણે । તા. 26

પુણેના ચકચારભર્યા કેતન અગ્રવાલ મર્ડર કેસમાં દિવસેને દિવસે ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મંગેતર સિયા ગોયલ કેતનની શારીરિક ખામીઓ–જેમ કે હેર વિગ લગાવવી અને હકલાવાની સમસ્યા–ને કારણે તેનાથી નફરત કરતી હતી. આ નફરતે જ અંતે કેતનના જીવના સોદાનું સ્વરૂપ ધારણ કરી લીધું.

### નફરતનું કારણ અને હત્યાનું કાવતરું

કેતને સગાઈ તોડવાનો ઈનકાર કરતા સિયાએ તેના બોયફ્રેન્ડ ચેતન ચૌધરી સાથે મળીને કેતનને રસ્તામાંથી હટાવવાનું નક્કી કર્યું. હત્યાના એક દિવસ પહેલા, ૧૭ જૂને સિયા અને ચેતન પુણેના કોંઢવા વિસ્તારના એક કેફેમાં મળ્યા હતા અને અહીં જ લોહગઢ કિલ્લા પરથી કેતનને ખીણમાં ધક્કો મારીને હત્યા કરવાનું અંતિમ કાવતરું ઘડાયું હતું.

### અગાઉ પણ થયા હતા પ્રયાસ

આ પહેલીવાર નહોતો જ્યારે કેતનને મારવાનો પ્રયાસ થયો હોય. ૧૪ જૂને પણ સિયાએ સાપ દેખાવાનું બહાનું કાઢીને કેતનને મારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સમયે કેતન બચી ગયો હતો. એટલું જ નહીં, આરોપીઓએ 'બેકઅપ પ્લાન' પણ તૈયાર રાખ્યો હતો.

# NCERTના ધોરણ 9ના પુસ્તકમાંથી બંધારણની પ્રસ્તાવના હટાવી: નવો વિવાદ

### જયપ્રકાશ નારાયણના આંદોલન અને ઈમરજન્સી પર ભાર : ચૂંટણી પંચની કામગીરી અને મીડિયાની ભૂમિકાને પણ અપાયું સ્થાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા ધોરણ ૯ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં કરવામાં આવેલા ફેરફારો હાલ ચર્ચાનો વિષય બન્યા છે. નવા શૈક્ષણિક માળખા મુજબ, પુસ્તકમાંથી બંધારણની પ્રસ્તાવનાને દૂર કરવામાં આવી છે, તેમજ 'સમાજવાદી' (Socialist) અને 'બિનસાંપ્રદાયિક' (Secular) જેવા શબ્દોનો સ્પષ્ટ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી. બીજી તરફ, પુસ્તકમાં કટોકટી (Emergency) અંગે એક અલગ વિભાગ ઉમેરવામાં આવ્યો છે.

### પુસ્તકમાં શું ફેરફાર થયા?

ઈન્ડિયા એન્ડ બિયોન્ડ'માં કટોકટીને લોકશાહી સામેના સૌથી મોટા પડકારોમાંના એક તરીકે દર્શાવવામાં આવી છે. પુસ્તકમાં ઈન્દિરા ગાંધી સરકાર દરમિયાન જૂન ૧૯૭૫માં લાદવામાં આવેલી આંતરિક કટોકટીની અસરોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. જેમાં પ્રેસ પર સેન્સરશીપ, મૂળભૂત અધિકારોનું સ્થગિત થવું અને રાજકીય નેતાઓની ધરપકડ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

### ચૂંટણી પંચ અને મીડિયાની ભૂમિકા

આ પુસ્તકમાં દેશના ચૂંટણી પંચ (ECI) ની કામગીરીના વખાણ કરવામાં આવ્યા છે. ૨૦૨૪ની ચૂંટણીના આંકડાઓ સાથે જણાવવામાં આવ્યું છે કે ૯૬.૮ કરોડ મતદારો ધરાવતા દેશમાં નિષ્પક્ષ ચૂંટણી કરાવવી એ એક મોટો પડકાર છે. વિદ્યાર્થીઓને ચૂંટણી પંચ દ્વારા ઉપયોગમાં લેવાતા EVM, VVPAT અને આદર્શ આચાર સંહિતા વિશે માહિતી આપવામાં આવી છે.

**લોકશાહી સામેના અન્ય પડકારો :** NCERT દ્વારા પ્રથમવાર 'ડેમોક્રેસી એન્ડ યુ' નામનો એક નવો વિભાગ ઉમેરવામાં આવ્યો છે, જેનો હેતુ વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. ઈમરજન્સી સિવાય, પુસ્તકમાં ફેક ન્યૂઝ, ખોટી માહિતી, સામાજિક ભેદભાવ, લિંગ અસમાનતા અને ગરીબી જેવા આધુનિક પડકારો પર પણ વિદ્યાર્થીઓને વિચારતા કરવામાં આવ્યા છે.

**બંધારણીય શબ્દોની ચર્ચા :** પુસ્તકમાં બંધારણના નિર્માણ અને મૂળભૂત અધિકારોની ચર્ચા હોવા છતાં, પ્રસ્તાવનામાં રહેલા 'સાર્વભૌમ', 'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક', 'લોકતાંત્રિક' અને 'ગણરાજ્ય' જેવા મુખ્ય શબ્દોને અલગથી સમજાવવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે, ૧૯૭૬માં ૪૨મા બંધારણીય સુધારા દ્વારા પ્રસ્તાવનામાં 'સોશિયાલિસ્ટ', 'સેક્યુલર' અને 'ઈન્ટિગ્રિટી' શબ્દો ઉમેરવામાં આવ્યા હતા, જે હજુ પણ બંધારણનો ભાગ છે.

### એન્ટી ટેરરિઝમ ઓપરેશનમાં બહોળો અનુભવ : કલમ ૩૭૦ અને જી-૨૦માં મહત્વની ભૂમિકા

# મહેશ દીક્ષિત બન્યા નવા આઈબી ચીફ, તપન ડેકાની જગ્યા લેશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના નવા ચીફ તરીકે મહેશ દીક્ષિતની નિમણૂક કરી છે. તેઓ વર્તમાન આઈબી ડિરેક્ટર તપન કુમાર ડેકાનું સ્થાન લેશે, જેઓ ૩૦ જૂન ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. મહેશ દીક્ષિત આગામી બે વર્ષ સુધી દેશની આ મહત્વપૂર્ણ આંતરિક ગુપ્તચર એજન્સીના વડા તરીકે જવાબદારી સંભાળશે.નવા આઈબી ચીફ તરીકે મહેશ દીક્ષિત સામે દેશની આંતરિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની, આતંકવાદ વિરોધી કામગીરીને વેગ આપવાની અને દુષ્પ્રચારનો સામનો કરવાની મહત્વની જવાબદારીઓ રહેશે.



### અનુભવી અધિકારીની નિમણૂક

મહેશ દીક્ષિત ૧૯૯૩ બેચના આંધ્ર પ્રદેશ કેડરના આઈપીએસ (IPS) અધિકારી છે. તેઓ અત્યાર સુધી આઈબીમાં સ્પેશિયલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા અને એજન્સીના બીજા સૌથી વરિષ્ઠ અધિકારી હતા. એન્ટી ટેરરિઝમ અને ગુપ્તચર ઓપરેશનમાં તેઓ વર્ષોનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ અગાઉ જમ્મુ-કાશ્મીરમાં સબસિડિયરી ઈન્ટેલિજન્સ બ્યુરો (SIB) ના વડા તરીકે પણ કાર્યરત રહી ચૂક્યા છે. તેમની નિમણૂકને સુરક્ષા ક્ષેત્રે એક વ્યૂહાત્મક નિર્ણય તરીકે જોવામાં આવી રહી છે.

### તપન ડેકાનો કાર્યકાળ સંપન્ન

વર્તમાન આઈબી ચીફ તપન કુમાર ડેકા, જેઓ ૧૯૮૮ બેચના હિમાચલ પ્રદેશ કેડરના અધિકારી છે, તેમનો કાર્યકાળ ૩૦ જૂને પૂર્ણ થઈ રહ્યો છે. જુલાઈ ૨૦૨૨ થી આ પદ સંભાળતા ડેકાને સરકારે બે વાર સેવા વિસ્તરણ આપ્યું હતું. હવે તેમના સ્થાને મહેશ દીક્ષિત જવાબદારી સંભાળશે. દેશની વર્તમાન સુરક્ષા સ્થિતિને જોતા, દીક્ષિતની આ નિમણૂક સુરક્ષા માળખાને વધુ સજ્જ બનાવવા માટેનું મજબૂત પગલું માનવામાં આવે છે.

### સંવેદનશીલ મિશનમાં મહત્વનું યોગદાન

કલમ ૩૭૦: ઓગસ્ટ ૨૦૧૯ માં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના નિર્ણય અગાઉ સુરક્ષા તૈયારીઓ અને કાયદો-વ્યવસ્થા જાળવવાની વ્યૂહરચના બનાવવામાં તેમણે મહત્વની કામગીરી કરી હતી.

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ: રાજ્યના પુનર્ગઠન બાદ તેમને આ બંને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહત્વપૂર્ણ ગુપ્તચર જવાબદારીઓ સોંપવામાં આવી હતી, જ્યાં તેમણે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા ઉપરાંત લોકોનો વિશ્વાસ જીતવામાં પણ સફળતા મેળવી હતી.

જી-૨૦ બેઠક: વર્ષ ૨૦૨૩ માં શ્રીનગરમાં યોજાયેલી જી-૨૦ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠક દરમિયાન તેમની સુરક્ષા વ્યવસ્થાપનમાં મુખ્ય ભૂમિકા રહી હતી.

# ભાજપ સાંસદ મનસુખ વસાવાના નિવેદન મુદ્દે AAP પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાનો વળતો પ્રહાર

અમદાવાદ : આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ તેમજ પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ વિડીયોના માધ્યમથી ભાજપના સાંસદ મનસુખ વસાવાના નિવેદન પર વળતો પ્રહાર કરતાં કહ્યું હતું કે, મનસુખ વસાવા મીડિયામાં આવીને ઈસુદાન ગઢવી, ગોપાલ ઇટાલીયા, અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી પર આક્ષેપો કરી રહ્યા છે, તે તદ્દન પાયાવિહોણા છે. એમને હું એટલું જ કહેવા માગું છું કે ચૈતરભાઈ વસાવા સાડા ત્રણ વર્ષથી ધારાસભ્ય છે અને તેમણે અત્યાર સુધી જીઆઈડીસીના પ્રશ્નના મુદ્દે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રશ્નના મુદ્દે, શિક્ષણના પ્રશ્નના મુદ્દે, આરોગ્યના પ્રશ્નના મુદ્દે, શિષ્યવૃત્તિના પ્રશ્નના મુદ્દે, કોરિડોરના પ્રશ્નના મુદ્દે કે પછી સનદની જમીનના પ્રશ્નના મુદ્દા સહિત બીજા અનેક મુદ્દાઓ પર તેઓ સતત લડતા હોય છે, અવાજ ઉઠાવે છે અને એ સમસ્યાનું નિરાકરણ લાવે છે. મનસુખભાઈ આજે તમે દીકરીની વાત કરો છો પરંતુ તમારી સરકાર જે 'બેટી બચાવો બેટી પઢાઓ' ની વાતો કરો છો પરંતુ એક દીકરી 17 દિવસના બાળકને



લઈને જેલમાં છે. અંગ્રેજોમાં પણ માનવતા હતી અને તેઓ પણ આવું કામ કરતા ન હતા, ભાજપ આજે કાળા અંગ્રેજ બનીને અત્યાચાર કરે છે. તમે કાગળ લખવાની અને સરકારને રજૂઆત કરવાની વાત કરો છો પરંતુ મારે તમને કહેવું છે કે હમણાં હાઈકોર્ટમાં તારીખ પડશે ત્યારે તમે એ દીકરીના જામીન બનજો. જો તમે જામીન બનશો તો લોકો કહેશે કે મનસુખભાઈ સાંસદ બનીને એક દીકરી સાથે ઊભા છે.આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, ચૈતરભાઈ પર 500 સીટોની જવાબદારી હતી અને 500માંથી તેઓ તાલુકા-જિલ્લા પંચાયતની 400 સીટો જીતી લાવ્યા છે અને એટલા માટે ભાજપના પેટમાં તેલ રેડાયું છે, જેથી ઝડપથી ચૈતરભાઈનો કેસ ચલાવવામાં આવ્યો અને ઝડપથી આ કેસમાં જજમેન્ટ આપવામાં આવ્યું. ચૈતરભાઈએ ફાયરિંગ કર્યું હોય એવા એફએસએલ પાસે કોઈ પણ પુરાવા નથી. જે લોકોને આરોપી બતાવવામાં આવ્યા એમાં આ દીકરીનો શું વાંક હતો? તમે નવ લોકોને સાત વર્ષની સજા કરાવી.

# સાણંદના ડરણ ગામે ખેડૂતોની વહારે પહોંચ્યા 'આપ' યુવા નેતા બ્રિજરાજ સોલંકી



અમદાવાદ : આજરોજ સાણંદના ડરણ ગામે મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થયા હતા, જ્યાં ખેડૂતોની વહારે આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી પણ પહોંચ્યા હતા. આ તકે ખેડૂતોને સંબોધન કરતા 'આપ' યુવા નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે આપણે ખેડૂતોએ સરકાર સામે છેક સુધી લડી લેવાનું છે. અગાઉ પણ જસદણ વિસ્તારમાં ગેરકાયદેસર વીજ થાંભલા નાખવાનું કામ કરવામાં આવ્યું હતું. ત્યારે અમે પોલીસ અને વીજ કંપનીના અધિકારીઓ સામે લડત આપતા આજે છ દિવસથી એ કામ અટકી ગયું છે. હવે આપણે સૌએ પણ એક થવાની અને સંગઠિત થવાની જરૂર છે. કારણ કે આ દેશનો ઈતિહાસ કહે છે કે જ્યારે જ્યારે પણ આ દેશમાં ક્રાંતિ થઈ છે, ત્યારે ખેડૂતોના દીકરાઓએ ક્રાંતિ કરી છે, ગરીબ અને મજૂરોના દીકરાઓએ ક્રાંતિ કરી છે, ઉઘાડા પગે ફરતા લોકોએ ક્રાંતિ કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ભારતીય જનતા પાર્ટી અને સરકારના લોકો ત્રણેય ટાઈમ પેટ ભરીને શાંતિથી જમી શકે છે, તો એ આપણા ખેડૂતોની દેન છે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આ ગુજરાતની અંદર આપણો ખેડૂત દિવસે ને દિવસે દેવાદાર બનતો જાય છે. આ સરકારનું એક ષડયંત્ર છે કે ખેડૂતોને જીવવા પણ ન દેવા અને મરવા પણ ન દેવા. આ ખેડૂતો ક્યારેય દેવામાંથી બહાર ન આવવા જોઈએ, એવું આ સરકારનું ષડયંત્ર છે. હું તમને કહેવા માગું છું કે, ૨૦૧૪માં આ જ સરકારે કીધું હતું કે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરીશું. પરંતુ આજે એ વાતને દસ વર્ષ થઈ ગયા, આવક બમણી થવાને બદલે દેવાં બમણાં થઈ ગયાં છે. ખેડૂતોનું દેવું ૨૦૧૪માં ૭૫,૦૦૦ કરોડ રૂપિયા હતું, જે આજે દસ વર્ષ પછી વધીને ૧,૫૧,૦૦૦ કરોડને પાર થઈ ગયું છે. મારે આજે યુવાનોને કહેવું છે કે, યુવાનો! ખેડૂતો માટે જાગો, ખેડૂતો માટે લડત લડો. જો લડી ન શકતા હો તો સોશિયલ મીડિયા થકી લખો, લખી ન શકતા હો તો બોલો, બોલી ન શકતા હો તો સાથે ઊભા રહો.

# ગાંધીનગરમાં ગેસની મુખ્ય લાઈનમાં ભીષણ આગ:સ્થાનિકો પોતાના જીવ બચાવવા સુરક્ષિત સ્થળે દોડ્યા, ફાયર વિભાગની ટીમે આગ પર કાબૂ મેળવ્યો

ગાંધીનગર | ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી અકસ્માત અને અસહ્ય ગરમીના કારણે શોટ સર્કિટના લીધે આગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે આજે વધુ એક વખત શહેરના કુડાસણ અને પોર નજીક આગની ઘટના સામે આવી છે. અહીં પસાર થતી ગેસની મેઈન લાઈનમાં અચાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. આ બનાવની જાણ થતા જ ગાંધીનગર ફાયર વિભાગની ટીમો દ્વારા બે ગાડીઓ સાથે સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવી લીધો છે.આ અંગે સાબરમતી ગેસ કંપનીના ઓપરેશનલ હેડ શાલીન પટેલે કહ્યું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગટર લાઈનના કામ દરમિયાન ગેસ પાઈપમાં લીકેજ થતા આગ લાગી હતી. આ ખોદકામની જાણકારી કોર્પોરેશન દ્વારા સાબરમતી ગેસ કંપનીને કરવામાં આવી ન હતી. સાબરમતી ગેસના અધિકારીઓ એન્ડ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગત અનુસાર, કુડાસણથી પોર તરફ જતા માર્ગ નજીક અચાનક ગેસ લાઈનમાં કોઈ અકળ કારણોસર બ્લાસ્ટ જેવો અવાજ સંભળાયો હતો અને જોતજોતામાં ત્યાં આગની જ્વાળાઓ ઉઠવા લાગી હતી. ગેસ લીકેજ અથવા કોઈ ટેકનિકલ ખામીના કારણે આ આગ લાગી હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

## નકલી કચેરીઓનો ભાંડો ફોડવો અને જળ-જમીન માટે લડવું એ ગુનો છે? : ગોપાલ ઇટાલિયા

# ગુજરાતમાં ભૂમાફિયાઓ અને લઠ્ઠાકાંડના આરોપીઓ આઝાદ, આદિવાસીઓના યોદ્ધા જેલમાં: ગોપાલ ઇટાલિયા



### જૂનાગઢમાં ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા અને રાજુ બોરખતરીયાની આગેવાનીમાં ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં પદયાત્રા યોજાઈ : મોરબી બ્રિજ, રાજકોટ અને સુરત અગ્નિકાંડના ગુનેગારો મુક્ત, પણ જનતા માટે લડનાર ચૈતર વસાવાને સજા કેમ? : ગોપાલ ઇટાલિયા

અમદાવાદ | જૂનાગઢમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયા અને પ્રદેશ સંગઠન મંત્રી રાજુ બોરખતરીયાની આગેવાનીમાં ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં પદયાત્રા યોજાઈ. આ તકે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે, અમારી આમ આદમી પાર્ટીના નેતા અને ગુજરાતના આદિવાસી સમાજના યોદ્ધા એવા ચૈતરભાઈ વસાવા સામે ભાજપ સરકારે કાયદાનો દુરુપયોગ કરીને, કાયદાની પ્રક્રિયા સાથે છેડછાડ કરીને અને ષડયંત્ર રચીને તેમને રાજનીતિમાંથી દૂર કરવાનો તેમજ ધારાસભ્ય પદેથી હટાવી દેવાનો દ્વેષપૂર્ણ કાર્યક્રમ કર્યો છે અને સાત વર્ષ સુધી જેલની સજા કરાવી છે.

ચૈતરભાઈ વસાવાનો ગુનો શું છે? ચૈતરભાઈનો ગુનો આદિવાસી સમાજને જાગૃત કરવાનો છે. આદિવાસી સમાજના જળ, જમીન અને જંગલના અધિકારો માટે લડવું એ ગુનો છે? આદિવાસીઓને વિસ્થાપિત કરવામાં આવે છે, એ વિસ્થાપિત આદિવાસીઓ માટે લડવાનો ગુનો, આદિવાસી વિસ્તારોમાં નકલી કચેરીઓનો ભાંડો ફોડવાનો ગુનો, અને સમાજ માટે, યુવાનો માટે તેમજ લોકો માટે લડવાનો ગુનો તેમણે કર્યો છે. આ કામ કરવા બદલ તેમને સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ગુજરાતમાં અનેક ભૂમાફિયાઓ, સ્કેમ કરનારા માફિયાઓ, કોન્ટ્રાક્ટ માફિયાઓ, હલકી ગુણવત્તાની દવાઓ પધરાવી દેનારાઓ અને નકલી વસ્તુઓ બનાવનારાઓ હજારો ક્રાઈમ કરી રહ્યા છે.

ગોપાલ ઇટાલિયાએ વધુમાં જણાવ્યું હતુ કે સમગ્ર ગુજરાતમાં આવા ગુના કરનારા એક પણ વ્યક્તિને સાત વર્ષની સજા નથી થઈ. મોરબીની અંદર બ્રિજ તૂટી ગયો છતાં કોઈને સાત વર્ષની સજા નથી થઈ. રાજકોટના અગ્નિકાંડમાં અનેક નિર્દોષ લોકો સળગીને મૃત્યુ પામ્યા, છતાં કોઈને સાત વર્ષની સજા ન થઈ. સુરતના અગ્નિકાંડના ભોગ બનેલા પરિવારો આજે પણ ન્યાય માટે કોર્ટ-કચેરીના ધક્કા ખાય છે,

પણ તેના આરોપીઓને સાત વર્ષની સજા ન થઈ. ગુજરાતમાં બોટાદમાં લઠ્ઠાકાંડ થયો, પચાસ કરતાં વધુ લોકો તેમાં મૃત્યુ પામ્યા, છતાં આરોપીઓને સાત વર્ષની જેલની સજા ન થઈ. હોસ્ટેલની અંદર જઈને યુવતીઓ પર બળાત્કાર કરનારા ગુનેગારોને સાત વર્ષની જેલની સજા ન થાય! પરંતુ ચૈતર વસાવાએ જનતાને જગાડવાનું અને જનતાના હક માટે લડવાનું કામ કર્યું, તો તેમને મામૂલી ગુનામાં સાત વર્ષની જેલની સજા કરી દેવાઈ! અમે આમ આદમી પાર્ટી તરીકે ગુજરાતના આદિવાસી સમાજ અને ચૈતરભાઈ વસાવાની સાથે ઊભા છીએ. જે પણ લડાઈ લડવી પડશે, તે અમે લડતા રહીશું અને આ સરમુખત્યારશાહી સામે ઝૂકવાના નથી. ગુજરાતની જનતા અને આદિવાસી યુવાનોને મારી એક નમ્ર વિનંતી છે કે, જો તમે માનતા હો કે ચૂંટાયેલા જનપ્રતિનિધિને મામૂલી કલમો હેઠળ સાત વર્ષ સુધી જેલમાં પૂરી દેવાનું કામ ભાજપે કર્યું છે તે વ્યાજબી નથી, તો હું બધાને વિનંતી કરું છું કે આવનારી ચૂંટણીઓમાં ભાજપને એક પણ મત ન પડવો જોઈએ. બધા જ મત ચૈતરભાઈ વસાવા અને આમ આદમી પાર્ટીને આપજો.

# ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં AAPની રાજ્યવ્યાપી "સપોર્ટ માર્ચ"



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવા સામે ષડયંત્રના ભાગરૂપે એક કેસ કરવામાં આવ્યો અને તેમાં ધારાસભ્ય ચૈતર વસાવા સહિત કુલ નવ લોકોને સાત વર્ષની સજા સંભળાવવામાં આવી. જેથી આમ આદમી પાર્ટીએ આજે આ સજાના વિરોધમાં અને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં "સપોર્ટ માર્ચ" પદયાત્રાનું આયોજન કર્યું હતું. અમદાવાદ ખાતે પ્રદેશ કાર્યાલયથી ઈન્કમટેક્સ સર્કલ સુધી આમ આદમી પાર્ટી દ્વારા આ સપોર્ટ માર્ચ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ, પ્રદેશ મુખ્ય પ્રવક્તા તેમજ પ્રદેશ સંગઠન મંત્રી ડોક્ટર કરન બારોટ, આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયા, વિદ્યાર્થી પાંખ ASAPના અમદાવાદ શહેર પ્રમુખ યાત્રિક પટેલ, માલધારી સેલ પ્રદેશ પ્રમુખ કિરણ દેસાઈ, મહિલા મોરચાના પ્રદેશ ઉપપ્રમુખ નેહા કેવલરામાણી, મહિલા મોરચા પ્રદેશ સંગઠન મંત્રી કાશ્મીરા મહેતા, યુવા મોરચા પ્રદેશ ઉપાધ્યક્ષ હાર્દિક ખોખર, યુવા મોરચા પ્રદેશ પ્રદેશ સંગઠન મંત્રી જુબેર શેખ, અમદાવાદ પશ્ચિમ લોકસભા પ્રભારી વિપુલ પટેલ, આમ આદમી પાર્ટીના આગેવાનનો રાજેશ દીક્ષિત, મુકેશ ચૌહાણ, દીપક દેસાઈ સહિત ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં નારા લગાવ્યા હતા. આદિવાસી સમાજ માટે લડત લડનારા, જળ, જંગલ જમીનની રક્ષા કરવા માટે લડત લડનારા તથા ગુજરાતના યુવાનો માટે અવાજ ઉઠાવનાર આદિવાસી સમાજના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાને ષડયંત્રના ભાગરૂપે કાયદાનો દુરુપયોગ કરીને જેલમાં મોકલવામાં આવ્યા છે. જ્યારથી ધારાસભ્ય ચૈતર વસાવા ડેડીયાપાડાથી ચૂંટણી જીત્યા છે, ત્યારથી જ ભાજપે તેમને ડરાવવા-ધમકાવવાની અને લોભ લાલચ આપવાની અનેક કોશિશો કરી પરંતુ ધારાસભ્ય ચૈતર વસાવા ભાજપ સામે ઝૂક્યા નથી.

# News Brief

## સરકારી કચેરીઓમાં વીજ બચત અભિયાન શરૂ : ACનું તાપમાન 24°C ફરજિયાત

ગાંધીનગર | રાજ્ય સરકાર દ્વારા સરકારી, અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશનો તેમજ જાહેર ઈમારતોમાં ઊર્જા બચત માટે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વીજળીના વધતા વપરાશને નિયંત્રિત કરવા અને ઊર્જા કાર્યક્ષમતામાં વધારો કરવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે.

સરકારના આ અભિયાન હેઠળ તમામ કચેરીઓએ વીજ બચત માટે ચોક્કસ પગલાં અમલમાં મૂકવાના રહેશે. નવી માર્ગદર્શિકા મુજબ તમામ કચેરીઓમાં એર કન્ડીશનર (AC)નું તાપમાન ફરજિયાત રીતે 24 ડિગ્રી સેલ્સિયસ રાખવાનું રહેશે. ઉપરાંત, વીજળીનો બિનજરૂરી વપરાશ અટકાવવા માટે કચેરીઓમાં ઓટોમેટિક સેન્સર સિસ્ટમ સ્થાપિત કરવાની પણ યોજના બનાવવામાં આવી છે, જેથી રૂમ ખાલી હોય ત્યારે લાઈટ અને અન્ય સાધનો આપમેળે બંધ થઈ શકે. સરકારે જૂની પરંપરાગત લાઈટોને તબક્કાવાર દૂર કરીને LED લાઈટો લગાવવાનો નિર્ણય કર્યો છે. સાથે જ ભવિષ્યમાં થનારી ખરીદીમાં માત્ર 5-સ્ટાર રેટિંગ ધરાવતા ઊર્જા કાર્યક્ષમ સાધનોને જ પ્રાથમિકતા આપવામાં આવશે. ઊર્જા બચતના અમલીકરણ માટે દેખરેખનું વિશેષ માળખું પણ તૈયાર કરવામાં આવ્યું છે. તમામ વિભાગોને પોતાનો એક્શન પ્લાન તૈયાર કરીને રજૂ કરવાની સૂચના આપવામાં આવી છે. સાથે જ 45 દિવસની અંદર ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA)ને પ્રાથમિક અહેવાલ સબમિટ કરવાનો રહેશે. કચેરીઓએ ઊર્જા વપરાશના ત્રિમાસિક અહેવાલો પણ નિયમિત રીતે મોકલવાના રહેશે. આ ઉપરાંત દરેક સરકારી અને અર્ધસરકારી કચેરી માટે દર વર્ષે થર્ડ-પાર્ટી એનર્જી ઓડિટ કરાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઊર્જા બચતના માપદંડોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કચેરીઓને સરકાર દ્વારા વિશેષ સન્માન પણ આપવામાં આવશે.

## પ્રેમલગ્ન કરનાર વડોદરાની યુવતીનો આપઘાત, પિયરમાં ફોન કરીને કહ્યું હતું-'મમ્મી મારે આવવું છે પણ...'

અમદાવાદ: નહેરુનગરમાં પ્રેમલગ્ન કરનાર વડોદરાની યુવતીનો આપઘાત, પિયરમાં ફોન કરીને કહ્યું હતું-'મમ્મી મારે આવવું છે પણ...' અમદાવાદના આંબાવાડીમાં આવેલ નહેરૂનગર એપાર્ટમેન્ટમાં રહેતી મૂળ વડોદરાની અને અમદાવાદમાં યુવક સાથે પ્રેમલગ્ન કરીને આવેલી 19 વર્ષીય યુવતીએ ગત 13 જૂને મોડી રાતે બીજા માળેથી પડતું મૂકીને આપઘાત કરી લીધી હતી. દીકરીની અંતિમ વિધિ પતાવ્યા બાદ પિતાએ તેમના પત્ની અને દીકરા સાથે વાતચીત કરતા દીકરીના મોત અંગે ચોંકાવનારા ઘટસ્ફોટ થયા હતા. મૃતક દીકરીની માતાએ જણાવ્યું હતું કે, દીકરી ફોન પર એવું કહેતી હતી કે, મમ્મી મારે આવવું છે પણ સુરજ આવવા દેતા નથી. નોંધનીય છે કે, આ અંગે હવે તેના મૃતક યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી છે. હાલ એલિસબ્રિજ પોલીસે આ મામલે દુષ્પ્રેરણનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, વડોદરામાં રહેતા મૃતક યુવતીના પિતા અતુલકુમાર પુરોહિતે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેની 19 વર્ષીય દીકરી અભ્યાસ કરતી હતી અને ઈન્ટર્નશીપ માટે અમદાવાદ આવી હતી. આ પછી ગત 21મી મેએ તે કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી અને બીજા જ દિવસે અમદાવાદના નહેરુનગરમાં રહેતા સુરજ પરમાર નામના યુવક સાથે કોર્ટ મેરેજ કરી લીધા હતા. આ પછી પરિવારે દીકરી અને સુરજ સાથે મુલાકાત કરી તેમને સમજાવીને સંબંધો સુધારવાનો અને તેમને ઘરે આવવા આમંત્રણ આપવાનો પ્રયાસ કર્યો હતો.

## અમદાવાદ જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘ મહેર, ધંધુકા પંથકમાં ભારે પવન સાથે વરસ્યો

અમદાવાદ | અમદાવાદ જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી એકવાર ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. જિલ્લાના ધંધુકા પંથક અને તેના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. હવામાનમાં આવેલા આ પલટાના કારણે સ્થાનિક લોકોને ગરમીથી મોટી રાહત મળી છે, તો બીજી તરફ ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ધંધુકાના ઊંચડી પંથકમાં પ્રચંડ પવન સાથે ડિજીટલ આંકડા મુજબ આશરે 1.5 ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. વરસાદનું જોર એટલું વધારે હતું કે જોતજોતામાં ગામના મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. રસ્તાઓ જાણે નાની નદીઓમાં ફેરવાઈ ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

માત્ર ઊંચડી જ નહીં, પરંતુ ધંધુકા તાલુકાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘ મહેર જોવા મળી હતી. જેમાં ચંદરવા, ઊંચડી સાલાસર, બાજરડા, સરવાળ અને ઝાંઝરકાનો સમાવેશ થાય છે. આ તમામ ગામોમાં ગાજવીજ અને ભારે પવન સાથે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ભારે પવન અને ધોધમાર વરસાદના કારણે અમુક નીચાણવાળા વિસ્તારોમાં અને ખેતરોમાં પાણી ભરાઈ ગયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં અગાઉ વરસાદી રાઉન્ડ આવી ચૂક્યો હોવાથી, આ નવો વરસાદ ખેતીના પાક માટે અમુક અંશે ફાયદાકારક તો અમુક જગ્યાએ ચિંતાનો વિષય બન્યો છે. જો કે, અસહ્ય બફારા બાદ પડેલા આ વરસાદથી સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે.

# કલોલના ગાયત્રી મંદિર પાસે જુગાર રમતાં નવ શખસ ઝડપાયા

ગાંધીનગર | ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કલોલ શહેરના ગાયત્રી મંદિર પાસે આવેલા અભુજીના પરામાં દરોડો પાડીને ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ નીચે ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા નવ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા, મોબાઈલ ફોન અને ગંજીપાના સહિત કુલ રૂ. 2.78 લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.બી. વાળાની ટીમ કલોલ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, ગાયત્રી મંદિર પાસે આવેલા અભુજીના પરામાં દરોડો પાડીને ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ નીચે જુગારધામ ધમધમી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળે રેઈડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે તમામ ૯ શખસોને કોર્ડન કરીને સ્થળ પર જ દબોચી લીધા હતા.

જેમની પૂછતાછ કરતાં તેમણે પોતાના નામ અભુજી પરૂ ખાતે રહેતા અરવિંદજી રમેશજી મંગાજી ઠાકોર, ચિંતનજી ઉર્ફે કેતન પોપટજી જોઈતાજી ઠાકોર, આકાશજી મહેશજી રામાજી ઠાકોર, કિશનજી રાજુજી રામસંગજી ઠાકોર, રાજેશજી કાળાજી બાદરજી ઠાકોર અને લાલાજી બાબુજી વરસંગજી ઠાકોર, પ્રતાપપુરા ગામના પટેલવાસમાં રહેતો બ્રિજેશ દિનેશભાઈ વિરચંદદાસ પટેલ અને ધર્મેન્દ્ર ગોવિંદભાઈ મંગળદાસ પટેલ તેમજ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના વણસોલ ગામના મહાદેવવાળા વાસમાં રહેતો વિષ્ણુજી રઈજીજી વશરાજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું.

# રમરમાટ 4 કાર ટકરાઈ, ક્રેટા સળગી, CCTV : એકને ગંભીર ઈજા, ક્રેટાએ મહિન્દ્રા EVને ટક્કર મારી, જે ઈનોવાને અથડાઈ

ગાંધીનગર | ગાંધીનગરના સરખેજ હાઈવે પર ગઈકાલે(25 જૂન) મોડી રાત્રે એક હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે, જેમાં પૂરપાટ ઝડપે દોડતી ચાર લક્ઝુરિયસ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સરગાસણ બ્રિજની શરૂઆતમાં સ્વાગત મોલની બિલકુલ સામે સર્જાયેલા આ અકસ્માતમાં ચારેય વાહનોનો કુરચો બોલી ગયો હતો. આ અકસ્માતમાં 4 લોકોને ઈજા પહોંચી હતી, જેમાં એકની હાલત ગંભીર છે.

રમરમાટ આવતી ક્રેટાના ચાલકે મહિન્દ્રા EVને પાછળથી ટક્કર મારી, જે આગળ જતી ઈનોવા સાથે અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર માર્યા બાદ તુરંત જ એક હ્યુન્ડાઈ ક્રેટા કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટનાની ગંભીરતાને જોતા ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ક્રેટા કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

અકસ્માતના પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ ઈજાગ્રસ્ત યુવાનોમાંથી ત્રણ યુવકો સંપૂર્ણપણે નશાની હાલતમાં ધૂમ સ્ટાઈલમાં ગાડી ચલાવી રહ્યા હતા અને અકસ્માત સમયે ગાડીઓની સ્પીડ અંદાજે 130 કિલોમીટર પ્રતિ કલાકથી પણ વધુ હોવી જોઈએ. ગાંધીનગરમાં નશામાં ધૂત નબીરાઓએ SG હાઈવે બાનમાં લેતા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

પ્રત્યક્ષદર્શી અને ઈજાગ્રસ્તોને સમયસર હોસ્પિટલ પહોંચાડનાર યુવરાજસિંહ ભાટીએ જણાવ્યું કે, અકસ્માત સ્થળની નજીક આવેલા એક કોમ્પ્લેક્સમાં તેમની ઓફિસ આવેલી છે. મોડી રાત્રે તેઓ અને તેમના સાથી મિત્રો કામકાજમાંથી થોડો બ્રેક લઈને નીચે બેઠા હતા.તે સમયે અચાનક આશરે ત્રણસો મીટર દૂરથી એક જોરદાર અને કાન ફાડી નાખે તેવો ધડાકાભેર અવાજ સંભળાયો હતો.

અવાજ સાંભળતાની સાથે જ યુવરાજસિંહ અને તેમના મિત્રો ઘટનાસ્થળ તરફ દોડ્યા હતા. ત્યાં પહોંચીને જોયું તો ચાર લક્ઝુરિયસ કાર એકબીજા સાથે ખરાબ રીતે અથડાઈ પડી હતી અને ક્રેટા ગાડી ધાણીની જેમ સળગી રહી હતી.

આ અકસ્માતમાં ઈનોવા (GJ01JT7623), હ્યુન્ડાઈ ક્રેટા (GJ01WV4423), મહિન્દ્રા 9 ઈવી (GJ02ER7677) અને ટાટા ટિયાગો (GJ01KX9652) નો સમાવેશ થાય છે.

# જામનગરમાં મહોરમ પૂર્વે રાજકોટનો શખ્સ છરી સાથે ઝડપાયો

જામનગર | જામનગરમાં મહોરમના તહેવાર પૂર્વે પોલીસે કડક પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન કાળા કાચવાળી શંકાસ્પદ ક્રેટા કારમાંથી એક ધારદાર છરી મળી આવતા રાજકોટના એક યુવકની ધરપકડ કરવામાં આવી છે.

રેન્જ IG નિર્લિપ્ત રાય, પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને DYSP જયવીરસિંહ ઝાલાની સૂચનાથી જામનગર સીટી 'એ' ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમ મોડી રાત્રે પેટ્રોલિંગ કરી રહી હતી. PI વી.એમ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ, સુભાષ શાક માર્કેટ પાસે સજુબા ગર્લ્સ સ્કૂલ તરફથી આવતી GJ 03 PM 8607 નંબરની હ્યુન્ડાઈ ક્રેટા કારને રોકીને તલાશી લેવામાં આવી હતી.

તલાશી દરમિયાન કારમાંથી એક ધારદાર છરી મળી આવી હતી. પોલીસે કાર ચાલક અબ્દુલકાદીર ઈકબાલભાઈ શેખ (ઉંમર 20, ધંધો: મચ્છીમારી, રહે. હૈદરી ચોક, રાજકોટ)ની ધરપકડ કરી છે. પોલીસે 10 ની કિંમતની છરી અને 5 લાખની કિંમતની ક્રેટા કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાયદેસરની કાર્યવાહીમાં પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ડોડીયાએ ફરિયાદ નોંધી હતી.

# ગાંધીનગરમાં ગેસની મુખ્ય લાઈનમાં ભીષણ આગ : સ્થાનિકો પોતાના જીવ બચાવવા સુરક્ષિત સ્થળે દોડ્યા, ફાયર વિભાગની ટીમે આગ પર કાબૂ મેળવ્યો

ગાંધીનગર | ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી અકસ્માત અને અસહ્ય ગરમીના કારણે શોટ સર્કિટના લીધે આગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે આજે વધુ એક વખત શહેરના કુડાસણ અને પોર નજીક આગની ઘટના સામે આવી છે. અહીં પસાર થતી ગેસની મેઈન લાઈનમાં અચાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. આ બનાવની જાણ થતા જ ગાંધીનગર ફાયર વિભાગની ટીમો દ્વારા બે ગાડીઓ સાથે સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવી લીધો છે.

આ અંગે સાબરમતી ગેસ કંપનીના ઓપરેશનલ હેડ શાલીન પટેલે કહ્યું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગટર લાઈનના કામ દરમિયાન ગેસ પાઈપમાં લીકેજ થતા આગ લાગી હતી. આ ખોદકામની જાણકારી કોર્પોરેશન દ્વારા સાબરમતી ગેસ કંપનીને કરવામાં આવી ન હતી. સાબરમતી ગેસના અધિકારીઓ એન્ડ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગત



અનુસાર, કુડાસણથી પોર તરફ જતા માર્ગ નજીક અચાનક ગેસ લાઈનમાં કોઈ અકળ કારણોસર બ્લાસ્ટ જેવો અવાજ સંભળાયો હતો અને જોતજોતામાં ત્યાં આગની જ્વાળાઓ ઉઠવા લાગી હતી. ગેસ લીકેજ અથવા કોઈ ટેકનિકલ ખામીના કારણે આ આગ લાગી હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

ભીષણ આગના કારણે આસપાસના ધંધાદારીઓ અને સ્થાનિક લોકો પોતાના જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થળે દોડી ગયા હતા. સદનસીબે આ ઘટના સમયે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ આ આગે તંત્રની પ્રી-મોન્સૂન અને ગેસ પાઈપ સેફ્ટી કામગીરી પર ફરી એકવાર સવાલો ઊભા કર્યા છે.

આ ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. કંટ્રોલ રૂમને મેસેજ મળતાની સાથે જ ફાયર ફાઈટરની બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરી દેવામાં આવી છે. ફાયર અધિકારીઓ અને જવાનોએ સ્થળ પર પહોંચીને સૌપ્રથમ ગેસ કંપનીના સત્તાધીશોનો સંપર્ક સાધી પાઈપલાઈનનો મુખ્ય સપ્લાય બંધ કરાવવા જાણ કરી છે જેથી આગ વધુ ન પ્રસરે. હાલમાં ગેસ પુરવઠો બંધ કરાયા બાદ ફાયર ફાયટરોના કાફલાએ સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવામાં આવી રહ્યો છે. આ ઘટનાના પગલે સ્થાનિક ગેસ કંપનીના એન્જિનિયરોની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી છે. આ અંગે સ્થાનિકોનું કહેવું છે કે આ દુર્ઘટના પાછળ કોઈ બેદરકારી હતી કે કેમ તેની ઉંડાણપૂર્વકની તપાસ થવી જોઈએ. વહીવટી તંત્ર દ્વારા આવી પાઈપ લાઈનોનું કડક સેફ્ટી ઓડિટ કરવામાં આવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ઘટનાસ્થળેથી મોટો પથ્થર મળ્યો, પિતાનું મોતિયાનું ઓપરેશન થયું હોવાથી કામ પર ગયો હતો; વડોદરાના દશરથ ગામનો બનાવ

# પિતાની જગ્યાએ ડ્યુટી પર ગયેલા પુત્રની હત્યા

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા નજીકના દશરથ ગામમાં ખાનગી શોરૂમમાં ગાડીઓના વોશિંગનું કામ કરતા 42 વર્ષીય ઉમેદ ભવનભાઈ વસાવાની અજાણ્યા શખ્સોએ હત્યા કરી હોવાની પ્રાથમિક આશંકા વચ્ચે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો છે અને હત્યાના કારણો તેમજ આરોપીઓ સુધી પહોંચવા વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસે અજાણ્યા શખ્સોએ પથ્થરના ઘા મારી તેમની હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.



### પિતાના મોતિયાના ઓપરેશનને કારણે તેમની જગ્યાએ ડ્યૂટી પર ગયા હતા

મૃતક ઉમેદ વસાવા તેમના પિતાના મોતિયાના ઓપરેશનને કારણે તેમની જગ્યાએ શોરૂમમાં ડ્યૂટી પર ગયા હતા. બીજા દિવસે સવારે પરિવારજનો તેમને બોલાવવા પહોંચ્યા ત્યારે તેઓ જમીન પર બ્લેન્કેટથી ઢાંકેલી હાલતમાં મૃત મળી આવ્યા હતા. નજીકમાં એક મોટો પથ્થર પણ પડેલો હતો. પરિવારજનોએ બ્લેન્કેટ હટાવતા ઉમેદ વસાવા લોહીલુહાણ હાલતમાં જોવા મળ્યા હતા, જેને પગલે પરિવાર પર આભ ફાટી પડ્યું હતું.

### પત્ની અને 3 સંતાનો નિરાધાર

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં સ્થળ પર ઉમટી પડ્યા હતા. પોલીસને જાણ કરવામાં આવતા અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને પંચનામાની કાર્યવાહી સાથે તપાસ શરૂ કરી હતી. મૃતકના પરિવારમાં પત્ની, 3 સંતાનોનો સમાવેશ થાય છે. પરિવારે હત્યારાઓને તાત્કાલિક ઝડપી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે હત્યાના કારણો અને સંડોવાયેલા આરોપીઓ સુધી પહોંચવા વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### 'તમે બે દિવસ ઘેર આરામ કરો, હું બધું સાચવી લઈશ'

મૃતકના પિતા ભવાન વસાવાએ જણાવ્યું હતું કે, હમણાં મેં આંખનું ઓપરેશન કરાવ્યું છે, એટલે ઉમેદે મને કીધું હતું કે, તમે બે દિવસ ઘેર આરામ કરો, હું બધું સાચવી લઈશ. એટલે એ એના હિસાબે બધું સંભાળતો હતો. એક રાત તો બરાબર ગઈ, પણ આ બીજી રાત્રે આ ઘટના બની ગઈ. હવે રાત્રે શું થયું એ તો મને ખબર નથી. મને તો સવારમાં ખબર પડી. આમ તો એ રોજ સવારે 6 વાગ્યે ઊઠીને, મોટર ચાલુ કરી, નાહી-ધોઈને 6:30 વાગ્યા સુધીમાં અહીં આવી જતો હતો. પણ આજે મોડું થયું એટલે મેં એની દીકરીને કહ્યું કે, 'એ હજી ઊંઘી રહ્યો લાગે છે, એને નોકરીએ જવાનું છે. તમે લોકો જાવ અને એને જગાડો. દીકરી એને જગાડવા ગઈ, ત્યારે તે ઓઢીને સૂતો હતો. જ્યારે એણે ઓઢેલું કપડું ખસેડ્યું અને જોયું, તો બધે લોહી-લોહી હતું.

## સુરત, નર્મદા, અમરેલી, ભાવનગર સહિતના જિલ્લાઓમાં હળવા વરસાદની શક્યતા



ગુજરાતમાં સત્તાવાર ચોમાસાનું આગમન થઈ ગયું છે. છેલ્લા 24 કલાકમાં 8 તાલુકામાં મેઘમહેર થઈ છે, જેમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં સૌથી વધારે 16 મીમી (0.63 ઈંચ) વરસાદ ખાબક્યો છે, જ્યારે વલસાડના ઉમરગામમાં 1 મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા આગામી 1 જુલાઈ સુધી ગુજરાત રિજીયન અને સૌરાષ્ટ્ર રિજીયનના બંને વિસ્તારો માટે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, ત્યારે આજે 26 જૂનના રોજ ગુજરાતમાં વરસાદનું જોર થોડું ઘટશે. નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ તેમજ અમરેલી સહિત સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો (ભાવનગર, ગીર સોમનાથ, દીવ)માં જ હળવો વરસાદ રહેશે, જ્યારે ઉત્તર ગુજરાતમાં હવામાન સૂકું થઈ જશે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફ ફૂંકાશે અને પવન તેજ રહેશે.



રસોઈ બનાવતી વખતે ગરમ ચોખાના તપેલાનું ઢાંકણું ખોલવા જતાં એક વર્ષના બાળકના બંને હાથ પર ગરમ ચોખા પડતાં તે ગંભીર રીતે દાઝી ગયો હતો

## કરજણમાં રસોઈ વખતે ગરમ ચોખાથી દાઝી ગયેલા એક વર્ષના બાળકનું લાંબી સારવાર બાદ મોત

વડોદરા : વડોદરા જિલ્લાના કરજણમાં એક ચોંકાવનારો અને માતા-પિતા માટે લાલબતી સમાન કિસ્સો સામે આવ્યો છે. રસોઈ બનાવતી વખતે ગરમ ચોખાના તપેલાનું ઢાંકણું ખોલવા જતાં એક વર્ષના બાળકના બંને હાથ પર ગરમ ચોખા પડતાં તે ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને સારવાર માટે કરજણ અને બાદમાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું, આ મામલે કરજણ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કરજણમાં રહેતા દિલીપ દેવીપુજકના પત્ની 14 જૂને ઘરે રસોઈ તૈયાર કરી રહ્યાં હતાં. તેમનો એક વર્ષનો પુત્ર ધનરાજ બાજુમાં જ રમી રહ્યો હતો. રમતાં-રમતાં બાળક ગરમ ચોખાના તપેલા પાસે પહોંચી ગયો અને ઢાંકણું ખોલવાનો પ્રયાસ કરતાં ગરમ ચોખા તેના બંને હાથ પર પડી ગયા, જેના કારણે તે ગંભીર રીતે દાઝી ગયો હતો.

પરિવારે તાત્કાલિક ધનરાજને પ્રથમ કરજણની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે તેને સયાજી હોસ્પિટલ રિફર કરવામાં આવ્યો. જોકે, ત્યાં તે જીવન-મરણની લડાઈ હારી ગયો હતી. આ મામલે કરજણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મહિલાના પર્સમાંથી બે જોડ સોનાની બુટ્ટી, એક સોનાની વીંટી મળી



(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી જ્વેલર્સમાંથી સોનાના દાગીનાની ચોરી કરનાર મહિલાને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી હતી. ફતેગંજ પોલીસે CCTV ફૂટેજ અને બાતમીના આધારે કાર્યવાહી કરી આરોપી પાસેથી 62 હજાર રૂપિયાની કિંમતના સોનાના દાગીના કબજે કર્યા છે.

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારની મહાલક્ષ્મી જ્વેલર્સમાં ચોરીની મહિલાને ઝડપી પાડવા પોલીસે દુકાન અને આસપાસના લગભગ 35 જેટલા CCTV કેમેરાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ઓરેન્જ રંગની સાડી પહેરેલી અને હાથમાં પર્સ ધરાવતી મહિલાની ઓળખ થઈ હતી.

પોલીસે ગણપતિ ચોકડી નજીકથી મહિલાને ઝડપી પાડી હતી. મહિલા પોલીસ કર્મચારીઓએ તપાસ કરતાં તેના પર્સમાંથી બે જોડ સોનાની બુટ્ટી અને એક સોનાની વીંટી મળી આવી હતી. પૂછપરછ દરમિયાન મહિલાએ મહાલક્ષ્મી જ્વેલર્સમાંથી દાગીના ચોર્યાની કબૂલાત કરી હતી. પોલીસે સંગીતાબેન રાજુ મહીડાની ધરપકડ કરી તેની પાસેથી રૂ.62 હજારના સોનાના દાગીના કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરામાં ત્રણ મહિલાઓએ મેકઅપના બહાને પાર્લરમાં ઘુસી સંચાલિકાને હિપ્નોટાઈઝ કરી

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા ગેંડીગેટ વિસ્તારમાં અંધશ્રદ્ધા અને સંમોહનનો લાભ લઈને ધોળા દિવસે લૂંટ આચરવામાં આવી હોવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક બ્યુટી પાર્લરની મહિલા સંચાલિકાને ત્રણ અજાણી મહિલાઓએ જોગણી માતાના આશીર્વાદ આપવાના અને 'નાગ-નાગિનનો દોષ' નિવારવાના બહાને પોતાની વાતોની જાળમાં ફસાવી હતી. ત્યારબાદ મહિલા પર સંમોહન જેવી અસર કરીને તેની પાસેથી સોનાનું કિંમતી મંગળસૂત્ર અને ગલ્લામાં રહેલી રોકડ રકમ પડાવીને આ ઠગ ટોળકી પલાયન થઈ ગઈ છે. આ ચકચારી ઘટનાને પગલે સ્થાનિક વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



બનાવની વિગત એવી છે કે, ગેંડીગેટ વિસ્તારમાં આવેલા 'નવ્યા બ્યુટી પાર્લર'ના સંચાલિકા હેતલબેન હિતેશભાઈ દરરોજની જેમ પોતાના પાર્લર પર હાજર હતા. તે સમયે ગ્રાહકના વેશમાં ત્રણ અજાણી મહિલાઓ પાર્લરમાં આવી પહોંચી હતી. શરૂઆતમાં આ ત્રણેય મહિલાઓએ મેકઅપ, હેરસ્ટાઈલ અને અન્ય બ્યુટી સર્વિસના ભાવો તેમજ વિવિધ પેકેજ અંગે ખૂબ જ સામાન્ય રીતે વાતચીત કરી હતી. આ મીઠી-મીઠી વાતો દ્વારા તેમણે પાર્લરના સંચાલિકાનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. વિશ્વાસ કેળવ્યા બાદ તેમાંથી મુખ્ય મહિલાએ અચાનક ધાર્મિક વાતો શરૂ કરી હતી અને પોતાને જોગણી માતાનો સદ (ધૂણવું) આવતો હોવાનો સ્વાંગ રચ્યો હતો. તેણીએ હેતલબેનને ડરાવતા અને લલચાવતા કહ્યું કે, 'તમારા પાર્લર પર માતાજીના અસીમ આશીર્વાદ છે પરંતુ, સાથે-સાથે તમારા પર મોટો નાગ-નાગિનનો દોષ નડી રહ્યો છે.

## ગોધરા સિગ્નલ ફળીયા ગેંગ સામે ગુજસીટોક કેસ:આરોપી વસીમના 10 દિવસના રિમાન્ડ મંજૂર

વડોદરા : પશ્ચિમ રેલવે વડોદરા પોલીસે ગોધરાની સિગ્નલ ફળીયા ગેંગના 12 સાગરીતો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી હતી. આ ગેંગ ટ્રેનનું સિગ્નલ બદલી નાખતા હતાં. આ ઉપરાંત બે કોચ વચ્ચેનો વાલ્વ ખોલી એર પ્રેશર ઓછું કરી નાખતા અને ટ્રેન ધીમી પડ્યા બાદ ટ્રેન ગુડ્સ ટ્રેનમાંથી માલ-સામાનની અને પેસેન્જર ટ્રેનમાંથી મુસાફરોના કિંમતી માલ-સામાનની ચોરી કરતા હતા. આરોપી વસીમ ઉર્ફ ટપલા ભટુકની ગોધરા સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરવોરંટના આધારે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આજે ગુજસીટોક સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે આરોપીના 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ટ્રેન ઉથલાવી નાખવાનો પણ પ્રયાસ કરતા આ સંગઠિત ગુનાહિત ટોળકી દ્વારા છેલ્લા 10 વર્ષમાં આચરવામાં આવેલા કુલ 31 ગુનાઓમાંથી, 29 ગુનાઓ ત્રણ વર્ષ કે તેથી વધુ કેદની સજાને પાત્ર છે, જે ગુજસીટોક કાયદા હેઠળ ગુનાહિત ટોળકીની વ્યાખ્યામાં આવે છે. આ ગેંગ રેલ્વે ટ્રેકના બંને પાટાઓને જોડતી ફિશર પ્લેટને નુકસાન પહોંચાડી અથવા કાઢી નાખીને ટ્રેન ડિરેલમેન્ટ થાય તેવા કૃત્યો પણ કરે છે, જેનાથી પેસેન્જર ટ્રેનના મુસાફરોના જાનમાલને ગંભીર નુકસાન થાય છે અને તેમના સામાનની ચોરી કે લૂંટ કરવામાં આવે છે. આરોપીઓની મોડસ ઓપરેન્ડી રેલવે લાઈન પર સ્ટેશનથી અડધો કિલોમીટર દૂર આવેલા આઉટર સિગ્નલ કે હોમ સિગ્નલના થાંભલા પાસેના ઈલેક્ટ્રિક બોક્સમાં ધાતુનો ટુકડો મૂકીને સિગ્નલ લાઈટને લાલ કરી દે છે. આના કારણે ટ્રેનના લોકોપાયલોટને સિગ્નલ ન મળવાથી ટ્રેન ધીમી પડે છે અથવા ઊભી રહે છે.

### યુવકે બ્રિજ પરથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો

## રાહદારીઓએ બચાવીને પોલીસને સોંપ્યો; લખનઉથી આવ્યો હતો, કામ ફાવતું ન હોવાથી નાસીપાસ થઈ ગયો હતો

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા દરબાર ચોકડી બ્રિજ પર એક યુવક દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. વીડિયોમાં યુવક બ્રિજ પરથી કૂદવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો. જ્યારે આસપાસ હાજર લોકો તેને રોકવા અને સમજાવવાના પ્રયાસો કરતા નજરે પડ્યા હતા. આ ઘટનાને પગલે માંજલપુર પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

ઘટનાસ્થળે હાજર લોકોએ યુવકને શાંતિથી સમજાવી તેને આ પગલું ભરતા અટકાવવાના પ્રયાસો કર્યા હતા. કેટલાક લોકોએ વાતચીત કરીને તેને બ્રિજની રેલિંગ પરથી નીચે ઉતાર્યો હતો અને માંજલપુર પોલીસને સોંપ્યો હતો. પોલીસે તેનું કાઉન્સેલિંગ કર્યું હતું.

ACP પ્રણવ કટારીયાએ જણાવ્યું હતું કે, બુધવારે(24 જૂન) મોડી રાત્રે માંજલપુર દરબાર ચોકડી બ્રિજ પાસે એક સચિન ચૌહાણ નામનો વ્યક્તિ આવતા-જતા વાહનોને રોકવાનો પ્રયત્ન કરતો હતો. ત્યાંથી પસાર થતા રાહદારીઓએ તેને આ અંગે પૂછતાં તે કંઈક વિચિત્ર વર્તન કરી રહ્યો હતો. જેથી રાહદારીઓ તેને સુરક્ષા ખાતર પોલીસ સ્ટેશને લઈ આવ્યા હતા. પોલીસ સ્ટેશન ખાતે તે વ્યક્તિનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને પ્રાથમિક પૂછપરછ કરવામાં આવી છે. જેમાં જાણવા મળ્યું કે તે પી.ઓ.પી.નું કામ શીખવા માટે લખનઉથી વડોદરા આવ્યો હતો. તે મકરપુરા ખાતે રહેતા કોન્ટ્રાક્ટર આનંદ પ્રજાપતિ પાસે આ કામ શીખી રહ્યો હતો. અમે આ બાબતે તેના કોન્ટ્રાક્ટરને પોલીસ સ્ટેશન બોલાવીને તપાસ કરી હતી. કોન્ટ્રાક્ટર દ્વારા જાણવા મળ્યું કે સચિનને અહીં કામ ફાવતું ન હતું, જેના કારણે તે ખૂબ જ ફ્રસ્ટ્રેટેડ થઈ ગયો હતો. તેની આ પરિસ્થિતિને કારણે જ તે બ્રિજ પર આવું વર્તન કરીને આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરતો હોય તેવું લાગ્યું હતું. ત્યારબાદ સચિનને પૂછતાં તેણે પણ જણાવ્યું કે તેને હવે તેના ઘરે પરત જવું છે.



### રસોડાના ભોંયરામાંથી લાખોનો દારૂ નીકળ્યો

## ઝોન-3 LCB પોલીસને એક-એક બોટલ કાઢતા પસીનો છુટ્યો

(એજન્સી) વડોદરા । તા. 26

આજ કાલ શહેરમાં દારૂનો વેપલો ચલાવવા માટે બુટલેગરો અવનવા કીમિયા અપનાવી રહ્યા છે.

ત્યારે વડોદરા શહેર LCB ઝોન-3ની ટીમ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ઘરમાં ગુપ્ત ભોંયરુ બનાવી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી વેચાણ કરતા હોવાની બાતમી આધારે રેડ કરતા 3 લાખથી વધુમાં મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો જ્યારે એક આરોપી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

LCB ઝોન 3ને મળેલી બાતમી આધારે શહેરના વાઘોડિયા રોડ પર આવેલી જાનકી ડુપ્લેક્ષ સોસાયટીમાં રેડ કરી હતી.

પોલીસે જ્યારે આરોપીના મકાનમાં દરોડો પાડ્યો ત્યારે ઘરમાં બનાવેલા એક ગુપ્ત ભોયરામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ 24 બ્રાન્ડની કુલ 322 બોટલો મળી આવી હતી. પોલીસે આ મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે કરેલી કાર્યવાહીમાં ઝડપાયેલ આરોપી શૈલેષભાઈ કહાર (ઉં.વ. 44), રહેવાસી- એ/11 જાનકી ડુપ્લેક્ષ સોસાયટી, ડી-માર્ટ પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા શહેર)ને ઝડપી પડ્યો હતો. આ કાર્યવાહીમાં ચેતન કહાર (રહેવાસી- સ્લમ ક્વાટર્સ, નાલંદા પાણીની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા શહેર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. આરોપી પાસેથી કુલ રૂપિયા 3,37,084 લાખના મુદ્દામાલ સાથે ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રૂપારેલ કાંસની ચેનલમાં અસહ્ય ગંદકી, અધિકારીએ કહ્યું- ચેનલ સાફ કરતા હજુ એક અઠવાડિયુ લાગશે



ચોમાસુ માથે આવીને ઊભું છે એવામાં વડોદરા મહાનગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. શહેરમાં મોટી-મોટી કાંસની સફાઈ ઉપર ઉપરથી કરી દેવામાં આવી છે પરંતુ, તેની ચેનલની સાફ-સફાઈ હજુ બાકી હોવાનું જણાઈ રહ્યું છે. શહેરના અનેક એવા વિસ્તાર છે જ્યા હજુ પણ સાફ સફાઈનો અભાવ જોવા મળી રહ્યો છે. વડોદરા કોર્પોરેશન દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર બયાન કરે છે. હાલમાં જ કાંસો વિસ્તારની વરસાદી ચેનલની સફાઈમાં કોર્પોરેશનનું લોલમલોલ અને ઘોર બેદરકારી સામે આવી છે. ખાસ કરીને રૂપારેલ કાંસની વરસાદી ચેનલની સફાઈની કામગીરીમાં કોર્પોરેશન તદ્દન ઉણું ઉતર્યું છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### દશરથ ભરત એસ્ટેટમાં ગોડાઉનમાં ભીષણ આગ

## લાકડાના પેલેટ મટિરિયલમાં લાગેલી આગ પવનના કારણે વિકરાળ બની

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા નજીક દશરથ ભરત એસ્ટેટમાં એક ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. આગ ઈમ્પોર્ટ-એક્સપોર્ટ માટે વપરાતા લાકડાના પેલેટના મટિરિયલમાં લાગી હતી. અચાનક આગ લાગતાં સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. આ લાકડાના વેરહાઉસમાં ખુલ્લામાં રો મટિરિયલ સંગ્રહિત હતું. જ્યારે પવનની ગતિ હોવાના કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસ વિભાગને તાત્કાલિક સૂચના આપવામાં આવી હતી. ટીપી-13, પાણીગેટ, વાડીવાડી અને ERC સહિત વડોદરાના ચાર ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમોએ સતત 6 કલાક સુધી કામગીરી કરીને આગને કાબૂમાં લાવી હતી. છ કલાકની ભારે મહેનત અને જહેમત પછી આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.



આગની ઘટના સમયે સ્થળ પર ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ 112 ઈમર્જન્સી ટીમો પણ પહોંચી ગઈ હતી. આગ એટલી પ્રચંડ હતી કે આસપાસના વિસ્તારના લોકો પણ દોડી આવ્યા હતા. પ્રાથમિક અંદાજ મુજબ આગમાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાની આશંકા છે. સારી વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

આ અંગે ગોડાઉન માલિક ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, અહીંયા મજૂરો કામ કરતા હતા ત્યારે અચાનક આગ લાગી હતી. કઈ રીતે આગ લાગી તે ખબર નથી. તેઓએ જ ફાયરને જાણ કરી હતી. પવન વધુ હોવાથી આગ વિકરાળ બની હતી. કોલ આપ્યાના પોણા કલાકે ફાયર પહોંચી હતી અને બાદમાં અન્ય ગાડી 20 મિનિટે આવી હતી. જો ફાયરની ટીમો વહેલી આવી હોત તો આગ ઝડપથી કંટ્રોલમાં આવી હોત.

### અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં નવી નિમણૂકો

## પોલીસ વિભાગના 42 જુનિયરનું સિનિયર ક્લાર્ક તરીકે પ્રમોશન

(એજન્સી) વડોદરા । તા. 26

ગુજરાત પોલીસ વિભાગમાં વહીવટી સ્તરે મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે. પોલીસ મહાનિર્દેશક (DGP) કચેરી દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ રાજ્યભરના 42 જુનિયર ક્લાર્કને બઢતી આપીને સિનિયર ક્લાર્ક (વર્ગ-3) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બઢતી સાથે કર્મચારીઓને વિવિધ જિલ્લા પોલીસ કચેરીઓ, પોલીસ તાલીમ સંસ્થાઓ અને વિશેષ એકમોમાં નવી નિમણૂક આપવામાં આવી છે.



આ અધિકારીઓને સાતમા પગાર પંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ-4ના રૂ. 25,500થી 81,100ના પગારધોરણમાં સિનિયર ક્લાર્ક તરીકે બઢતી આપવામાં આવી છે. આદેશમાં સ્પષ્ટ કરાયું છે કે બઢતી પામેલા અધિકારીઓએ નિર્ધારિત સમયમર્યાદામાં નવી જગ્યાએ હાજર થવું પડશે.

બઢતી પામેલા અધિકારીઓને અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, ગાંધીનગર, સુરત શહેર, સુરત ગ્રામ્ય, નર્મદા, અરવલ્લી, પોરબંદર, મહીસાગર, નવસારી, ભાવનગર સહિતના જિલ્લાઓમાં નિયુક્તિ આપવામાં આવી છે. કેટલાક અધિકારીઓને ATS, SRP ગ્રુપ, મરીન ટાસ્ક ફોર્સ અને પોલીસ તાલીમ કેન્દ્રોમાં પણ પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**
મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે .

**મિથુન : ક. છ. ઘ.**
તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે.

**કર્ક : ડ. હ.**
તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.

**સિંહ : મ. ટ.**
આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**
ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે.

**તુલા : ર. ત.**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**
ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે- તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**મકર : ખ. જ.**
રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**
આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે.

**મીન : દ.ચ. ઝ. થ.**
એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે .

### પઠાણ સાહેબનું કચ્છી પાઘડીથી સન્માન, ભુલકાઓને શિક્ષણ કિટનું વિતરણ

# નરા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

લખપત તાલુકાના નરા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026 અંતર્ગત ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગાંધીનગરથી પધારેલા ઉચ્ચ અધિકારી શ્રી પઠાણ સાહેબનું કચ્છી પાઘડી પહેરાવી ઉષ્માભેર સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સીઆરસી કો-ઓર્ડિનેટર પંકજભાઈ, બીઆરસી જીગરભાઈ, સત્યેસ કંપનીના પ્રકાશ સાહેબ, તાલુકા સભ્ય જેઠાભાઈ મહેશ્વરી, નરા હાઈસ્કૂલના આચાર્ય રણજિતસિંહ જાડેજા, પ્રાથમિક શાળાના આચાર્ય પ્રતીક્ષાબેન ગવળી, ધર્મિષ્ઠાબેન, નિખીલ સાહેબ, દેસાઈ સાહેબ, સોલંકી સાહેબ, સોયબ મુતવા સાહેબ તેમજ ગામના અગ્રણી શંકર મહેશ્વરી, વિશ્રામભાઈ ખોખર, ઓસમાણભાઈ થઈમ, મેકુભાઈ સમેજા, આમીરઅલી થઈમ સહિત બહોળી સંખ્યામાં વાલીગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન બાલવાટિકા અને આંગણવાડીના ભુલકાઓને શ્રી પઠાણ સાહેબના હસ્તે શિક્ષણ કિટનું વિતરણ કરી શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.





ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને નિયમિત શિક્ષણ મેળવવા, ગુણવત્તાયુક્ત અભ્યાસ કરવા અને ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમના અંતે સૌના સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે ગામના અગ્રણી શંકર મહેશ્વરીએ જણાવ્યું હતું કે, "શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે. દરેક બાળકને શિક્ષણનો લાભ મળે અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વાલીઓ, શિક્ષકો અને સમાજે સંયુક્ત પ્રયાસો કરવા જોઈએ. શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો શિક્ષણ પ્રત્યે જાગૃતિ અને બાળકોમાં ઉત્સાહ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે."

### લાભાર્થીઓ નારાજ

## ઘોઘારોડ પર સાત વર્ષે પણ આવાસ સોંપવામાં આવ્યા નથી

ભાવનગર : ભાવનગર શહેરના ઘોઘારોડ પર પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી ઘણાં વર્ષથી ચાલી રહી છે અને હજુ સુધી લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવ્યા નથી તેથી લાભાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (૨૪૮૯-ઈડબલ્યુએસ-૧) ના ટી.પી. સ્કીમ નં. ૦૩, રૂવા, ફા. પ્લોટ નં. ૯૮ (ફાતીમા કોન્વેન્ટની પાછળ, ઘોઘા રોડ) ખાતેના આવાસોના લાભાર્થીઓને આવાસ સોંપવામાં નહીં આવતા નારાજગી જોવા મળી રહી છે. આ આવાસ યોજના અંતર્ગત ગત તા. ૧૭ ફેબુરઆરી-૨૦૧૯ ના રોજ કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો કરીને અમને નિયત લાભાર્થી તરીકે આવાસ (ફ્લેટ) ની ફાળવણી કરવામાં આવી હતી. લાભાર્થીઓએ આવાસની કુલ રકમ રૂા. ૩ લાખ તથા અન્ય મેઈન્ટેનન્સ ડિપોઝીટની રકમ મહાનગરપાલિકામાં નિયમિતપણે જમા કરાવી દીધેલ છે. કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો થયાને અને નાણાં ઉઘરાવ્યાને આજે અંદાજીત ૦૭ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી આવાસ યોજનાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. મહાપાલિકા દ્વારા આવાસની સોંપણી કરવામાં આવતા નહીં આવતા લાભાર્થીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે અને લાભાર્થીઓએ તાજેતરમાં મહાપાલિકાના કમિશનરને તત્કાલ યોગ્ય પગલા લેવા રજૂઆત પણ કરી છે. લાભાર્થીઓને નુકશાન ગયુ છે તેનુ વળતર આપવા સહિતની માંગણી કરવામાં આવી છે. યોગ્ય પગલા લેવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચિમકી આપી છે.

## ઝુરા કેમ્પ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ભુજ તાલુકાના ઝુરા કેમ્પ ગામ ખાતે શ્રી ઝુરા કેમ્પ પ્રાથમિક શાળામાં ગુરુવારના રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026 ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ શિક્ષણના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. સાથે પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો.



કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી તરીકે નવઘણસિંહ મોતીજી સોઢા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે તાલુકા પંચાયતના સદસ્ય હઠુભા જાડેજા, ઝુરા હાઈસ્કૂલના આચાર્ય અશ્વિનસિંહ વાઘેલા, કરશનભાઈ ચૌધરી, ઝુરા ગામના સરપંચ તુષારભાઈ ભાનુશાલી, ઝુરા કેમ્પ ગામના સરપંચ ભગવાનસિંહ સોઢા, ATVT ભુજ તાલુકાના સભ્ય નવઘણસિંહ સોઢા તથા ધનજીભાઈ ભાનુશાલી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવી નિયમિત અભ્યાસ, સંસ્કાર અને પર્યાવરણ જાળવણી માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ હાજર રહ્યા હતા.

## બોટાદ શહેર-જિલ્લામાંથી 80 જુગારીઓ ઝડપાયા

ભાવનગર : બોટાદ શહેર અને જિલ્લામાં ભીમ અગિયારસના દિવસે જુગારની બાજી માંડીને જુગાર રમતા કુલ ૮૦ જુગારીઓને બોટાદ પોલીસે કુલ રૂ.૧,૩૦,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જિલ્લાના સાત પોલીસ મથકમાં અલગ-અલગ ૧૭ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.બોટાદમાં ભીમ અગિયારસના દિવસો દરમિયાન જુગારની બાજી માંડીને બેસેલા જુગારીઓ પર પોલીસે કાર્યવાહી કરી છે. જેમાં બરવાળા પોલીસે જુગારના બે બનાવમાં પાંચ શખ્સને રૂ.૨૪૨૦ના મુદ્દામાલ સાથે, બોટાદ પોલીસે જુગારના પાંચ બનાવોમાં ૨૯ જુગારીઓને કુલ રૂ.૪૬,૩૧૦ના મુદ્દામાલ સાથે તથા બોટાદ ગ્રામ્ય પોલીસે જુગારના બે બનાવમાં પાંચ શખ્સને કુલ રૂ.૧૩૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ અલગ-અલગ ગુના નોંધ્યા છે. ઉપરાંત ઢસા પંથકમાં ઢસા પોલીસે જુગારના ચાર બનાવમાં ૧૮ શખ્સને કુલ રૂ.૩૫,૨૫૦ના મુદ્દામાલ સાથે, ગઢડા પોલીસે જુગારના બે બનાવોમાં ૧૩ શખ્સને ૨૧,૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુદી-જુદી ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ પાળિયાદ પોલીસે ૭ જુગારીઓને કુલ રૂ.૧૧,૨૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે. જ્યારે રાણપુર પોલીસ મથક વિસ્તારમાં રાણપુર પોલીસે ત્રણ જુગારીઓને કુલ રૂ.૧૨,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે. આમ, બોટાદ શહેર અને જિલ્લામાં બોટાદ પોલીસે કુલ ૧૭ બનાવોમાં ૮૦ જુગારીઓને કુલ રૂ.૧,૩૦,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જિલ્લાના ૭ પોલીસ મથકમા અલગ-અલગ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પોર્ટલની ખામીથી ૩૫ અરજી પેન્ડિંગ

## ગઢડામાં જન્મ મરણના દાખલા માટે અરજદારો પરેશાન




ગઢડા : ગઢડા શહેરમાં રહેતા નાગરિકો સરકારી કામગીરી માટે ખાસ જરૂરી જન્મ અને મરણના દાખલા મેળવવા માટે ભારે હાલાકી વેઠી રહ્યા છે. દાખલા કાઢવા માટેની પ્રક્રિયામાં ફેરફાર થતા જિલ્લા કક્ષાએથી કરાતી કામગીરીના કારણે કામનું ભારણ વધવા ઉપરાંત પોર્ટલની વિસંગત ખામીના કારણે દાખલાની કામગીરી ટલ્લે ચડી રહી હોવાનું જાણવા મળેલ છે.

હાલમાં જન્મ-મરણના દાખલા કાઢવા અને સુધારા બાબતની ૧૨૦ જેટલી અરજીઓ નગરપાલિકા હસ્તક પડતર છે. જેના માટે સી.આર.એસ પોર્ટલનો અમલ થયા પછી પોર્ટલના ઘણા પ્રશ્નો આવી રહ્યા હોવાનું કારણભૂત છે. જેના કારણે કોમ્પ્યુટર ઓપેરટરની આઇ.ડી. બનાવવા છતાં આઈ.ડીમાં જુના જન્મ મરણ નોંધની એન્ટ્રી, સુધારા વિગેરે વિકલ્પ અપાયો નથી. ફક્ત નવજાત બાળકના નામની એન્ટ્રી થઇ શકે તેવી સ્થિતિ છે. ઉપરાંત સરકારની નવી ગાઇડલાઇન મુજબ હાલ સબ રજીસ્ટ્રારની આઇ.ડી માંથી સુધારા વધારા તથા જુની એન્ટ્રીની નોંધ વેરીફીકેશન માટે જિલ્લા રજીસ્ટ્રારની આઈ.ડીમાં એપ્રુવલ માટે ટ્રાન્સફર થાય છે. જેના કારણે છેલ્લા ૧૫ દિવસમાં ૩૫ અરજીઓ તે આઈ.ડીમાં પેન્ડીંગ હોવાનું જાણવા મળ્યું છે. આ આઇ.ડી. માંથી દાખલાની વિનંતી રીજેક્ટ કરાયછે. પરંતુ શા કારણથી રિજેક્ટ કરવામાં આવે છે તેનો ઉલ્લેખ દર્શાવાતો નથી. જેના કારણે અરજદારો અવાર નવાર જન્મ અને મરણના પ્રમાણપત્ર મેળવવા માટે આવતા હોય કામ સમય મુજબ નહીં થવાથી અને લોકોને ધક્કા થવાથી અરજદારો અને કર્મચારી વચ્ચે ઘર્ષણની પરિસ્થિતિ ઉભી થવા પામે છે. ત્યારે લોકો માટે અત્યંત જરૂરી કામગીરીના યોગ્ય નિરાકરણ માટે જિલ્લાના જવાબદાર અધિકારીઓ તરફથી તાકીદે પગલા લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### દાઠા પોલીસ મથકમાં બે શખ્સ સામે ગુનો નોંધાયો

# ઉંચડી ગામની સીમમાં એનર્જી કંપનીના કર્મચારીઓને ખંડણી લેવાના ઈરાદે ધમકી

(એજન્સી) ભાવનગર | તા.26

તળાજા તાલુકાના ઉંચડી ગામની સીમમાં એનર્જી કંપનીના વીજ લાઈનમાં નુંકસાન કરી ખંડણી લેવાના ઈરાદે કંપનીના કર્મચારીઓને ધમકી આપનારા બે શખ્સ સામે તળાજા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. મોરબીના વતની અને હાલ તળાજામાં રહેતા કેપી એનર્જી કંપનીના પ્રોજેક્ટ મેનેજર યાસીનભાઈ આહમદભાઈ ચૌધરીએ દાઠા પોલીસ મથકમાં જગદીશ લખમણભાઈ ખેર અને કરણ લખમણભાઈ ખેર (બન્ને રહે.ઉંચડી) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત ઈસમો કેપી એનર્જી કંપનીના અધિકૃત વેન્ડર એફઆર એન્ડ કંપની પાસેથી ખંડણી લેવાના ઈરાદે છેલ્લા ત્રણેક માસથી અવાર-નવાર બેડકી-ફુલસરની ૩૩ કેવી ભારે વીજ પ્રવાહની સોલાર વીજ લાઈનમાં સાંકળ ફેંકી ટ્રીપિંગ કરી વીજ લાઈનના તાર તોડી અત્યાર સુધીમાં કુલ રૂ.૬૪,૦૨,૯૬૨નું નુકસાન કરી, તેમજ તેમની કંપનીના માણસોને રિપેરિંગ સાઈટ પર જતાં અટકાવી ધમકી આપતા હતા. આ અંગે દાઠા પોલીસે ગુનો નોંધ્યો છે.



## કર્મયોગી માસ્ટર ટ્રેનર્સ તાલીમ વર્ગ.

| કમલેશ પટેલ | સંખેડા

જિલ્લા વહીવટી તંત્ર છોટાઉદેપુર દ્વારા પંચાયત વિભાગના વર્ગ 3 અને 4ના કર્મચારી ને કર્મયોગી તાલીમ આપવાના ભાગ રૂપે જિલ્લાના તાલુકામાંથી 2-2 નામો પસંદ કરી તાલુકા કક્ષાના કુલ 14 ટ્રેનર્સ નક્કી કરી તેઓને સંકલન હોલ કલેકટર કચેરી છોટાઉદેપુર ખાતે શ્રી જયેશભાઈ પટેલ જિલ્લા આયોજન અધિકારી, શ્રી ઉમેશભાઈ શુક્લા જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી અને વિશેષ માર્ગદર્શક એવા શ્રી એસ.ડી.ગોકલાની સાહેબ RAC છોટાઉદેપુર સહ શ્રી રામદેવભાઈ ના. મામ.દ્વારા કર્મયોગીની તાલીમ આપવામાં આવી. જેઓ આગામી સમયમાં તાલુકા લેવલે પંચાયત કચેરીના વર્ગ 3 અને 4 ના કર્મચારી ને તાલીમ આપશે. અને સંખેડા તાલુકામાંથી અલ્પેશ રાવલ અને જૈમિન પટેલ સીઆરસી ઓ ને પસંદ કરવામાં આવ્યા .

### સત્તાધીશો પાણી માટે પાણી બતાવે તેવી લોકોમાં માંગ

## બરવાળામાં 6 દિવસથી પાણીનો દેકારો

(એજન્સી) ભાવનગર | તા.26

બરવાળાની જનતાને છતે પાણીએ પાંચથી છ દિવસથી તરસ્યા રહેવાનો વારો આવ્યો છે.છ દિવસથી પાણી ન મળતા નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે. નગરપાલિકાના સત્તાધીશો પાણી માટે પાણી બતાવે તેવી લોકમાંગ ઉઠવા પામેલ છે.બરવાળા નગરપાલિકાના નવનિયુક્ત સત્તાધીશોની અણઆવડતને પરિણામે બરવાળાની જનતા પાંચ છ દિવસથી પાણીનો જથ્થો પુરતો હોવા છતાં પાણી વીના તરસી રહી છે. નગરજનોને પાણી પુરૂ પાડતા યુનિટમાં મોટર બળી જવાના કારણે પાણી વિતરણની વ્યવસ્થા પાંચ દિવસથી સદંતર ઠપ્પ થઈ ગઈ છે.કાળઝાળ ગરમી અને ઉકળાટના વાતાવરણ વચ્ચે બરવાળાની જનતા પાણીનો કકળાટ કરી રહી છે. મોટર બળી જાય અને પાણી પુરવઠો અટકી જાય તેવા સંજોગોમાં બરવાળા નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા ન કરાતા લોકો ભારે પરેશાન થઈ રહ્યા છે. આમ, માત્ર વિકાસની વાતો કરી કાગારોળ મચાવતા નેતાઓ પાણીની વિકટ સમસ્યા માટે પાણી બતાવે તેવી લોકમાંગ ઉઠી છે. પાણીની તંગીના કારણે પશુપાલકો પણ ભારે નારાજ થયા છે. પશુઓને પણ પાણી પાવા માટે દૂર દૂર લઈ જવા પડે છે. પાલિકાના સત્તાધીશો જાગે અને તાત્કાલિક લોકોને પાણી મળે તે માટે ચિંતા કરે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે. પાણીના ટેન્કર હોવા છતાં પાણીના ટેન્કરોની પણ મોટર બળી ગઈ હોવાનું જાણવા મળેલ છે.



### સર્વ સમાજના આગેવાનો જોડાયા

## વિથોણ મુકામે કોમી એકતાની અખંડ મિસાલ,

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વિથોણ ગામે મુસ્લિમ સમાજના પવિત્ર પર્વ મુહરમ-તાજીયા નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં કોમી એકતા અને ભાઈચારાનું અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. કાર્યક્રમમાં હિન્દુ અને મુસ્લિમ સમાજ સહિત વિવિધ સમાજોના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પાટીદાર સમાજના અગ્રણી નાનજીભાઈ નાકરાણી, મહાજન સમાજના પ્રમુખ કાંતિલાલ મિસ્ત્રી, દલિત સમાજના પ્રમુખ જયેશભાઈ લોન્ચા, રબારી સમાજના પ્રમુખ મંગલભાઈ રબારી તેમજ બ્રહ્મ સમાજના પ્રમુખ ખરાસંકરભાઈ જોષી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મુસ્લિમ સમાજ દ્વારા તમામ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કરી સન્માન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન નખત્રાણા તાલુકા પંચાયતના સદસ્ય અને વિથોણ ગામની દિકરી રિદ્ધિબેન શાંતિલાલ નાયાણીનું મુસ્લિમ સમાજ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું, જે સમગ્ર કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બન્યું હતું.પ્રસંગે સમાજસેવી શાંતિલાલ નાયાણીએ જણાવ્યું હતું કે, "કોઈપણ નાનો કે મોટો સમાજ હોય, સમાજ એટલે ભગવાન. સમાજ દ્વારા મળતું સન્માન એ ભગવાનના આશીર્વાદ સમાન છે. સમાજનો પ્રેમ અને આદર જીવનની સૌથી મોટી મૂડી છે."કાર્યક્રમ દરમિયાન વિવિધ સમાજોના આગેવાનોએ પરસ્પર એકતા, ભાઈચારો અને સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો.

### જિલ્લાના અલગ-અલગ ૯ પોલીસ મથકમાં ગુના નોંધાયા

# જુગારના 13 બનાવોમાં 53 ઝડપાયા, 7 ફરાર

### જુગારીઓ સામે કુલ ૧૩ કેસ નોંધી કુલ રૂ.૨,૦૬,૬૮૦નો મુદ્દામાલ કબજે લઈ પોલીસની કાર્યવાહી

(એજન્સી) ભાવનગર | તા.26

ભીમ અગિયારસ પર્વ પર ભાવનગર પોલીસે શહેર અને જિલ્લામાં જુગારની બાજીઓ પર રેઈડ કરી કુલ ૫૩ શખ્સને કુલ રૂ.૨,૦૬,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધાં છે, જ્યારે ૭ જુગારીઓ ફરાર થયાં છે. પોલીસે તમામ સામે શહેર-જિલ્લાના અલગ-અલગ ૯ પોલીસ મથકમાં જુદાં-જુદાં ૧૩ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભીમ અગિયારસ પર્વ પર જુગારની બાજી માંડીને બેસેલા જુગારીઓ પર પોલીસે કાર્યવાહી કરી છે. જેમાં બગદાણા પોલીસે ૭ જુગારીઓને કુલ રૂ.૧૦,૪૪૦ના મુદ્દામાલ સાથે, બોરતળાવ પોલીસે ૩ જુગારીઓને રૂ.૩૭૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે. ગારિયાધાર પંથકમાં જુગારના ત્રણ બનાવમાં પોલીસે ૧૩ શખ્સને કુલ રૂ.૧,૧૭,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધાં છે, જ્યારે ત્રણ ફરાર થયાં હતા. જેસર પોલીસે ચાર જુગારીને રૂ.૫૩૨૦ના મુદ્દામાલ સાથે તથા ખુટવડા પોલીસે જુગારના બે બનાવોમાં સાત શખ્સને કુલ રૂ.૫૬૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુના નોંધ્યો છે. પાલિતાણા ગ્રામ્ય પોલીસ મથક હેઠળના વિસ્તારમાં જુગારના બે બનાવોમાં પાલિતાણા ગ્રામ્ય પોલીસે ૭ જુગારીને કુલ રૂ.૨૨,૪૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી ગુનો નોંધ્યો છે. તેમજ પાલિતાણા ટાઉન પોલીસે જુગારના એક બનાવમાં પાંચ શખ્સોને કુલ રૂ.૨૫,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધાં હતા, જ્યારે રેઈડ દરમિયાન ચાર શખ્સ ફરાર થતાં નવ શખ્સ સામે ગુનો નોંધ્યો છે. તેમજ ઉમરાળા પોલીસે ચાર જુગારીઓને કુલ રૂ.૧૧,૧૬૦ના મુદ્દામાલ સાથે તથા વલ્લભીપુર પોલીસે ત્રણ જુગારીઓને કુલ રૂ.૪૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે. આમ, ભાવનગર શહેર અને જિલ્લામાં ભાવનગર પોલીસે કુલ ૧૩ બનાવોમાં ૫૩ જુગારીને કુલ રૂ.૨,૦૬,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધાં છે, જ્યારે ૭ શખ્સ ફરાર થયાં છે. તમામ ૬૦ શખ્સ સામે જિલ્લાના ૯ પોલીસ મથકમાં ગુના નોંધાયા છે.



### ૮ માસ થયા છતાં પરિણામ શૂન્ય

## એસ.ટી.ના નવા-જૂના કર્મીઓને પગારમાં વિસંગતાઓથી અસંતોષ



(એજન્સી) ભાવનગર | તા.26

એસ.ટી. નિગમના નવા અને જૂના કર્મચારીઓના પગારમાં વિસંગતાઓને કારણે કર્મચારીઓમાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ છે. એસ.ટી.માં તા.૧-૧-૨૦૦૬થસ નોશનલ ગણી ફિક્સેશન કરાયા બાદ ડ્રાઈવર-કંડક્ટરના પગાર ધોરણોમાં સુધારો થતાં તેમાં તા.૧-૧-૨૦૦૬થી ફિક્સેશન કરવું જોઈએ તે ન કરાતા ડ્રાઈવર-કંડક્ટર અને મિકેનિક કક્ષામાં નવા-જૂના કર્મચારીઓને પગારમાં વિસંગતાઓ ઉભી થઈ છે. જે બાબતે એમ.ડી.ને રજૂઆત કરી વિસંગતાઓ દૂર કરવા માંગ કરાઈ હતી. પરંતુ મિટીંગમાં ચર્ચા થયાને ૮ માસથી પણ વધુ સમય થયો હોવા છતાં કોઈ જ પરિણામ ન મળતા કર્મચારીઓમાં અસંતોષની લાગણી ફેલાઈ છે અને આ બાબતે નિગમ દ્વારા તાત્કાલિક પગલા ભરવા જોઈએ તેવી માંગણી ઉઠી છે.

# એર ઈન્ડિયાએ 'ઈઝી કનેક્ટ' ફ્લાઈટ્સ શરૂ કરી, દરેક ભારતીય માટે વિશ્વને વધુ નજીક લાવવાનો પ્રયાસ

(એજન્સી) વારાણસી | તા 26

એર ઈન્ડિયાએ આજે ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. કંપનીએ ભારત સરકારના નવા હબ-એન્ડ-સ્પોક માળખા હેઠળ પોતાની પ્રથમ 'ઈઝી કનેક્ટ' ફ્લાઈટનો પ્રારંભ કર્યો હતો. આ નવી વ્યવસ્થાનો હેતુ ભારતના દરેક ખૂણાને વિશ્વ સાથે અને વિશ્વને ભારત સાથે સરળતાથી જોડવાનો છે.પ્રથમ ઈઝી કનેક્ટ સર્વિસ તરીકે ફ્લાઈટ AI1111 આજે સવારે 9:23 વાગ્યે વારાણસીથી રવાના થઈ હતી. આ ફ્લાઈટમાં મુસાફરી કરનારા આંતરરાષ્ટ્રીય મુસાફરો દિલ્હીથી આગળ દુબઈ, કોલંબો, જેદ્દાહ, રિયાધ, કાઠમંડુ અને ફૂકેત સહિત ભારત બહારના 9 સ્થળો માટે જોડાણ મેળવ્યું હતું. ભારત સરકારના માનનીય કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કિંજરાપુ રામ મોહન નાયડુએ વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી પ્રથમ 'ઈઝી કનેક્ટ' ફ્લાઈટને લીલી ઝંડી બતાવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, "આજે અમે હવાઈ મુસાફરીને વધુ સુલભ બનાવવા અને કાર્યક્ષમ, સર્વસમાવેશક તથા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક હોય તેવા ભવિષ્ય માટે તૈયાર અને આત્મનિર્ભર ભારતીય ઉડ્ડયન ઉદ્યોગ ઊભો કરવાના અમારા વિઝનને સાકાર કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. અમારું નવું હબ-એન્ડ-સ્પોક મોડલ નાગરિકોની મુસાફરી કરવાની રીતમાં મોટો બદલાવ લાવશે. હવે ભારતમાં કોઈપણ શહેરમાં રહેતો વ્યક્તિ પોતાના શહેરમાંથી જ આંતરરાષ્ટ્રીય પ્રવાસ શરૂ કરી શકશે અને ભારતની પોતાની એરલાઈન દ્વારા વિશ્વના કોઈપણ ખૂણે સરળતાથી અને આત્મવિશ્વાસ સાથે પહોંચી શકશે."કાર્યક્રમ દરમિયાન માનનીય કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કિંજરાપુ રામ મોહન નાયડૂએ પ્રથમ ઈઝી કનેક્ટ ફ્લાઈટ માટે ચેક-ઈન કરનાર પ્રથમ મુસાફરને સ્મૃતિચિહ્નરૂપ બોર્ડિંગ પાસ આપ્યો હતો. આ પ્રસંગે નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ શ્રી સમીર કુમાર સિંહા, અધિક સચિવ શ્રી પુનીત કંસલ, એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી વિપિન કુમાર, એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કેમ્પબેલ વિલ્સન, એર ઈન્ડિયાના ગ્રુપ હેડ - ગવર્નન્સ, રિસ્ક, કમ્પ્લાયન્સ અને કોર્પોરેટ અફેર્સ શ્રી પી. બાલાજી તેમજ સરકાર અને એર ઈન્ડિયાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.દેશવ્યાપી વિસ્તરણહબ-એન્ડ-સ્પોક સેવાઓ શરૂ કરનાર પ્રથમ એરલાઈન તરીકે એર ઈન્ડિયા તબક્કાવાર દેશવ્યાપી વિસ્તરણનું નેતૃત્વ કરી રહી છે. આ અંતર્ગત વારાણસી ઉપરાંત દેશના વધુ શહેરોને એરલાઈનના મુખ્ય હબ એવા દિલ્હી, મુંબઈ અને બેંગાલુરુ સાથે જોડવામાં આવશે, જેથી લાખો ભારતીયોને ઘરેથી જ સરળ અને સંપૂર્ણ આંતરરાષ્ટ્રીય મુસાફરીની સુવિધા મળશે.આગામી થોડા મહિનાઓમાં એર ઈન્ડિયા અમદાવાદ, અમૃતસર, ચેન્નાઈ, ગોવા, ગુવાહાટી, હૈદરાબાદ, કોચી, મુંબઈ, પટણા, વડોદરા અને વિશાખાપટ્ટનમ સહિતના અનેક શહેરોમાં તબક્કાવાર 'ઈઝી કનેક્ટ' સેવાઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. આ પગલાંથી ભારતીય મુસાફરો વિશ્વભરના સ્થળોએ પહોંચવાની રીતમાં મૂળભૂત ફેરફાર આવશે.એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કેમ્પબેલ વિલ્સને જણાવ્યું હતું કે, "ભારત વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ શક્તિ છે, છતાં દાયકાઓથી વિદેશ જતાં ઘણા ભારતીય મુસાફરોને અન્ય દેશોના ટ્રાન્ઝિટ એરપોર્ટ્સ મારફતે મુસાફરી કરવી પડતી હતી, જેના કારણે તેમની સુવિધા અને આરામ પર અસર પડતી હતી. એર ઈન્ડિયાની 'ઈઝી કનેક્ટ' ફ્લાઈટ્સ આ પરિસ્થિતિનો જવાબ છે અને આ માળખાને શક્ય બનાવવામાં ભારત સરકારના વિઝન અને સહયોગ માટે અમે આભારી છીએ."શ્રી વિલ્સને વધુમાં જણાવ્યું હતું કે, "આજના ભારતમાં વારાણસી, અમૃતસર અથવા વિશાખાપટ્ટનમમાં રહેતા પરિવારને વિશ્વમાં પહોંચવા માટે અજાણ્યા વિદેશી ટ્રાન્ઝિટ એરપોર્ટ્સનો સામનો કરવો ન પડવો જોઈએ. તેઓ પોતાના શહેરમાંથી, પોતાની જમીન પરથી, આત્મવિશ્વાસ, આરામ અને ગૌરવ સાથે આંતરરાષ્ટ્રીય મુસાફરી શરૂ કરી શકવા જોઈએ અને વિશ્વના વિવિધ સ્થળો સાથે સરળતાથી જોડાઈ શકતા હોવા જોઈએ."દર વર્ષે આશરે 2.5 કરોડ મુસાફરો ભારતથી અને ભારત માટે લાંબા અંતરની આંતરરાષ્ટ્રીય મુસાફરી કરે છે. તેમાં લગભગ 2 કરોડ મુસાફરો કનેક્ટિંગ મુસાફરો હોય છે.



# ભારતીય બેંકિંગ ક્ષેત્રમાં રિ-રેટિંગની સંભાવના, લોન વૃદ્ધિ મધ્યમ રહેશે

નવી દિલ્હી : ભારતના બેંકિંગ ક્ષેત્ર માટે આગામી સમય આશાસ્પદ જણાઈ રહ્યો છે. એક તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય બેંકિંગ ક્ષેત્રનું રિ-રેટિંગ થવાની સંભાવના છે, કારણ કે બેંકોની મિલકતની ગુણવત્તા (એસેટ ક્વોલિટી) અત્યંત મજબૂત રહી છે. જોકે, આ આશાવાદ વચ્ચે લોન વૃદ્ધિનો દર મધ્યમ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કોટક ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝ દ્વારા બહાર પાડવામાં આવેલા આ અહેવાલે બેંકિંગ ઉદ્યોગના ભવિષ્ય અંગે મહત્વના સંકેતો આપ્યા છે.ટૂંકા ગાળામાં મિલકતની ગુણવત્તા ચિંતાનો વિષય બને તેવી શક્યતા ઓછી છે. જાહેર અને ખાનગી એમ બંને ક્ષેત્રની બેંકો હવે ઓછી સ્લિપેજ (લોનનું ડૂબવું) નોંધાવે તેવી ધારણા છે. બેંકો હવે અપેક્ષિત ક્રેડિટ લોસ (ઈ.સી.એલ.)ના નિયમો તરફ આગળ વધી રહી છે, જેના કારણે તેઓ કવરેજ બફર્સમાં વધારો કરી શકે છે. તાજેતરમાં બેંકોએ સારું પ્રદર્શન કર્યું હોવા છતાં, હજુ પણ મૂલ્યાંકનની દ્રષ્ટિએ આકર્ષક તકો રહેલી છે, જે કમાણીમાં વૃદ્ધિની સાથોસાથ ક્ષેત્રના વિસ્તરણનો માર્ગ મોકળો કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ અને કોવિડ અગાઉના સમયની સરખામણીમાં રિટેલ લોનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪થી બેંકો દ્વારા લોન આપવામાં આવતા કડક ધોરણોને કારણે આ શક્ય બન્યું છે.

# News Brief

## સુરક્ષિત રહો - રોજિંદા વ્યવહારો માટે ચુકવણી માટે સુરક્ષિત અભિગમ વિકસાવો

નવી દિલ્હી: ગ્રાહકો માટે ખરીદી, ખર્ચ અને ચુકવણી કરવાની પદ્ધતિઓ ઝડપથી વિકસી રહી છે. આજે, ડિજિટલ વ્યવહારો હવે એક જ ચેનલ અથવા જ વ્યવહાર સુધી મર્યાદિત નથી - ગ્રાહકો રિટેલ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર વધુને વધુ વ્યવહારો કરી રહ્યા છે, મુસાફરી માટે ટિકિટો બુક કરી રહ્યા છે, બિલ ચૂકવી રહ્યા છે અથવા રોજિંદા ખર્ચનું સંચાલન કરી રહ્યા છે. આ સાથે આ ડિજિટલ ફૂટપ્રિન્ટ છેતરપિંડી કરનારાઓ માટે વધુને વધુ અત્યાધુનિક પદ્ધતિઓ દ્વારા શંકાસ્પદ વપરાશકર્તાઓને લક્ષ્ય બનાવવાની નવી તકો પણ ઊભી કરી છે.

RBI ના વાર્ષિક અહેવાલ 2025-26 અનુસાર, કાર્ડ અને ઈન્ટરનેટ છેતરપિંડી અંગે જે કેસો નોંધાય છે તેમાં છેતરપિંડીના કેસોમાં લગભગ 74% હિસ્સો ધરાવે છે, અને આ દેશમાં સૌથી વધુ નોંધાયેલા નાણાકીય છેતરપિંડીના સ્વરૂપો પૈકી એક છે. આ ઘટનાઓ નાણાકીય નુકસાન, અસુવિધા અને ભાવનાત્મક મુશ્કેલીનું કારણ બની શકે છે.

આવી ઘટનાઓ સતત વધતી રહી છે અને તેનું આવર્તન વધતાં તે અંગે જાગૃતિ અને સલામત ડિજિટલ નાણાકીય પ્રથાઓ મહત્વપૂર્ણ બની ગઈ છે. SBI કાર્ડ જેવી ગ્રાહક કેન્દ્રિત નાણાકીય સંસ્થાઓ ગ્રાહક સુરક્ષા અને અનુભવને વધારવા માટે અદ્યતન ટેકનોલોજી, ઉન્નત સુરક્ષા ક્ષમતાઓ, 24*7 લાઈવ ચેટ સપોર્ટ અને સમગ્ર ઈકોસિસ્ટમમાં ગ્રાહક જાગૃતિ માટે કામ કરે છે. પરંતુ તેની સાથે ગ્રાહકો માટે છેતરપિંડીની ઘટનાઓ ટાળવા અને ઘટાડવા માટે સભાન રીતે, સાવચેત રહીને સચેત ટેવો અપનાવવી ખૂબ જ જરૂરી છે.

આ અંગે ટિપ્પણી કરતા, SBI કાર્ડના MD અને CEO, સલિલા પાંડેએ જણાવ્યું હતું કે: "ડિજિટલ પેમેન્ટ્સ અને ક્રેડિટ કાર્ડ ઉદ્યોગનું ભવિષ્ય વિશ્વાસ પર આધારિત છે. આ ઉદ્યોગ અદ્યતન સુરક્ષા માળખામાં રોકાણ અને ડેટા સુરક્ષા પહેલ સહિત અનેક મુખ્ય પગલાં લઈ રહ્યું છે. પણ સાથે સાથે, છેતરપિંડીની નવી યુક્તિઓ પણ વિકસિત થાય છે, માટે ગ્રાહકોએ એ સમજવું જોઈએ કે આ કૌભાંડો કેવી રીતે થાય છે અને તે જ ઘણીવાર તેમનું રક્ષણ કરી શકે છે. સંદેશાવ્યવહારની ચકાસણી કરવી, સંવેદનશીલ માહિતી જાહેર ન કરવી અને અનિચ્છનીય વિનંતીઓથી સાવધ રહેવા જેવી સરળ ટેવોથી ગ્રાહકોને છેતરપિંડીનો ભોગ બનવામાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે."

SBI કાર્ડ અનુસાર, અહીં એવા દસ પગલાં આપવામાં આવ્યા છે જે દરેક ગ્રાહકે અનુસરવા જોઈએ, જેથી સુરક્ષિત, સ્માર્ટ અને વધુ આત્મવિશ્વાસપૂર્ણ ચુકવણી અનુભવ મળી શકે:

1. માત્ર વિશ્વસનીય પ્લેટફોર્મ પરથી જ ખરીદી કરો: હંમેશા સત્તાવાર બ્રાન્ડ વેબસાઈટ્સ અથવા વિશ્વસનીય બજારો પરથી ખરીદી કરવી જોઈએ. સોશિયલ મીડિયા અથવા મેસેજિંગ એપ્લિકેશન્સ દ્વારા શેર કરાયેલ નકલી વેબસાઈટ્સમાંથી રેન્ડમ લિંક્સ અથવા જોડાણો પર ક્લિક ન કરવું જોઈએ કારણ કે તે ડિજિટલ છેતરપિંડી માટે એક સામાન્ય માર્ગ બની ગયો છે.
2. માત્ર વિશ્વસનીય સ્ત્રોતોમાંથી જ એપ્લિકેશન્સ ડાઉનલોડ કરો: ફક્ત સત્તાવાર એપ્લિકેશન સ્ટોર્સમાંથી જ મોબાઈલ એપ્લિકેશન્સ ઈન્સ્ટોલ કરો. અજાણી વેબસાઈટ્સ અથવા ચકાસાયેલ ન હોય તેવા સ્ત્રોતોમાંથી APK ફાઈલો અથવા એપ્લિકેશન્સ ડાઉનલોડ ન કરવી જોઈએ જેમાં WhatsApp, SMS, ઈમેઈલ, સોશિયલ મીડિયા અથવા QR કોડ દ્વારા ચકાસાયેલ સ્ત્રોતો દ્વારા શેર કરાયેલ લિંક્સનો સમાવેશ થાય છે, કારણ કે તેમાં ઉપકરણ અને વ્યક્તિગત માહિતી સાથે ગેરરીતિ કરવા માટે માલવેર હોઈ શકે છે.
3. ક્યારેય વ્યક્તિગત વિગતો શેર ન કરો: વ્યક્તિઓએ ક્યારેય કોઈની સાથે કાર્ડ વિગતો, PIN, OTP, અથવા CVV શેર ન કરવી જોઈએ અને વ્યવહારો કરતા પહેલા હંમેશા કોઈપણ કૉલ, ઈમેઈલ અથવા સંદેશની સત્યતા ચકાસવી જોઈએ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ફરિયાદ/પ્રશ્ન કરતી વખતે ક્યારેય તમારા કાર્ડ વિગતો અથવા ફોન નંબર શેર ન કરો. કાયદેસર સંસ્થાઓ ક્યારેય ગુપ્ત વિગતો માંગતી નથી.
4. સ્ક્રીન શેરિંગ છેતરપિંડી અટકાવો: વ્યક્તિઓએ તેમના ઉપકરણ જેમ કે લેપટોપ, ડેસ્કટોપ અને મોબાઈલ ફોનની સ્ક્રીનો કોઈપણ અજાણ્યા વ્યક્તિને શેર કરવાનું ટાળવું જોઈએ.
5. ફિશિંગના પ્રયાસોથી સાવધ રહો: ફિશિંગ ઈમેઈલ્સ, સંદેશાઓ અને કૉલ્સથી સાવધ રહો. કારણ કે તેઓ તમારા એકાઉન્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે, પોઈન્ટ્સ/ઓફર્સની સમયસીમા સમાપ્ત થવાની છે અથવા નકલી ડિલિવરી અપડેટ્સ, નકલી ઈ-ચલણો, ટેક્સ નોટિસ/દંડનો દાવો કરે છે. હંમેશા સત્તાવાર ગ્રાહક સંભાળ પ્રતિનિધિઓ સાથે માહિતી/ફેરફારોની ચકાસણી કરો. અસલી સંસ્થાઓ અને ક્રેડિટ કાર્ડ જારીકર્તાઓ કાર્ડધારક પાસેથી ક્યારેય ગુપ્ત વિગતો (OTP, CVV, PIN, પાસવર્ડ્સ, વગેરે) અથવા સંદેશ માંગતા નથી.
6. નાણાકીય સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા કૉલ્સ ચકાસો: છેતરપિંડી કરનારાઓ વારંવાર બેંક અધિકારીઓ, ક્રેડિટ કાર્ડ પ્રતિનિધિઓ, ગ્રાહક સંભાળ અધિકારીઓ અથવા નાણાકીય સલાહકારો હોવાનો દાવો કરે છે અને કૉલ કરે છે. તેઓ કાર્ડ અપગ્રેડ કરવા, ક્રેડિટ મર્યાદામાં વધારો કરવો, પુરસ્કાર રિડેમ્પશન, સેટલમેન્ટ ઑફર્સ અથવા એકાઉન્ટ ફરીથી સક્રિયકરણ જેવી સેવાઓ પ્રદાન કરવાની તાકીદ અથવા ભય દર્શાવે છે. જો તમને આવો કૉલ આવે છે, તો તેને ડિસ્કનેક્ટ કરો અને તેના સત્તાવાર ગ્રાહક સેવા ચેનલોનો ઉપયોગ કરીને સંસ્થાનો સીધો સંપર્ક કરો.
7. ચુકવણી છેતરપિંડીથી સાવધ રહો અને શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ કરો: જો તમને તમારા ખાતામાં કોઈ ચકાસાયેલ ન હોય તેવી ચુકવણી અથવા રિફંડ દેખાય, તો કોઈપણ પગલાં લેતા પહેલા હંમેશા ખાતરી કરો કે આ રકમ જમા થઈ છે કે નહીં. જો તમે આકસ્મિક રીતે સંવેદનશીલ માહિતી શેર કરો છો, અને શંકાસ્પદ લિંક પર ક્લિક કરો છો, અને ચકાસાયેલ ન હોય તેવી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો છો અથવા અનધિકૃત એકાઉન્ટ પ્રવૃત્તિ જુઓ છો, તો તાત્કાલિક તમારી બેંક અથવા કાર્ડ જારીકર્તાનો સંપર્ક કરો, અસરગ્રસ્ત કાર્ડ(કાર્ડ્સ) અથવા એકાઉન્ટ(એકાઉન્ટસ) ને બ્લોક કરો અને વિલંબ કર્યા વિના સાયબર ક્રાઈમ અધિકારીઓને ઘટનાની જાણ કરો.
8. ઑફર્સ અને રિવોર્ડ પોઈન્ટ્સ ચકાસો: અવાસ્તવિક ડિસ્કાઉન્ટ, રિફંડ સૂચનાઓ અને કપટપૂર્ણ સોદાઓથી સાવચેત રહો, ખાસ કરીને ઉચ્ચ-મૂલ્યની વસ્તુઓ પર, અને ચુકવણી કરતા પહેલા હંમેશા બ્રાન્ડ સાથે ઑફર્સ ચકાસો. એ જ રીતે, લિંક્સ પર ક્લિક કરીને અથવા વ્યક્તિગત/ક્રેડિટ કાર્ડ વિગતો શેર કરીને રિવોર્ડ પોઈન્ટ્સ રિડીમ કરવા માટે કહે એવા કોઈપણ SMS, ઈ-મેલ અથવા કૉલ્સની અધિકૃતતા તપાસો, અને તેની કાયદેસરતાની પુષ્ટિ કર્યા વિના ક્યારેય આગળ વધશો નહીં.
9. ટ્રાન્ઝેક્શન ચેતવણીઓ સક્ષમ કરો અને એકાઉન્ટ્સનું નિયમિત નિરીક્ષણ કરો: બધા કાર્ડ વ્યવહારો માટે SMS, ઈમેલ અને મોબાઈલ એપ્લિકેશન સૂચનાઓ સક્રિય કરો. તમારે નિયમિતપણે એકાઉન્ટ પ્રવૃત્તિની સમીક્ષા કરવી જોઈએ અને કોઈપણ અનધિકૃત અથવા શંકાસ્પદ વ્યવહારોની તાત્કાલિક જાણ તમારા કાર્ડ જારીકર્તાને કરવી જોઈએ.
10. હંમેશા મજબૂત પાસવર્ડ પસંદ કરો: એકાઉન્ટ પાસવર્ડ નિયમિતપણે અપડેટ કરવો અત્યંત મહત્વપૂર્ણ છે. હંમેશા એક મજબૂત અને અનન્ય પાસવર્ડ પસંદ કરો જે તમારા ઈ-મેલ/સોશિયલ મીડિયા એકાઉન્ટ પાસવર્ડથી અલગ હોય. ક્યારેય કોઈની સાથે તમારો પાસવર્ડ શેર કરશો નહીં.

ડિજિટલ છેતરપિંડી સામે સૌથી અસરકારક રક્ષણ અથવા બચાવ એ કોઈ એક સાધન કે ટેકનોલોજી નથી, પરંતુ લોકોની જાગૃતિ, સાવધાની અને જવાબદાર રીતે નાણાકીય વર્તનનું સંયોજન છે. છેતરપિંડી કરનારાઓ નવી નવી યુક્તિઓ અપનાવે છે, ત્યારે ગ્રાહકોએ તેમની વ્યક્તિગત અને નાણાકીય માહિતીને સુરક્ષિત રાખવામાં સમાન રીતે સક્રિય રહેવું જોઈએ. જાણકાર અને સતર્ક રહેવાથી ગ્રાહકો વધુ વિશ્વાસ અને સુરક્ષા સાથે ડિજિટલ ચુકવણીનો ઉપયોગ કરી શકે છે.

# એડોન એગ્રો કોમોડિટીઝ લિમિટેડ IPO 29 જૂન ખોલશે

મુંબઈ : એડોન એગ્રો કોમોડિટીઝ લિમિટેડ એક ઈન્ટિગ્રેટેડ ડ્રાય ફ્રૂટ સોર્સિંગ, પ્રોસેસિંગ અને રિટેલ પ્લેટફોર્મ 29 જૂન, 2026 ના રોજ તેનો IPO ખોલશે. ફ્રેશ ઈશ્યૂ: 10 ના 62,90,000 ઈક્વિટી શેર દરેક કિંમત બેન્ડ: 66 - 70 પ્રતિ ઈક્વિટી શેર લોટ સાઈઝ: 2,000 ઈક્વિટી શેર ઈશ્યૂ સાઈઝ: 44.03 કરોડ (ઉચ્ચ કિંમત બેન્ડ પર) BSE (BSE SME) ના SME પ્લેટફોર્મ પર લિસ્ટેડ થવાની દરખાસ્તમુંબઈ, 25 જૂન, 2026: 'હંગર નટ્સ' બ્રાન્ડ હેઠળ પ્રીમિયમ ડ્રાયફ્રૂટ્સ અને બદામની પ્રાપ્તિ, પ્રક્રિયા અને માર્કેટિંગમાં રોકાયેલી એક ઈન્ટિગ્રેટેડ એગ્રો-કોમોડિટી કંપની, એડોન એગ્રો કોમોડિટીઝ લિમિટેડ, 29 જૂન, 2026 ના રોજ તેના પ્રારંભિક જાહેર ઓફર (IPO) ના ઉદઘાટનની જાહેરાત કરી છે.શેર ફાળવણી અને ઈશ્યૂ વિગતો નેટ QIB હિસ્સો 64,000 થી ઓછા ઈક્વિટી શેર. બિન-સંસ્થાકીય રોકાણકારો (NIIs) 29,50,000 થી ઓછા ઈક્વિટી શેર. વ્યક્તિગત રોકાણકાર ભાગ (RII) 29,60,000 થી ઓછા ઈક્વિટી શેર. માર્કેટ મેકર (શ્રેણી શેર્સ લિમિટેડ) 3,16,000 ઈક્વિટી શેર. કુલ ઈશ્યૂનું કદ 62,90,000 ઈક્વિટી શેર પ્રતિ 10નવા ઈશ્યૂમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવશે.આ ઈશ્યૂ 29 જૂન, 2026 ના રોજ જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને 01 જુલાઈ, 2026 ના રોજ બંધ થશે. ગેલેક્ટિકો કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે અને KFin ટેક્નોલોજીસ લિમિટેડ ઈશ્યૂના રજિસ્ટ્રાર છે.

**ઓક્ટોબર ૨૦૨૫માં ક્રિપ્ટો માર્કેટ કેપ જે ૪.૩ ટ્રિલિયન ડોલર હતું**

# ક્રિપ્ટો માર્કેટનું મૂલ્ય ભારતના જીડીપીના અડધાથી વધુ ડૂબી ગયું

મુંબઈ : ક્રિપ્ટોકરન્સી માર્કેટ ઐતિહાસિક ધોવાણનો સામનો કરી રહ્યું છે. મેક્રોઈકોનોમિક એનાલિસિસ પ્લેટફોર્મ ધ કોબેઈસી લેટરના જણાવ્યા મુજબ, ઓક્ટોબરથી ક્રિપ્ટો માર્કેટે તેના અડધાથી વધુ મૂલ્યનું ધોવાણ નોતર્યું છે. ઓક્ટોબર ૨૦૨૫માં કુલ ક્રિપ્ટો માર્કેટ કેપ જે ૪.૩ ટ્રિલિયન ડોલર જેટલું હતું, તે હવે ઘટીને બે ટ્રિલિયન ડોલર થઈ ગયું છે.જેનો અર્થ એ થયો કે ડિજિટલ એસેટ માર્કેટે આઠ મહિનામાં જ ૨.૩ ટ્રિલિયન ડોલર ગુમાવ્યા છે. બીજી રીતે જોઈએ તો ક્રિપ્ટો માર્કેટે આ જ સમયગાળા દરમિયાન ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના લગભગ અડધાથી વધુ વેલ્યુએશન ગુમાવ્યું છે. જીડીપી ૪.૧૫ ટ્રિલિયન ડોલર છે. આ આંકડાના અડધાથી વધુ ગુમાવવાનો અર્થ એ છે કે, ક્રિપ્ટો માર્કેટમાં એક વર્ષમાં ૨.૩ ટ્રિલિયન ડોલરથી વધુ સંપત્તિ સ્વાહા થઈ ગઈ છે. જ્યારે ડિજિટલ એસેટ્સ ડામાડોળ બની છે, ત્યારે ટ્રિલિયન ડોલરના ઘટાડાના



તીવ્ર વેગથી રિટેલ અને સંસ્થાકીય રોકાણકારો આશ્ચર્યચકિત થઈ ગયા છે.ક્રિપ્ટો હવે ફક્ત આઠ મહિનામાં તેના મૂલ્યના અડધાથી વધુ ઘટાડાનો સામનો કર્યો છે. ૬, ઓક્ટોબર ૨૦૨૫ના રોજ ક્રિપ્ટોનું કુલ માર્કેટ કેપ રેકોર્ડ ૪.૩ ટ્રિલિયન ડોલરને આંબી ગયું હતું. આજે, ૨૬૧ દિવસ બાદ, ક્રિપ્ટોનું મૂલ્ય ફક્ત ૨.૦ ટ્રિલિયન ડોલર છે, જે મૂલ્યમાં ૫૪ ટકાનો ઘટાડો દર્શાવે છે. આનો અર્થ એ થયો કે ક્રિપ્ટો માર્કેટમાં સતત ૨૬૧ દિવસ માટે દરરોજ સરેરાશ ૮.૮ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

**એક સો અબજ ટ્રાન્ઝિસ્ટર ધરાવતી આધુનિક ચિપ**

# આઈબીએમની નવી શોધ ચિપ ટેકનોલોજીમાં મોટો ક્રાંતિકારી ફેરફાર

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ટેકનોલોજીની દુનિયામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતા, દિગ્ગજ કંપની આઈબીએમએ વિશ્વની પ્રથમ એક નેનોમીટરથી નાની એટલે કે ૦.૭ નેનોમીટર (૭ એન્ગસ્ટ્રોમ) નોડ વાળી ચિપ ટેકનોલોજી રજૂ કરી છે. આ શોધ દ્વારા કોમ્પ્યુટર ક્ષેત્રે નવા યુગનો પ્રારંભ થયો છે. કંપનીના જણાવ્યા અનુસાર, નખ જેવડી નાનકડી જગ્યામાં લગભગ ૧૦૦ અબજ ટ્રાન્ઝિસ્ટર સમાવવાની ક્ષમતા આ ચિપમાં છે, જે ૨૦૨૧માં રજૂ કરાયેલી ૨-નેનોમીટર ચિપ કરતા બમણી ઘનતા ધરાવે છે.આઈબીએમની આ નવીનતમ સફળતા કોમ્પ્યુટિંગને નેનોમીટર યુગથી આગળ વધારીને પરમાણુઓના સ્તર સુધી લઈ ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આ વિકાસમાં માળખાકીય અને સામગ્રીમાં ફેરફાર કરીને 'થ્રી-ડી નેનોસ્ટેક' આર્કિટેક્ચરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ નવી ડિઝાઈન હાલની ૨-નેનોમીટર ચિપની સરખામણીમાં કામગીરીમાં ૫૦ ટકા સુધીનો વધારો અથવા ઉર્જા વપરાશમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો કરવાની ક્ષમતા ધરાવે છે. આ ટેકનોલોજી ભવિષ્યમાં જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા), ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આગામી પેઢીના ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે અત્યંત મહત્વની સાબિત થશે.આ આર્કિટેક્ચરનું નિર્માણ વર્ટિકલ સ્ટેકિંગ દ્વારા કરવામાં આવ્યું છે, જે દરેક સ્તરમાં પાવર અને પરફોર્મન્સને સ્વતંત્ર રીતે શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સંશોધકોએ આ આર્કિટેક્ચરને અલ્ટ્રા-થિન ડાયલેક્ટ્રિક બોન્ડિંગ દ્વારા ચકાસ્યું છે, જે તેની કાર્યક્ષમતાની ખાતરી આપે છે. ઉપરાંત, તાજેતરમાં આયોજિત વી.એલ. એસ.આઈ. ૨૦૨૬ પરિષદમાં રજૂ કરાયેલા અહેવાલો દર્શાવે છે કે આ આર્કિટેક્ચર એસ.આર.એ.એમ. (SRAM) માં ૪૦ ટકા સ્કેલિંગ રિડક્શન આપે છે.

# ફોક્સકોને ભારતીય એકમમાં ૩૭.૨ મિલિયન ડોલરનું કર્યું વધારાનું રોકાણ

નવી દિલ્હી : તાઈવાનની દિગ્ગજ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદક કંપની ફોક્સકોન (Foxconn) તેના ભારતીય કારોબારને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. કંપનીની સિંગાપોર સ્થિત શાખા 'ફોક્સકોન સિંગાપોર પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા તેની ભારતીય કંપની 'ફોક્સકોન હોન હાઈ ટેકનોલોજી ઈન્ડિયા મેગા ડેવલપમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ'માં આશરે ૩૫૧.૭૩ મિલિયન વધારાના શેર હસ્તગત કરવામાં આવ્યા છે. આ રોકાણના વ્યવહારમાં કંપનીએ ૩૭.૨ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે.

એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૨૫ જૂન, બુધવારે આ વ્યવહારને મંજૂરી આપી હતી. દરેક શેરની કિંમત ૧૦ રૂપિયા રાખવામાં આવી હતી, જેનું કુલ મૂલ્ય ૩૭.૨ મિલિયન ડોલર થાય છે. આ વ્યવહાર બાદ, ફોક્સકોન સિંગાપોર હવે ભારતીય એકમમાં ૨૩.૧૮ અબજ શેર ધરાવે છે, જે લગભગ ૯૯.૯૯ ટકા જેટલો હિસ્સો દર્શાવે છે. આ સમગ્ર રોકાણનું સંચિત મૂલ્ય ૨.૮૨ અબજ ડોલર જેટલું છે. બાકીનો નજીવો હિસ્સો યુઝાન ટેકનોલોજી (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ પાસે છે.કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે આ સંપાદન ખાનગી મૂડી દ્વારા કરવામાં આવ્યું છે અને તેને લાંબા ગાળાના રોકાણ તરીકે ગણવામાં આવશે. આ વ્યવહારમાં કોઈ દલાલી ફી સામેલ નથી અને આ મૂડીમાં વધારો મૂળભૂત રીતે પેટાકંપનીની ક્ષમતા વધારવા માટે કરવામાં આવ્યો છે. આ રોકાણથી કંપનીના બિઝનેસ મોડેલમાં કોઈ ફેરફાર થશે નહીં, એમ પણ ફાઈલિંગમાં જણાવાયું છે. કંપનીના ડાયરેક્ટરો દ્વારા આ વ્યવહારમાં કોઈ વિરોધ નોંધવામાં આવ્યો નથી.

ફોક્સકોનનું ભારતમાં વિસ્તરણ પાછળનું મુખ્ય કારણ એપલ (Apple) અને અન્ય ગ્લોબલ બ્રાન્ડ્સ તરફથી વધતી જતી માંગ છે. કંપની તેની '૩+૩+૩ વ્યૂહરચના' પર કામ કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય ત્રણ ઉભરતા ઉદ્યોગો, ત્રણ મુખ્ય ટેકનોલોજી અને ત્રણ સ્માર્ટ પ્લેટફોર્મને એકીકૃત કરવાનો છે. ભારતને વિશ્વના મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત કરવાના પ્રયાસોમાં ફોક્સકોનનું આ મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

# CoinDCX H1 2026 રિપોર્ટ": મીમ ટોકનનો ઉન્માદ ઉપયોગિતા-આધારિત રોકાણને માર્ગ આપે છે

બેંગલુરુ : ભારતના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ, CoinDCX એ આજે તેનો H1 2026 ઈન્વેસ્ટર રિપોર્ટ બહાર પાડ્યો. આ અહેવાલ રોકાણકારોના વર્તનમાં નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે; ભારતીય ક્રિપ્ટો રોકાણકારો હવે સટ્ટાકીય વેપાર કરતાં લાંબા ગાળાના સંચય, લાર્જ-કેપ ડિજિટલ સંપત્તિ અને વિચારશીલ પોર્ટફોલિયો નિર્માણને પ્રાથમિકતા આપી રહ્યા છે.આ રિપોર્ટ એવા માર્કેટને પ્રકાશિત કરે છે જે ગતિ કરતાં વધુ પ્રતીતિ દ્વારા વ્યાખ્યાયિત થઈ રહ્યું છે. ગ્લોબલ ક્રિપ્ટો માર્કેટમાં બિટકોઈનનો હિસ્સો વધીને 58.2% થયો, જ્યારે BTC ભારતના દરેક મુખ્ય શહેર અને લોકસાંખ્યિક જૂથોમાં CoinDCX પર સૌથી વધુ સંગ્રહિત ડિજિટલ સંપત્તિ તરીકે ઉભરી આવ્યો છે.

બીજી બાજુ, મીમ ટોકન્સે તેમનું મહત્વ ગુમાવી દીધું છે; તેઓ ટ્રેડિંગ વોલ્યુમમાં ફક્ત 12.17% હિસ્સો ધરાવે છે, જ્યારે લેયર-1 એસેટ્સનો હિસ્સો 32.87% છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે લોકો વધુને વધુ ઉપયોગિતા-આધારિત રોકાણોને પસંદ કરી રહ્યા છે.આ પરિણામો તાજેતરના વર્ષોમાં સૌથી જટિલ મેક્રોઈકોનોમિક વાતાવરણ વચ્ચે આવ્યા છે, જે વ્યાજ દરની અનિશ્ચિતતા, ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક સંપત્તિ વર્ગોમાં નોંધપાત્ર અસ્થિરતા દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ પરિસ્થિતિઓ છતાં, CoinDCX ડેટા દર્શાવે છે કે ભારતીય રોકાણકારોએ માર્કેટની નબળાઈ દરમિયાન તેમના હોલ્ડિંગમાં ઘટાડો કરવાને બદલે ડિજિટલ સંપત્તિ એકઠી કરવાનું ચાલુ રાખ્યું છે.

**રિપોર્ટની હાઈલાઈટ્સ**

- બિટકોઈન માર્કેટનું વર્ચસ્વ વધીને 58.2% થયું.
- ભારતના તમામ મુખ્ય શહેરોમાં બિટકોઈન સૌથી વધુ સંગ્રહિત સંપત્તિ છે.
- ગ્લોબલ બિટકોઈન ETF AUM $105 બિલિયનને વટાવી ગયું છે.
- મીમ ટોકન વોલ્યુમ શેર ઘટીને 12.17% થયો.
- લેયર-1 એસેટ્સ ટ્રેડિંગ વોલ્યુમના 32.87% હિસ્સો ધરાવે છે.
- રોકાણકારોની સરેરાશ ઉંમર વધીને 30-31 વર્ષ થઈ ગઈ છે.
- CoinDCX ના નોંધાયેલા વપરાશકર્તાઓની સંખ્યા 2.2 કરોડને વટાવી ગઈ છે.

**વિશિષ્ટ ઑફર્સ, નવા લોન્ચ અને મુખ્ય લાભોની ત્રણ દિવસીય ઉજવણી**

# એમેઝોન ઇન્ડિયા ગુજરાતમાં લઈને આવ્યું પ્રાઈમ ડે ની 10 મી આવૃત્તિ

અમદાવાદ : Amazon.in એ ખાસ પ્રાઈમ સભ્યો માટે 72 કલાકની ડીલ્સ, બચત, નવા લોન્ચ અને વિશિષ્ટ મનોરંજન સાથે પ્રાઈમ ડે 2026 ની 10મી આવૃત્તિ 04 જુલાઈના રોજ રાત્રે 12:00 થી 06 જુલાઈના રોજ રાત્રે 11:59 વાગ્યા સુધી ચાલશે તેવી જાહેરાત કરી છે. ભારતમાં પ્રાઈમ ડેની 10મી આવૃત્તિને ઉજવવા માટે, એમેઝોન નવા સભ્યો માટે મર્યાદિત સમયગાળાની વર્ષગાંઠની ઓફર શરુ કરી રહ્યું છે - જેમાં વાર્ષિક પ્રાઈમ મેમ્બરશિપ (રૂ. 1,499) માત્ર રૂ. 999 માં, એટલે કે ફ્લેટ રૂ. 500 ની છૂટ, જે પ્રાઈમ સભ્યો અત્યાર સુધીની સૌથી મોટી બચત કરી શકશે. ગ્રાહકો શોપિંગ એડિશન પ્લાન સાથે માત્ર રૂ. 299/વર્ષ (રૂ. 399 થી) થી શરૂ થતા પ્રાઈમ અને પ્રાઈમ લાઈટમાં માત્ર રૂ. 599/વર્ષ (રૂ. 799 થી) માં જોડાઈ શકે છે, જેનાથી પ્રાઈમ ડે દરેક પ્રાઈસ પોઈન્ટ પર એક્સેસ કરી શકાશે. પ્રાઈમ લાઈટ અને શોપિંગ એડિશનના હાલના સભ્યો, પ્રાઈમ ડે પહેલા સંપૂર્ણ પ્રાઈમ અનુભવમાં અપગ્રેડ કરી શકે છે. ગ્રાહકો SBI અને એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ અને EMI વ્યવહારોનો ઉપયોગ કરીને ચુકવણી પર 10% સુધી બચાવી શકે છે. એમેઝોન પે એ બનાવ્યું આને અત્યાર સુધીનો સૌથી વધુ લાભદાયી પ્રાઈમ ડે - એમેઝોન પે ICICI બેંક ક્રેડિટ કાર્ડ અને એમેઝોન પે લેટર પર ત્રણ મહિનાનો નો કોસ્ટ EMI નો લાભ હવે મળશે જીવનની દરરોજની જરૂરી ચીજવસ્તુઓ અને ઘર અને રસોડાના ઉત્પાદનો સહિત તમામ શ્રેણીઓમાં. ગ્રાહકો શૂન્ય પ્રોસેસિંગ ફી સાથે EMI વ્યવહારો પર વધારાના કેશબેકનો આનંદ માણી શકે છે. પ્રાઈમ ગ્રાહકો એમેઝોન પે ICICI બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી




વખતે 5% અમર્યાદિત કેશબેકનો લાભ મેળવી શકે છે.આ પ્રાઈમ ડે પર, પ્રાઈમ સભ્યોને સેમસંગ, LG, વનપ્લસ, લેનોવો, આસુસ, HP, બોટ, શાઓમી, બોશ, ક્રોમ્પ્ટન અને શાર્કનિન્જા જેવી અગ્રણી ભારતીય અને વૈશ્વિક બ્રાન્ડ્સ તરફથી 500 થી વધુ નવી પ્રોડક્ટ લોન્ચ અને પહેલા ક્યારેય ન જોયેલી ડીલ્સની વિશિષ્ટ ઍક્સેસ સહીત નાના અને મધ્યમ વ્યવસાયો (SMBs) ના ઉત્પાદનો ખરીદવાની તક પણ મળશે. પ્રાઈમ સભ્યો સ્માર્ટફોન, TV, એપ્લાયન્સિસ, ફેશન અને બ્યુટી, ગ્રોસરીઝ, ઓટોમોબાઈલ્સ અને એસેસરીઝ, સ્પોર્ટ્સ અને ફિટનેસ ઈક્વીપમેન્ટ, દરરોજની જરૂરી ચીજ-વસ્તુઓ, એમેઝોન ડિવાઈસ, ઘર અને રસોડાની વસ્તુઓ, ફર્નિચર અને વધુમાં 80% સુધીની છૂટ સાથે મોટી બચત કરી શકે છે.એમેઝોન પર પ્રથમ વખત, એમેઝોન પે ICICI બેંક ક્રેડિટ કાર્ડ અને એમેઝોન પે લેટર પર શૂન્ય વ્યાજ અને શૂન્ય પ્રોસેસિંગ સાથે નો કોસ્ટ EMI નો લાભ તમામ શ્રેણીઓમાં વિસ્તૃત કરવામાં આવી રહ્યો છે - એટલે કે ઈલેક્ટ્રોનિક્સ અને એપ્લાયન્સિસથી લઈને જીવનની દરરોજની જરૂરી ચીજવસ્તુઓ, કરિયાણા અને ઘર અને રસોડાના ઉત્પાદનો સુધી. આ પૈસા વસુલ પ્રસ્તાવ પ્રાઈમ ડે 2025 ની વિશાળ સફળતાને અનુસરે છે, જેમાં એમેઝોન પે લેટરનો ઉપયોગ વાર્ષિક ધોરણે 50% થી વધુ વધ્યો છે. આ પ્રીમિયમ રિવોર્ડ્સને પોતાના 1 કરોડથી વધુ ડિજિટલ ક્રેડિટનો ઉપયોગ કરનારા ગ્રાહકો માટે સરળ અને સુલભ ક્રેડિટ સોલ્યુશન્સ સાથે જોડીને, એમેઝોન પે પારદર્શક અને લવચીક ફાઈનાન્સિંગને સરળતાથી સુલભ તેમજ અત્યંત લાભદાયી બનાવવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને સતત મજબૂત કરી રહ્યું છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 13

# મોદી દ્વિધામાં, ખોમેનેઈના અંતિમ સંસ્કારમાં જવું કે નહીં

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પોઝશકીયાન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અયાતુલ્લા અલી ખોમેનેઈના રાજકીય અંતિમ સંસ્કારમાં ભાગ લેવા આમંત્રણ અપાયું છે. 4 જુલાઈથી તહેરાનમાં અંતિમ દર્શન બાદ ૯ જુલાઈએ મશહદમાં દફન કરાશે, જેમાં 2 કરોડ લોકો ઉમટશે. મોદી સામે અમેરિકા અને ઈરાન બંનેને ખુશ રાખવાનો પડકાર છે.ભારતના દાવા પ્રમાણે ઈરાન સાથે એના સંબંધો હંમેશા સુમેળભર્યા રહ્યા છે. અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધ દરમિયાન પણ કેન્દ્ર સરકાર તરફથી ઈરાન વિરુદ્ધ કોઈ નિવેદન આપવામાં આવ્યું નહોતું. યુદ્ધની શરૂઆતમાં જ મૃત્યુ પામેલા ઈરાનના શાસક અયાતુલ્લા અલી ખોમેનેઈની અંતિમ વિધિ કરવામાં આવી નહોતી. હવે અંતિમ વિધિની શરૂઆત ૪થી જુલાઈથી થઈ રહી છે. ઈરાનના પ્રમુખ મસુદ પોઝશકીયાનએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખોમેનેઈના રાજકીય અંતિમ સંસ્કારમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. ખોમેનેઈના શબને તહેરાનના ગ્રાન્ડ મોસલ્લા ખાતે અંતિમ દર્શન માટે રાખવામાં આવશે. ત્યાર પછી ૯મી જુલાઈએ એમના શરીરને મશહદ સ્થિત ઈમામ રઝા દરગાહમાં દફન કરવામાં આવશે. આ અંતિમ યાત્રામાં લગભગ ૨ કરોડ લોકો ભેગા થવાની શક્યતા છે. મોદીએ ટુક સમયમાં નિર્ણય લેવો પડશે કે તેઓ ઈરાન જઈને ટ્રમ્પને નારાજ કરવા માંગે છે કે પછી અંતિમ યાત્રામાં નહીં જઈને ઈરાનને નારાજ કરશે.નેશનલ કાઉન્સીલ ફોર એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (એનસીઈઆરટી)એ પહેલી વખત નવમાં ધોરણના સામાજીક વિજ્ઞાન પાઠય પુસ્તકમાં ૧૯૭૫ - ૭૭ની ઈમર્જન્સી વિશે ચેપ્ટર મૂક્યું છે. નવા પુસ્તક 'અન્ડર સ્ટેન્ડીંગ સોસાયટી : ઈન્ડિયા એન્ડ બીયોન્ડ'માં કટોકટીને કારણે ભારતીય લોકશાહી કઈ રીતે જોખમમાં આવી હતી એ વિશેનું લખાણ છે. એનસીઈઆરટીના એક અધિકારીએ કબુલ કર્યું છે કે ૭માં ધોરણમાં પહેલી વખત ઈમર્જન્સી પર અલગ ચેપ્ટર છે. આ ઉપરાંત પુસ્તકના 'ઈલેક્શંસ' ચેપ્ટરમાં ચૂંટણી કમિશનના ભારોભાર વખાણ કરવામાં આવ્યા છે. પાઠય પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ઈન્દિરા ગાંધી સરકાર સામે લોકોની નરાજગી વધી રહી હતી. બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારના આરોપોને કારણે દેશમાં કટોકટી લાગુ કરવામાં આવી હતી. ટીકાકારોનું માનવું છે કે, કેન્દ્ર સરકારે પોતાનો એજન્ડા સેટ કરવા માટે કટોકટીનું ચેપ્ટર ઉમેર્યું છે.ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપએ ઉત્તર પ્રદેશમાં પોતાની નવી ટીમ જાહેર કરી છે. ભાજપની નવી ટીમમાં ઓબીસીને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રક્ષામંત્રી રાજનાથ સિંહના પુત્ર નિરજ સિંહને ભાજપના ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. એમના સિવાય પૂજા પાલ અને સુરેશ રાણાને પણ ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. નવી યાદીમાં ૧૯ ઉપપ્રમુખ અને ૮ મહામંત્રીનો સમાવેશ થયો છે. એ જ રીતે પશ્ચિમ, વ્રજ, કાનપુર, અવધ, કાશી અને ગોરખપુર ક્ષેત્રના પ્રમુખોની જાહેરાત પણ કરવામાં આવી છે. સરોજ કુશવાહને મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા છે. દેવેન્દ્ર સિંહ કિશાન મોરચાના પ્રદેશ પ્રમુખ બન્યા છે. અશોક રાવત અનુસૂચિત જાતી મોરચાના પ્રદેશ પ્રમુખ તેમજ પ્રકાશ પાલ પછાત વર્ગ મોરચા પ્રદેશના પ્રમુખ તરીકેની કામગીરી બજાવશે. મુખ્ય પ્રવક્તા દિનેશ પ્રતાપસિંહને બનાવવામાં આવ્યા છે.કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે એમના મજાકીયા સ્વભાવને કારણે જાણીતા છે. તેઓ સંસદમાં જોડકણા જેવી કવિતાઓ બનાવીને સાંસદોનું મનોરંજન કરતા રહે છે. જે પક્ષ સત્તામાં હોય એમને પડખે તેઓ હંમેશા રહે છે. મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય ધમાલ વિશે કોમેન્ટ કરતા એમણે કહ્યું છે કે એક દિવસ ઉદ્ધવ ઠાકરેએ પણ એનડીએમાં આવવું પડશે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના ૬ સાંસદો પક્ષ બદલીને એકનાથ શિંદે સાથે ગયા એ સંદર્ભમાં એમણે આ ટીપ્પણી કરી હતી. એમના કહેવા પ્રમાણે શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદોને લાગી રહ્યું છે કે મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે વધુ મજબૂત નેતા છે અને એનડીએ તેમજ મહાયુતિમાં આવવાથી એમનો વિકાસ થશે. જે રીતે ઉદ્ધવ ઠાકરેની નજીકના નેતાઓ એનડીએ સાથે જોડાઈ રહ્યા છે એ જોતા લાગે છે કે ઉદ્ધવ ઠાકરે પણ એક દિવસ એનડીએ સાથે આવી જશે.સુપ્રિયા સુલેનો આક્ષેપ, ૨૦૨૯ની ચૂંટણી પહેલા પક્ષોને તોડવાની કોશિષએનસીપી (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેએ આક્ષેપ કર્યો છે કે દેશમાં લોકશાહી જોખમમાં છે.

# નાંદોદ તાલુકા ભાજપ પ્રમુખ જતીન પટેલે પણ મનરેગા યોજનામાં મોટો ભ્રષ્ટાચાર કર્યો છે



રાજપીપલા | નર્મદા જિલ્લા ભાજપ કિસાન મોર્ચા પ્રમુખ નિકુંજ પટેલે જે રીતે વરાછા ગામમાં મનરેગા યોજના માં ભ્રષ્ટાચાર કર્યો તેરીતે તાલુકા ભાજપ પ્રમુખે પણ ભ્રસ્ટાચાર કર્યો હોવાથી બંને વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા જિલ્લા કોંગ્રેસે માગણી કરી છે . નર્મદા જિલ્લામાં ભાજપના જ હોદ્દેદારો મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર કરી રહ્યા હોવાનો આક્ષેપ નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિએ લગાવ્યો છે.એ ભાજપના હોદ્દેદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવી, નાંદોદના પૂર્વ ધારાસભ્ય પી.ડી.વસાવા, રાજપીપળા શહેર કોંગ્રેસ પ્રમુખ રાકેશ વસાવા, રાજપીપળા નગરપાલિકા પૂર્વ પ્રમુખ મહેશ વસાવા, માલવ બારોટ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનોએ રેલી સ્વરૂપે. જઈ નર્મદા જિલ્લા કલેક્ટરને મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ આવેદનપત્ર આપ્યું હતું. કોંગ્રેસે આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે નાંદોદ તાલુકા ભાજપ પ્રમુખ જતીન પટેલ તથા એમના પરિવારના સભ્યો મનરેગા યોજનાના લાભાર્થીઓ છે.એમણે 8/4/2024 થી 13/5/2024 દરમિયાન મનરેગા યોજનામાં રોજગારી માટે માંગણી કરી હતી તો બીજી બાજુ આ જોબકાર્ડ 24/5/2025 ના રોજ ડિલીટ મારી દેવાયું હતું.આ જોબ કાર્ડ ડિલીટ કરવાના કારણો, એમાં અધિકારીઓની ભૂમિકા તથા ગેરરીતિ છુપાવવાનો પ્રયાસ થયો છે કે કેમ તેની તપાસ કરવામાં આવે.નર્મદા જિલ્લા ભાજપ કિસાન મોર્ચા પ્રમુખ નિકુંજ પટેલે પણ મનરેગા યોજનામાં મોટો ભ્રષ્ટાચાર કર્યો છે. નાંદોદ તાલુકા ભાજપ પ્રમુખ જતીન પટેલ તથા નર્મદા જિલ્લા ભાજપ કિસાન મોર્ચા પ્રમુખ નિકુંજ પટેલ આર્થિક રીતે સુખી સંપન વ્યક્તિઓ છે.મનરેગા યોજના ગરીબ, જરૂરિયાતમંદ અને ખાસ આદિવાસી શ્રમિક પરિવારના જીવનનિર્વાહ માટે સરકારે બનાવી છે ત્યારે એનો લાભ ભાજપના જ નેતાઓ ઉઠાવી ગરીબોના હક છીનવી રહ્યા છે.

# ગરુડેશ્વર અને તિલકવાડા ની પ્રાથમિકશાળાઓ ની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર

રાજપીપલા | નર્મદા જિલ્લા કલેક્ટરે અત્રે શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ગઈકાલે ગરુડેશ્વર અને તિલકવાડા ની પ્રાથમિક શાળાઓની મુલાકાત લીધી હતી . શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ના ત્રીજા દિવસે નર્મદા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘે ગરુડેશ્વર અને તિલકવાડા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈ પ્રથમવાર શાળા પપ્રવેશ કરનાર બાળકોનું કુમકુમ તિલક કરી, તથા શૈક્ષણિક કીટ અર્પણ કરીને શાળા પ્રવેશ કરાવ્યો હતો.આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ગંગાસિંઘે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ બાળકના શૈક્ષણિક જીવનની નવી શરૂઆતનો આનંદોત્સવ છે. શાળાના પ્રથમ દિવસે બાળકોનું ઉત્સવમય વાતાવરણમાં સ્વાગત કરવામાં આવે છે, જે ક્ષણો તેમના જીવનભર યાદગાર બની રહે છે. શાળા બાળકોના સર્વાંગી વિકાસ માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે, જે તેમને જ્ઞાન, સંસ્કાર અને જીવનમૂલ્યો દ્વારા ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જાય છે.તેમણે વાલીઓને સંબોધતા જણાવ્યું હતું કે, પોતાના બાળકો નિયમિત રીતે શાળાએ જાય છે કે નહીં તેની સતત કાળજી રાખવી અત્યંત જરૂરી છે. બાળકોના પાયાના શિક્ષણને મજબૂત બનાવવામાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. શિક્ષણનો મજબૂત પાયો બાળકના વ્યક્તિત્વ વિકાસ અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં મહત્વનો ભાગ ભજવે છે. તેથી વાલીઓ, શિક્ષકો અને સમાજના સહિયારા પ્રયાસોથી જ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉત્તમ સંસ્કાર આપી શકાય છે.

# શબ્દોને શ્વાસ બનાવી સમાજને જગાડતી કલમકાર નંદની વાસાણીનો આજે જન્મદિવસ

મહેશ એલ. સોની નખત્રાણા



દેશલપર-ભુજની ધરતીની સુવાસને શબ્દોમાં પકડીને ગુજરાતભરમાં મહેકાવતી જાણીતી લેખિકા નંદની વાસાણીનો આજે જન્મદિવસ છે. કચ્છની આ તેજસ્વી દીકરીએ પોતાની કલમના જોરે સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે. અમદાવાદના પ્રતિષ્ઠિત દૈનિક 'અમદાવાદ એક્સપ્રેસ' સહિત રાજ્યના અનેક અગ્રણી દૈનિકો અને સામયિકોના પાને નંદનીના ચિંતનાત્મક લેખો પ્રકાશિત થતા હોય છે. સામાજિક પ્રશ્નોથી લઈને સ્ત્રી-સશક્તિકરણ, સંસ્કૃતિથી લઈને સમસામયિક ઘટનાઓ સુધી નંદનીની કલમ દરેક વિષયને ન્યાય આપે છે અને તેમના લેખનમાં કચ્છની માટીની સુગંધ અને વૈશ્વિક દૃષ્ટિકોણનો અનોખો સમન્વય જોવા મળે છે. લેખિકા તરીકેની ખ્યાતિ ઉપરાંત નંદની એક જાણીતી ન્યૂઝ ટીવી ચેનલની સંવાદદાતા તરીકે પણ ફરજ બજાવી રહી છે અને શબ્દની સાથે દૃશ્ય માધ્યમથી પણ સમાજના પ્રશ્નોને વાચા આપવાનું ભગીરથ કાર્ય એ કરી રહી છે. માઈક હાથમાં હોય કે કલમ, નંદનીનો હેતુ એક જ છે - સત્યને લોકો સુધી પહોંચાડવું. બહોળી લોકચાહના ધરાવતી નંદનીને આજે જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓનો અવિરત ધોધ વરસી રહ્યો છે.

# દેશલપર (ગુંતલી) ગામે પ્રવેશોત્સવના વૃક્ષારોપણ પર ઉઠ્યા ગંભીર સવાલો

> ફોટોગ્રાફ પૂરતું જ વૃક્ષારોપણ? બીજા જ દિવસે વૃક્ષ ગાયબ થતાં ઉઠ્યા ગંભીર સવાલો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામની પ્રાથમિક શાળામાં તા. 24 જૂન, 2026ના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દરમિયાન મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ફોટોગ્રાફ પણ લેવામાં આવ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, બીજા જ દિવસે એટલે કે તા. 25 જૂને વૃક્ષારોપણ કરાયેલી જગ્યાએ કોઈ વૃક્ષ જોવા મળ્યું ન હતું. આ ઘટનાને લઈને ગ્રામજનોમાં અનેક સવાલો ઉભા થયા છે. જો આ આક્ષેપ સાચો હોય, તો શું વૃક્ષારોપણ માત્ર ફોટોગ્રાફ અને ઔપચારિકતા પૂરતું જ હતું?

રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી વૃક્ષારોપણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને પર્યાવરણ જાળવવા માટે સતત જાગૃતિ તથા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ત્યારે આવી ઘટના સરકારના અભિયાનની ગંભીરતાને લઈને પ્રશ્નો ઉભા કરે છે.

સ્થાનિકોએ સંબંધિત શિક્ષણ તંત્ર તેમજ વન વિભાગ દ્વારા સ્થળ તપાસ કરી સમગ્ર મામલાની હકીકત જાહેર કરવાની માંગ કરી છે. જો તપાસમાં આક્ષેપો સાચા સાબિત થાય, તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

# મોહરમ પર્વ નિમિત્તે ભાઈ ચારા ના સંદેશ ઠંડાં પીણા, દૂધ અને શરબતનું વિતરણ..

ડાંગ | ડાંગ જિલ્લાનાં પ્રવેશદ્વાર વઘઈ તથા જિલ્લાનાં મુખ્યમથક આહવા ખાતે મુસ્લિમ સમાજ દ્વારા મોહરમ પર્વની ઈબાદતપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે હઝરત ઈમામ હુસૈન અને તેમના 72 વફાદાર સાથીઓની કરબલાના મેદાનમાં ધર્મ, સત્ય અને ન્યાયની રક્ષા માટે આપેલી શહાદતને યાદ કરવામાં આવી હતી.મોહરમ પર્વ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ કોમી એકતા, ભાઈચારો અને માનવસેવાનો સંદેશ આપતા ન્યાઝ સ્વરૂપે ઠંડાં પીણા, દૂધ અને શરબતનું વિતરણ કર્યું હતુ.વઘઈ અને આહવાના વિવિધ વિસ્તારોમાં તમામ સમાજના લોકોને પ્રેમ અને સૌહાર્દના ભાવ સાથે આ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.આ ઉપરાંત વઘઈ તથા આહવાના સુન્ની મુસ્લિમ જમાતના યુવાનોએ મુસ્લિમ બિરાદરોના ઘરે-ઘરે જઈ દૂધ અને શરબત પહોંચાડી મોહરમ પર્વની ઉજવણીમાં સહભાગીતા દર્શાવી હતી.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાઈચારો, સામાજિક એકતા અને પરસ્પર સૌહાર્દનો સુંદર માહોલ જોવા મળ્યો હતો.

# યૌમેઆશુરાનો પવિત્ર દિવસ ની જાફરાબાદમાં મુસ્લિમ બિરાદરો હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા મહોરમ પર્વની ખૂબ જ શ્રદ્ધા હર્ષોલ્લાસ અને પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો છે. આ પવિત્ર તહેવાર નિમિત્તે શહેરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને ઈમામ હુસેન તથા તેમના સાથીઓની શહાદતની યાદગીરી રૂપે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી આ ઉજવણીના મુખ્ય આકર્ષણ નું કેન્દ્ર તાજિયા અને જુલુસ શહેરના વિવિધ વિસ્તારોમાંથી આકર્ષક અને કલાત્મક તાજિયાના જુલૂસ કાઢવામાં આવ્યા ધાર્મિક પ્રવૃત્તિઓ મહોરમના દસ દિવસ દરમિયાન ઈમામ હસન અને ઈમામ હુસેનની યાદમાં ઠેર- ઠેર છબીલનુ આયોજન કરવામાં આવ્યું હતું રાહદારીઓ માટે ઠંડા પીણા, શરબત અને ન્યાઝ પ્રસાદ નું વ્યાપક પ્રમાણમાં વિતરણ કરવામાં આવ્યું હતું કોમી એકતા ના આ પર્વ દરમિયાન હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો પણ એકબીજા ને સહોયોગ આપીને સાંપ્રદાયિક સદભાવ અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે.

મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ ની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી મુસ્લિમ સમાજ દ્વારા યૌમેઆશુરાનો પવિત્ર દિવસ છે. ઈસ્લામી નવા વર્ષનો પ્રથમ મહિનો એટલે મોહરમ આ મહિનામાં પૈગંબર હઝરત મુહમ્મદ સાહેબના દોહિત્ર એટલે કે દિકરીના દિકરા હઝરત ઈમામ હુસેન ઈબ્ને અલીરદી અલ્લાહો અન્હો એ પોતાના પરિવાર જનો સ્નેહી ઓ મિત્રો સહીત ૭૨ જાનિશારોની યાદી અપાવે છે.

# રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા ખાંભાના ચતુરી ગામે સિંહના હુમલામાં માસૂમ બાળકનું મોત: વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ લીધી મુલાકાત

અમરેલી | અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ચતુરી ગામે સિંહના હુમલામાં ૫ વર્ષના માસૂમ બાળક જીયાનના કમકમાટીભર્યા મોતની ઘટના બાદ આજે ગુજરાત રાજ્યના વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ રૂબરૂ ગામની મુલાકાત લીધી હતી. વનમંત્રીએ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો સાથે ઘટનાસ્થળનું જાત-નિરીક્ષણ કર્યું હતું અને પીડિત પરિવારને મળીને સાંત્વના પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન વન વિભાગના વડા (PCCF) જયપાલસિંહ, સી.એફ. રામ રતન નાલા, સ્થાનિક જે.વી. કાકડીયા તેમજ પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. માસૂમ બાળકના મોતના પગલે ચતુરી ગામની બજારોમાં ભારે ગમગીની અને આક્રોશનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ વનમંત્રી સમક્ષ લેખિતમાં ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે, વન વિભાગની નબળી કામગીરીને કારણે રેવન્યુ (માનવ વસવાટવાળા) વિસ્તારમાં સિંહ-દીપડાઓનો ત્રાસ વધ્યો છે. લોકોએ વન્યજીવોને તાત્કાલિક જંગલ વિસ્તારમાં ખસેડવા માટે ખાસ ઓપરેશન ચલાવવાની માંગ કરી છે. ગામના સરપંચ કમલેશભાઈ જાનીએ જણાવ્યું હતું કે,માલધારીઓએ વનમંત્રી સમક્ષ શાંતિપૂર્ણ પણ મક્કમ રજૂઆત કરી છે કે ગીર જંગલની અંદર પશુઓ ચરાવવા માટે માલધારીઓને મંજૂરી આપવામાં આવે. આ સાથે જ સીમ-વગડામાં જતા ખેડૂતો અને માલધારીઓને પોતાની આત્મરક્ષા માટે લાકડી કે કુહાડી જેવા પરંપરાગત સાધનો રાખવાની છૂટ આપવામાં આવે.

# કન્ટેનર પલ્ટી જતા અકસ્માત, ચાલક અને કલીનરનો ચમત્કારિક બચાવ..




ડાંગ | ડાંગ જિલ્લાનાં સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ઘાટમાર્ગમા ગત રાત્રીનાં અરસામાં એક કન્ટેનર પલ્ટી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.જોકે, આ અકસ્માતમાં ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલું કન્ટેનર નં. જીજે-23-એ.ડબ્લ્યુ.0375 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ઘાટમાર્ગમાં ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંક પર પહોંચતા ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે કન્ટેનર માર્ગની બાજુએ પલ્ટી મારી ગયુ હતુ.આ અકસ્માતને કારણે કન્ટેનર તેમજ તેમાં ભરેલા માલસામાનને જંગી નુકસાન પહોંચ્યું હતુ.ઘટનામાં કન્ટેનરના ચાલક અને ક્લીનરને સામાન્ય ઈજાઓ પહોંચતા તેમનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો.આ અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તથા સંબંધિત તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.આ અકસ્માતને પગલે થોડા સમય માટે ઘાટમાર્ગ પર વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો..

# મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક પેટે વેપારી ને રૂ.૭૦૦૦/-નો દંડ તથા જાહેરમાં રસ્તા ઉપર પર પાણી ઢોળતા વેપારીને રૂ ૨૦૦/- નો દંડ કરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. રાજ્ય સરકારની 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' ઝુંબેશને વેગ આપવાના ભાગરૂપે તા:૨૫/૦૬/૨૦૨૬ ના રોજ જુનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન પ્રતિબંધિત પ્લાસ્ટિકની ઝુંબેશ તેમજ જાહેર માં રસ્તાપર પાણી ઢોળવા તેમજ ન્યુસન્સ ફેલાવવા બાબતનું ચેકિંગ કરી એક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન સેનિટેશન વિભાગના અધિકારીઓ અને સુપરવાઈઝરો અને એસ આઈ ની ટીમે વિવિધ બજારોમાં જઈને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સ્થાનિક વેપારીઓ,નાના દુકાનદારો તેમજ લારી-ગલ્લાવાળાઓને કાયદાકીય જોગવાઈઓ ની સમજ આપી હતી અને ભવિષ્યમાં પ્લાસ્ટિક બેગ કે અન્ય પ્રતિબંધિત સામગ્રીનો ઉપયોગ ન કરવા અને કાપડ ની થેલી નો ઉપયોગ કરવા માટે કડક સૂચના આપી ચેતવણી આપી હતી.આ સાથે જ ટીમ દ્વારા શહેરના દરેક વોર્ડમાં આવેલી દુકાનો અને વ્યાપારી એકમોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક તેમજ જાહેર માં રસ્તા પર દુકાનદાર દ્વારા પાણી ઢોળવા અને ન્યુસન્સ ફેલાવવા બાબતે આકસ્મિક અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા આસામીઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરીને સ્થળ પર જ ગોકુલ પાનના વેપારી પાસેથી રૂપિયા ૨૦૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો તેમજ અલગ અલગ વેપારી પાસે ૫ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂ. ૭૦૦૦/- ની વસૂલાત કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા જુનાગઢના તમામ પ્રબુદ્ધ નાગરિકો,વેપારી મંડળો અને શાકભાજી-ફળોના વિક્રેતાઓને પર્યાવરણના રક્ષણ માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો બહિષ્કાર કરવા અને જુનાગઢને પ્લાસ્ટિક મુક્ત, સ્વચ્છ અને ગ્રીન સિટી બનાવવામાં તેમજ જાહેર માં પાણીનો બગાડ કરી અને ગંદકી ન કરવા સંપૂર્ણ સહયોગ આપવા ખાસ અપીલ કરવામાં આવી છે.

# રાજપીપળા માં રૂ.૬૫.૪૮ લાખની છેતરપીંડી કરનાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

રાજપીપલા | રાજપીપળા માં લાખો રૂપિયા ની છેતરપિંડી કરનાર વ્યક્તિ સામે ફરિયાદ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી મુજબ સિધ્ધરાજસિંહ ગજેન્દ્રસિંહ ગોહેલ, ઉ.વ.૨૪. રહે. નવાપરા, સરકારી પ્રયોગશાળા પાછળ,દરબાર રોડ રાજપીપળા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તનવીરહુશેન ઝાકીરહુશેન મલેક રહે, વડફળીયુ, રાજપીપલા, તા.નાંદોદ, જી. નર્મદા નાઓએ સિદ્ધરાજસિંહ ના પિતા ગજેંદ્રસિંહ નાઓના પોસ્ટ ખાતા માથી તેમને આપેલ રૂ/- ૧૦,૦૦,૦૦૦/- તેમજ ફરીયાદીના પોતાના IDFC બેંકના એકાઉન્ટ માથી આરોપીને અલગ અલગ ટ્રાઝક્સન માધ્યમથી આપેલ રૂ/- ૫,૦૦,૦૦૦/- તેમજ ફરીયાદીના પિતાના અલગ અલગ ક્રેડીટ કાર્ડ માથી ફરીયાદીએ આરોપી નાઓને આપેલ રૂપીયા ૨,૦૬,૯૮૩/- તેમજ BAJAJ, IDFC, તથા HDB ફાઈનાંસ માથી ઓનલાઈન એપ્લીકેસન મારફતે આરોપી નાઓને આપેલ રૂ/- ૩,૮૮,૦૫૩ માથી રૂ/- ૧,૭૯,૦૬૫ પરત નહી આપી આરોપી ફરીયાદીને આરોપીએ લોભામણી લાલચ આપી ઉપરોક્ત જણાવેલ મુજબના કુલ રૂ/- ૧૮,૮૬,૯૮૩/- મેળવી લઇ ફરીયાદીને બદદાનતથી ઈરાદા પુર્વક આજ દિન સુધી પરત નહી આપી ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ હોઈ.

# સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ જુનાગઢ દ્વારા જૂનાગઢમાં ૧૫ વિઘા જમીન પર આકાર પામશે આધુનિક અતિથી ભવન અને પાર્ટીપ્લોટ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. જૂનાગઢ શહેરમાં વસતા લેઉવા પટેલ સમાજનાં યુવાઓએ શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટની રચના કરી સમાજોત્કર્ષની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. સમયનાં બદલાવ અને શહેરની ટ્રાફીક સમશ્યાને ધ્યાને લઇને નગરનાં સમાજ ભવનોની જગ્યાએ હવે આધુનિક પાર્ટી પ્લોટો, બેન્ક્વેટ હોલ તથા અતિથિ ભવનના નિર્માણ થાય તે દિશામાં પ્રગતી કરી છે. સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા ખલીલપુર ચોકડી નજીક ૧૫ વિઘા જેટલી જમીન ખરીદી તેમાં આધુનિક સુવિધાઓથી સજ્જ પાર્ટી પ્લોટો, બેન્ક્વેટ હોલ તથા અતિથિ ભવનના નિર્માણ ના પ્રથમ ચરણરૂપે જમીનના દસ્તાવેજ ભીમ અગિયારસના પાવન અને શુભ દિવસે, સંપન્ન થતાં જુનાગઢ શહેર તેમજ આજુ બાજુના તમામ ગામોના લેઉવા પટેલ સમાજના ઉપયોગ માટે પાર્ટી પ્લોટો, બેન્ક્વેટ હોલ તથા અતિથિ ભવનના નિર્માણના પ્રથમ ચરણરૂપે જમીનના દસ્તાવેજ નિમિત્તે પૂજન અને પ્રાર્થના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઝાંઝરડા બાયપાસ, ખલીલપુર ચોકડી, ખોડિયાર મંદિર, જુનાગઢ. સમાજના આ ઐતિહાસિક અને ગૌરવવંતા પ્રસંગે લેઉવા પટેલ સમાજ પરિવાર સહિત ઉપસ્થિત રહી ગૌરવવંતી ક્ષણનાં સાક્ષી બન્યા હતા.

# કાશીનું મરણ અને કાશીનું ભ્રમણ

કાશીમાં શ્રાવણ મહિનાથી વારાણસી આવતા યાત્રીઓ માટે રોપ-વે શરૂ થશે. 3.75 કિલોમીટરના આ રૂટ પર 5 સ્ટેશનો હશે અને 220 કેબલ-કાર દ્વારા તીર્થભૂમિનો એરિયલ વ્યુ મળશે. 800 કરોડના ખર્ચે બનનાર આ પ્રોજેક્ટમાં અત્યાધુનિક સેન્સર અને સ્કેનર લાગશે, જે ગંડોલાની પળપળની જાણકારી કંટ્રોલ રૂમને આપશે. સુરતનું જમણ અને કાશીનું મરણ એમ કહેવાતું, પણ હવે એટલો ઉમેરો થશે કે કાશીનું મરણ અને કાશીનું ભ્રમણ. કારણ, કાશી એટલે વારાણસીમાં ગંગા નદીમાં નૌકાયાત્રા. તીર્થનગરીમાં તીર્થ સ્થાનોની યાત્રા કરાવવામાં આવે છે એમ હવે વારાણસી આવતા યાત્રીઓ માટે શ્રાવણ મહિનાથી રોપ-વે પણ શરૂ થઈ જશે. આ પ્રોજેક્ટ ટેકનિકલ અને સુરક્ષાની દ્રષ્ટિએ અત્યાધુનિક હશે. રોપ-વેની આ સિસ્ટમ સ્કાડા (સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્વિઝિશન) તરીકે ઓળખાય છે. આ રોપ-વેના ટાવર ઉપર અત્યાધુનિક સેન્સર અને સ્કેનર લગાડવામાં આવશે. એટલે ગંડોલા (કેબલકાર)ની પળપેળની જાણકારી કન્ટ્રોલ રૂમને મળતી રહેશે. કન્ટ્રોલ રૂમના સ્ક્રીન પર દેખાશે કે કેબલ-કાર કયા ટાવર પાસેથી પસાર થાય છે અને આગલું સ્ટેશન કેટલું દૂર છે. રોપવેની લંબાઈ ૩.૭૫ કિલોમીટર છે અને આ રૂટ પર પાંચ સ્ટેશનો આવેલાં છે. કેંટ સ્ટેશનથી ગોદૌલિયા વચ્ચેની આ યોજના પાછળ ૮૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. કેબલ-કારની સંખ્યા ૨૨૦ની હશે અને તીર્થભૂમિ વારાણસીના એરિયલ વ્યુનો લાભ મળશે. રોપ-વેનાં પાંચેય સ્ટેશનો પર કાશીની ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાની ઝાંખી જોવા મળશે. આ રોપ-વેનો આશય પર્યટનને ઉત્તેજન આપવાનો પણ છે. હવે ભવિષ્યમાં એમ કહેવાશે સુરતનું જમણ અને કાશીનું ગગન-ભ્રમણ. હાથીને સુરક્ષા કવચ ચલ ચલ મેરે હાથી ઓ મેરે સાથી વર્ષો પહેલાં 'હાથી મેરે સાથી' ફિલ્મ આવેલી એ ફિલ્મનું આ ગીત હજીય લોકજીભે ચડે છે, પરંતુ આજના સંદર્ભમાં આ ફિલ્મનું ટાઈટલ ફેરવીને કરવું પડે કે, હાથી મરે શાથી? એટલે અકસ્માતનો ભોગ બનીને હાથી કેમ મરે છે? ટ્રેનો કે રસ્તા પરનાં વાહનોની અડફેટે ચડી હાથી મરે નહીં કે ઘાયલ ન થાય એ માટે કોઈ ઉપાય અજમાવવામાં કેમ નથી આવતા? આ સવાલ દરેક પ્રાણીપ્રેમીના મનમાં ઘૂમરાતો હશે. આ સવાલના જવાબ રૂપે રેલવેએ સંરક્ષણ ખાતા સાથે મળીને હાથીઓને બચાવવા માટે સ્વદેશી સુરક્ષા કવચની શોધ કરી છે. પ્રાયોગિક ધોરણે આ સુરક્ષાકવચ નોર્થ-ઈસ્ટ ફ્રંટિયર (એનએફઆર) રેલવે ઝોનના લુમડિંગ ડિવિઝનમાં કામ લગાડવામાં આવ્યું છે. આ કવચમાં થર્મલ કેમેરા સાથેની ખાસ ડિવાઈસ ટ્રેનના એન્જિનના લોકો-પાયલટને આપવામાં આવે છે. આ ડિવાઈસની મદદથી પાટા ઉપર બેથી આઠ કિલોમીટરના અંતરે હાથી આવી ગયો હશે તો લોકો પાયલટ ટ્રેનની ગતિ ધીમી કરીને, વ્હીસલ વગાડીને અથવા સમયસર બ્રેક મારીને હાથીની જિંદગી બચાવી લેશે. આ ડિવાઈસનું ઘણું સારૂં પરિણામ જોવા મળ્યું છે. એટલે હવે પછી જ્યાં વધુ હાથી હોય એવાં એલિફન્ટ કોરિડોરમાંથી પસાર થતી ટ્રેનોના લોકો-પાયલટોને આ ડિવાઈસ પૂરી પાડવામાં આવશે. જૂની કહેવત છે કે હાથી જીવતો લાખનો અને મર્યા પછી સવા લાખનો. પણ પ્રાણીપ્રેમીઓને મન તો જીવતો હાથી સવા લાખનો નહીં સવા કરોડનો છે. એટલે જ નવી સુરક્ષા કવચ ડિવાઈસને આવકાર મળ્યો છે. જમાઈને સોનું આપવાનું હતું ભેટમાં, એ પહોંચ્યું બિલાડીના પેટમાં હળવાશથી જમાઈની મશ્કરી કરતા એવું કહેવાય છે કે જ્યાં જાય જમાઈ ત્યાં બધું જાય જમાય પણ મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં એક પરિવારે અધિક માસમાં જમાઈને નોતર્યા અને સરપ્રાઈઝ આપવા માટે સરસ મજાના લાડુ બનાવી એમાં પાંચ ગ્રામ સોનાની વીંટી સંતાડી દીધી. પણ એવું થયું કે જમાઈ જમવા બેસે એ પહેલાં ઘરની બિલાડી એ લાડુ ચટ કરી ગઈ! આમ, ભેટ પહોંચી બિલાડીના પેટમાં. પરિવારજનોએ નક્કી કર્યું કે ગમેતેમ કરીને વીંટી બિલાડીના પેટમાંથી કઢાવવી પડશે.

# ભારતનો પાસપોર્ટ ભારતની નાગરિકતાનો પુરાવો નથી

વિદેશ મંત્રાલયે તાજેતરમાં જણાવ્યું કે, પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી, માત્ર મુસાફરીનો દસ્તાવેજ છે. આ નિવેદનથી વિવાદ સર્જાયો છે, કારણ કે લોકો આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ આપતા પાસપોર્ટને નાગરિકતાનો પુરાવો કેમ ન ગણી શકાય તેવો સવાલ ઉઠાવી રહ્યા છે. સરકારે સ્પષ્ટતા કરી કે આ દાયકાઓ જૂની કાનૂની સ્થિતિ છે. આધાર, પાન કે વોટર આઈડી પણ નાગરિકતાનો પુરાવો નથી.

21મી સદીમાં આ તે કેવું લોકતંત્ર નાગરિકતા પુરવાર કરવા કોઈ બંધારણીય માળખું જ નથી

પાસપોર્ટ ભારતીયોને વિદેશ પ્રવાસ કરવામાં, ત્યાં અભ્યાસ કરવા જવામાં કે વિદેશોમાં ભારતીય દૂતાવાસો દ્વારા મળતી સેવાઓનો લાભ લેવા અથવા તો આકરી કે કપરી સ્થિતિમાં દૂતાવાસની મદદ લેવા માટેનો આ મહત્ત્વનો આધાર પણ ગણાય છે. ભારતમાં જ કાયદાકિય સ્થિતિ એવી છે કે, ભારતના જ પાસપોર્ટને ભારતીયોની નાગરિકતા માટેનો પુરાવો ગણવામાં આવતો નથી : ભારતમાં જન્મના આધારે બર્થ સર્ટિફિકેટ અને તેને સંલગ્ન દસ્તાવેજોના આધારે વ્યક્તિની નાગરિકતા નક્કી કરવામાં આવે છે. આઝાદીથી 1987 સુધીમાં, ત્યારબાદ 2004 સુધીમાં અને 2004 પછી જન્મેલા લોકોના બર્થ સર્ટિફિકેટ તથા તેમના માતા-પિતાના વિવિધ સર્ટિફિકેટ સંયુક્ત રીતે જે-તે વ્યક્તિ ભારતીય હોવાનું સિદ્ધ કરે છે.

ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિ ભારતની નાગરિક છે કે નહીં તે કેવી રીતે અને કયા દસ્તાવેજો દ્વારા સાબિત કરી શકાય છે. આ એક એવી બાબત છે જેના વિશે આજદિન સુધી ભારતીયોને જ ખબર નથી. ભારતીયો પાસે જાતભાતના વેરિફિકેશનના નામે જે દસ્તાવેજો બનાવવામાં આવે છે તે જ્યારે ખરેખર ઉપયોગમાં લેવામાં આવે ત્યારે માન્ય ગણાતા નથી. તાજેતરમાં ભારતીય પાસપોર્ટને નાગરિકતાનો પુરાવો ન ગણી શકાય તેવું વિદેશ મંત્રાલયનું જ વલણ સામે આવતા વિવાદ થયો છે. આ વિવાદમાં સરકારે જે ખુલાસો કર્યો છે તે વધારે આંચકાજનક છે.

કેન્દ્ર સરકારે તાજેતરમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આ કોઈ નવો નિયમ કે તાજેતરનો નીતિગત ફેરફાર નથી, પરંતુ આ કાનૂની સ્થિતિ દાયકાઓથી અમલમાં છે. એક અધિકારીએ કહ્યું કે, એવું બિલકુલ નથી કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવો નિર્ણય ગઈકાલે જ લેવાયો હોય, આ કાયદો વર્ષો જૂનો જ છે. હકિકતે બે દિવસ પહેલાં વિદેશ મંત્રાલય (MEA) દ્વારા 'પાસપોર્ટ સેવા દિવસ' નિમિત્તે ચિપ-આધારિત ઈ-પાસપોર્ટના ફાયદાઓ વિશે માહિતી આપવામાં આવી રહી હતી. આ બ્રીફિંગ દરમિયાન મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે પાસપોર્ટ એ મુખ્યત્વે મુસાફરી માટેનો દસ્તાવેજ (ટ્રાવેલ ડોક્યુમેન્ટ) છે, તેથી તેને નાગરિકતાનો અંતિમ કે પાકો પુરાવો ન ગણવો જોઈએ. વિદેશ મંત્રાલયના આ નિવેદન બાદ વિપક્ષી નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને સોશિયલ મીડિયા પર પણ આ મુદ્દે મોટી ચર્ચા જાગી હતી, લોકો સવાલ ઉઠાવી રહ્યા હતા કે જે દસ્તાવેજ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ અને ઓળખ અપાવે છે, તેને જ દેશની નાગરિકતાનો પુરાવો કેમ ન માની શકાય?

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ વિદેશમંત્રાલયે જણાવ્યું કે, પાસપોર્ટને ટ્રાવેલ ડોક્યુમેન્ટ કહી શકાય પણ વ્યક્તિની ઓળખ માટે તેનો દેશના નાગરિક તરીકેનો પુરાવો ન ગણી શકાય. આ એક એવું ડોક્યુમેન્ટ છે જે ભારતીયોને વિદેશ પ્રવાસ કરવામાં, ત્યાં અભ્યાસ કરવા જવામાં કે વિદેશોમાં ભારતીય દૂતાવાસો દ્વારા મળતી સેવાઓનો લાભ લેવા અથવ તો આકરી કે કપરી સ્થિતિમાં દૂતાવાસની મદદ લેવા માટેનો આ મહત્ત્વનો આધાર પણ ગણાય છે. ભારતમાં જ કાયદાકિય સ્થિતિ એવી છે કે, ભારતના જ પાસપોર્ટને ભારતીયોની નાગરિકતા માટેનો પુરાવો ગણવામાં આવતો નથી. સવાલ એ થાય છે કે, ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા અપાતા પાસપોર્ટ, આધારકાર્ડ, પાનકાર્ડ, વોટરઆઈડી જેવા દસ્તાવેજો બધે જ જમા કરાવવા અને પુરાવા તરીકે રજૂ કરવા ફરજિયાત છે પણ જ્યારે ભારતીયોની નાગરિકતાની વાત આવે ત્યારે તેને પુરાવા માનવામાં આવતા નથી.

મહત્ત્વની વાત એ છે કે, પાસપોર્ટ અધિનિયમ ૧૯૬૭ હેઠળ ભારતીય પાસપોર્ટ માત્ર ભારતીય નાગરિકોને જ આપવામાં આવે છે. પાસપોર્ટ માટે અરજી કરવા દરમિયાન પોલિસ વેરિફિકેશન, દસ્તાવેજોની ચકાસણી અને ઓળખ વગેરે ઘણી પ્રક્રિયામાંથી પસાર થવાનું હોય છે. પાસપોર્ટ અધિનિયમની કલમ ૬(૨)(એ) હેઠળ કહેવાયું છે કે, અધિકારીઓ દ્વારા અરજદાર ભારતનો નાગરિક ન હોય તો તેનો પાસપોર્ટ રિજેક્ટ કરી શકાય છે. તેના કારણે જ લોકો પાસપોર્ટને ભારતીય હોવાનો મજબૂત પુરાવો માને છે. ભેદ અહીંયા જ છે. મજબૂત પુરાવા અને અંતિમ અને પ્રમાણિત પુરાવામાં મોટો તફાવત છે. વિદેશ મંત્રાલય પણ જણાવે છે કે, પાસપોર્ટ નાગરિકતાનું મજબૂત પ્રમાણ છે પણ તેને અંતિમ પુરાવો ગણી શકાય નહીં.

ખાસ વાત એ છે કે, બર્થ સર્ટિફિકેટ પણ વ્યક્તિની નાગરિકતા સિદ્ધ કરવાનો નક્કર દસ્તાવેજ નથી. ભારતમાં નાગરિકતાના કાયદામાં સમયાંતરે ફેરફાર થતો આવ્યો છે. આ કાયદાને અનુલક્ષીને જ્યારે વ્યક્તિના બર્થ સર્ટિફિકેટની માન્યતાની વાત આવે ત્યારે તેના જન્મના વર્ષ ઉપર આધાર રાખે છે કે વ્યક્તિ ભારતની નાગરિકતા ધરાવે છે કે નહીં. સૌથી પહેલાં તો ભારતમાં ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ૧ જુલાઈ ૧૯૮૭ સુધી જન્મેલા લોકોનું બર્થ સર્ટિફિકેટ એટલે કે જન્મનું પ્રમાણ પત્ર જ નાગરિકતા માટે પૂર્ણ અને અંતિમ પુરાવો ગણાય છે. તે સમયે ભારતમાં નિયમ હતો કે, ભારતમાં જન્મ લેનારી દરેક વ્યક્તિને ભારતની નાગરિકતા આપી દેવી. તે સમયે જન્મ લેનારાના માતા પિતા ગમે તે દેશના હોય કે ગમે ત્યાંથી નાગરિકતા ધરાવતા હોય તેનાથી કોઈ ફરક પડતો નહોતો.

આ ઉપરાંત ૧ જુલાઈ ૧૯૮૭થી ૩ ડિસેમ્બર ૨૦૦૪ વચ્ચે જન્મેલા લોકોનું બર્થ સર્ટિફિકેટ માત્ર માન્ય પુરાવો નથી. તેની સાથે તેમણે એ પણ સિદ્ધ કરવું પડે છે કે, તેમના પરિવામાં ઓછામાં ઓછી એક વ્યક્તિ પ્રમાણિત ભારતીય નાગરિક છે. આ સિવાય ૩ ડિસેમ્બર ૨૦૦૪ પછી જન્મેલા કોઈપણ વ્યક્તિને સીધે સીધી નાગરિકતા મળતી નથી. તેની પહેલાં તેના માતા-પિતાની ભારતીય નાગરિક હોવાના પુરાવા તથા બર્થ સર્ટિફિકેટ જરૂરી છે. અહીંયા માતા અથવા પિતામાંથી કોઈપણ એક ભારતીય હોય અને બીજી વ્યક્તિ ભારતમાં ગેરકાયદે રહેતી નથી તે પણ સિદ્ધ કરવું પડે છે. આશ્ચર્યજનક વાત એ છે કે, આધાર કાર્ડ, વોટર આઈડી, પાનકાર્ડ અને બર્થ સર્ટિફિકેટ અંગે લોકોમાં ભયાનક ભ્રમ ફેલાયેલો છે. લોકોને આ દસ્તાવેજોની વાસ્તવિકતા અને તેના કાયદાકિય સ્વીકૃતિ વિશે પૂરતું જ્ઞાન જ નથી અને આપવામાં પણ આવ્યું નથી. આધાર કાર્ડની જ વાત કરીએ તો યુઆઈડીએઆઈ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલી જ છે કે, આધારકાર્ડ કોઈપણ ભારતીય માટે નાગરિકતાનું પ્રમાણપત્ર નથી. આધાર કાયદા હેઠળ આ કાર્ડ એવી વ્યક્તિને આપવામાં આવે છે જે ભારતમાં રહે છે. તેનાથી વ્યક્તિ ભારતનો નાગરિક હોવાનું પુરવાર થતું નથી. તેથી આધાર કાર્ડ કોઈપણ વ્યક્તિની નાગરિકતાનો પુરાવો ગણી શકાય નહીં. પાન કાર્ડ પણ એવું જ છે. તે ઈન્કમટેક્સ સિસ્ટમનું ઓળખ પત્ર છે. પાનકાર્ડ દ્વારા વ્યક્તિની આર્થિક ગતિવિધિઓ અને કામગીરીઓ ઉપર નજર રાખી શકાય છે. પાનકાર્ડ ધરાવનાર વ્યક્તિ પણ સરકારી સેવાઓમાં અને ખાસ કરીને આર્થિક બાબતોમાં તેનો ઉપયોગ કરી શકે તે માટે હોય છે. તેનાથી કોઈની ક્યારેય નાગરિકતા સિદ્ધ થતી નથી.

રેશનિંગ કાર્ડની પણ આવી જ સ્થિતિ છે. સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ મળે તે માટે વ્યક્તિ પ્રમાણિત છે અને રજિસ્ટર્ડ છે તે સાબિત કરવા આ કાર્ડ અપાય છે. તેને પણ નાગરિકતાનું પ્રમાણ માનવામાં આવતું નથી. વોટરઆઈડી કાર્ડને પણ નાગરિકતાનું પ્રમાણ ગણવામાં આવતું નથી. અન્ય ડોક્યુમેન્ટની સરખામણીએ વોટરઆઈડી કાર્ડ વધારે સંવેદનશિલ દસ્તાવેજ છે છતાં તેની માન્યતા ચૂંટણીથી વિશેષ નથી.

જનપ્રતિનિધિત્વ કાયદા ૧૯૫૦ હેઠળ માત્ર ભારતીય નાગરિકને મતદાર યાદીમાં સ્થાન આપવામાં આવે છે. આ યાદીમાં સ્થાન ધરાવતી વ્યક્તિને જ આ કાર્ડ અપાય છે અને તેના આધારે તેને મતદાતા તરીકે સ્વીકારવામાં આવે છે. ચૂંટણી દરમિયાન ચૂંટણી અધિકારી પણ આ મતદાર કાર્ડ થકી જ જે-તે વ્યક્તિને મતદાર તરીકે માન્ય રાખીને મત આપવા દે છે. તેમ છતાં આ કાર્ડને પણ નાગરિકતાનો પુરાવો ગણી શકાય તેમ નથી.

સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન કે નેચલાઈઝેશન

દ્વારા જ નાગરિકતા સાબિત થાય

જાણકારના મતે ભારતીય કાયદામાં નાગરિકનું સૌથી સ્પષ્ટ અને નિર્વિવાદિત પ્રમાણ છે નાગરિકતા કાયદા ૧૯૫૫ હેઠળ જાહેર કરવામાં આવેલા સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન અથવા તો સર્ટિફિકેટ ઓફ નેચરલાઈઝેશન દ્વારા જ વ્યક્તિ પોતાની નાગરિકતા સિદ્ધ કરી શકે છે. આ સર્ટિફિકેટ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આપવામાં આવે છે. આ સર્ટિફિકેટ એવા લોકોને આપવામાં આવે છે જે જન્મ દ્વારા નહીં પણ રજિસ્ટ્રેશન કે નેચરલાઈઝેશન પ્રક્રિયા પૂરી કરનારને આપવામાં આવે છે. ભારતીય મૂળના કોઈપણ વ્યક્તિ દ્વારા ગૃહમંત્રાલયની આ કાયદાકીય કામગીરી અને પ્રક્રિયા પૂરી કરવામાં આવી હોય તો તેને ગૃહ મંત્રાલય દ્વારા આ નાગરિકતાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. વિવાદ અથવા તો સમસ્યા ત્યાં છે કે, ભારત જેવા અબજોની વસતી ધરાવતા દેશમાં કોઈ અલગ સિટિઝનશિપ સર્ટિફિકેટ આપવા જેવું કોઈ માળખું નથી અને એવો કોઈ દસ્તાવેજ પણ નથી. તેના કારણે જ સમયાંતરે નાગરિકતા સાબિત કરવાનો વિવાદ થતો રહે છે. મૂળ વાત એવી છે કે, પાન, આધાર કે વોટર આઈડી જેવા દસ્તાવેજો ભેગા થઈને સરકારી રેકોર્ડના આધારે નાગરિકતાના દાવાને મજબૂત બનાવી શકે પણ પોતે નક્કર દસ્તાવેજ ગણાતા નથી. ભારતીય લોકશાહીમાં આજે પણ નાગરિકતાનો મુદ્દો યથાવત્ રીતે વિવાદમાં અટવાયેલો છે. ડિજિટલ યુગમાં જ્યાં વ્યક્તિની ઓળખ ચોરીને ડિપફેક બની રહ્યા છે ત્યાં ભારતીયો પાસે પોતાની નાગરિકતા સિદ્ધ કરવાનું બંધારણીય તંત્ર અથવા સર્ટિફિકેટ જ નથી તે સૌથી મોટી કરૂણતા અને ચિંતાજનક સ્થિતિ છે.

આધાર, પાન, વોટર આઈડી નાગરિકતાનો પુરાવો નથી : બોમ્બે હાઈકોર્ટ

મહત્ત્વની વાત એવી છે કે, ભારતમાં અદાલતો દ્વારા સામાન્ય રીતે કોઈ એક દસ્તાવેજને નિર્ણાયક ગણવામાં આવતો નથી. અદાલતો પણ સાક્ષીઓ અને પુરાવાના આધારે વ્યક્તિના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. અદાલતોમાં બર્થ સર્ટિફિકેટ, માતા-પિતાના દસ્તાવેજો, જૂના સ્કૂલ રેકોર્ડ, જમીન નોંધણી, સ્થાનિક કચેરીમાં થયેલી નોંધણી, મતદાર યાદીમાં નોંધણી, પાસપોર્ટ, મકાન રજિસ્ટ્રેશન, વારસાગત દસ્તાવેજો સહિતના દસ્તાવેજો ચકાસવામાં આવે છે. તેમાંય જ્યારે સરહદપારથી આવેલી વ્યક્તિ હોય અથવા તો ઘુસણખોરીનો કેસ હોય ત્યારે અદાલતો દ્વારા તમામ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. ભારતમાં નાગરિકતા માત્ર એક જ દસ્તાવેજ દ્વારા નહીં પણ વિવિધ દસ્તાવેજોના સંયોજન દ્વારા નક્કી કરાય છે. તેના આધારે જ બોમ્બે હાઈકોર્ટે ગત વર્ષે એક બાંગ્લાદેશીના કેસમાં જામીન નકારતા જણાવાયું હતું કે, આધાર, પાન કે વોટર આઈડી દ્વારા કોઈ વ્યક્તિ નાગરિકતા સાબિત કરી શકતી નથી. આ દસ્તાવેજો દ્વારા વ્યક્તિની ઓળખ છતી થાય છે પણ નાગરિકતાના કાયદા હેઠળ જ આ દસ્તાવેજો સિદ્ધ થતા હોય ત્યારે જ વ્યક્તિ ભારતની નાગરિક ગણાય.

# અમેરિકાની કંપની વેચાઇ, સ્ટાફને રાતોરાત મિલિયોનેર બનાવતી ગઇ



કેટલીક કંપનીઓના માલિકો ઉદાર હોય છે. સારું કામ કરનારા તેમજ વર્ષોથી વફાદાર રહેલા સ્ટાફને પોતાના ફેમિલીની જેમ સાચવતા હોય છે. બિઝનેસ ક્ષેત્રે કોર્પોરેટ કલ્ચરની જગ્યાએ પેઢીનું કલ્ચર હતું, ત્યારે કોઈ કર્મચારીને નિવૃત્તિનો ડર નહોતો, કેમ કે પેઢી ચલાવનારા તેમના વૃદ્ધ થઈ રહેલા સ્ટાફને કામ અને પગાર આપીને હસતા રાખતા હતા. પ્રાઈવેટ પેઢીઓમાં પેન્શન સ્કીમ જેવી કોઈ વ્યવસ્થા હોતી નથી, પરંતુ પેઢી દ્વારા ચલાવાતી સેવા એજન્સીઓ સ્ટાફના સભ્યોને સંતાનોના શિક્ષણ તેમજ લગ્નનો ખર્ચ વગેરે ઉપાડવામાં મદદ કરતી હતી.સામે પક્ષે, કોર્પોરેટ કંપનીઓમાં 'યુઝ એન્ડ થ્રો'ની નીતિ ચાલે છે, જેના કારણે હજારો કર્મચારીઓની રાતોરાત હકાલપટ્ટી થઈ જાય છે. કેટલીક કંપનીઓ પોતાની સફળતા પાછળનું કારણ પોતાનો વફાદાર સ્ટાફ હોવાનું સ્વીકારતી આવી છે. ગુજરાતમાં પેઢી સ્ટાઈલ ચાલતી અનેક કંપનીઓ છે. કોરોના કાળમાં કેટલીક કોર્પોરેટ કંપનીઓએ હજારોના સ્ટાફની છટણી કરી હતી, પરંતુ પરંપરાગત શૈલીથી ચાલતી ગુજરાતની કોઈ કંપનીએ કોરોના કાળમાં સ્ટાફને ઘરભેગો નથી કર્યો.કેટલીક કંપનીઓ પોતાને મળતા નફાનો કેટલોક ભાગ સ્ટાફ સુધી પહોંચાડે છે, જેથી સ્ટાફ પ્રોત્સાહિત થઈને વધુ સારું કામ કરે છે. ગુજરાતમાં તો સ્ટાફને બોનસ પેટે ગાડી સુધ્ધાં અપાઈ છે, પરંતુ અહીં જે કિસ્સો આપ્યો છે, તે કંપનીના માલિકે તો પોતાના સ્ટાફને માલામાલ બનાવી દીધો છે. અમેરિકાની કંપની ફાયરબોન્ડે પોતાના સ્ટાફ માટે ૨૪૦ મિલિયન ડોલર ફાળવવાની વાત ઘોષિત કરી ત્યારે તે વાત સમાચાર માધ્યમોમાં ચમકી હતી. આ ફાળવણીની પ્રક્રિયા હવે સંપન્ન થઈ છે.પરિવાર દ્વારા ચલાવાતી અમેરિકાની ફાયરબોન્ડ કંપનીએ તેના ૫૪૦ જેટલા સ્ટાફ મેમ્બર્સને રાતોરાત મિલિયોનેર બનાવી દીધી તે ઘટનાએ વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ૧૯૮૨માં ક્લાઉડ વોકરે શરૂ કરેલું નાનું કારખાનું સમય જતાં ફાયરબોન્ડ નામની નામાંકિત કંપની બની ગઈ હતી. કંપનીનું મુખ્ય કામ ઈલેક્ટ્રિક ઈક્વિપમેન્ટ્સ સપ્લાય કરવાનું હતું. અમેરિકામાં ઈલેક્ટ્રિક ઈક્વિપમેન્ટ સાથે સંકળાયેલી અસંખ્ય કંપનીઓ છે, પરંતુ ફાયરબોન્ડનું નામ વિશ્વમાં ચમકી ગયું છે. આ કંપની અનેક કટોકટીનો સામનો કરી ચૂકી છે, જેમાં ડોટકોમનો ધબડકો, આથક મંદી તેમજ વિનાશક આગ સુધ્ધાંનો સમાવેશ થાય છે. કંપનીને ડેટા સેન્ટર્સ તેમજ આટફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ડિમાન્ડના કારણે ઘણો લાભ થયો છે.ફાયરબોન્ડને ખરીદવા જ્યારે પાવર મેનેજમેન્ટ જાયન્ટ ઈટોન કંપનીએ ઓફર કરી, ત્યારે ફાયરબોન્ડના સીઈઓએ પહેલાં તેના ૫૪૦ જેટલા સ્ટાફને શું મળશે તેનો વિચાર કર્યો હતો. કંપનીનો સોદો કરતી વખતે સીઈઓએ કહ્યું હતું કે કંપનીમાં લાંબા સમયથી કામ કરતા સ્ટાફને આ ડીલથી ચોક્કસ રકમ મળવી જોઈએ. આશ્ચર્ય તો એ વાતનું હતું કે એક પણ કર્મચારી પાસે કંપનીના શેર નહોતા. શેર ન ધરાવતા કર્મચારીઓને પણ સોદાથી સીધો લાભ આપવાની વાત ચર્ચાઈ ત્યારે ખરીદનાર કંપની ઈટોને પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.કંપનીના સીઈઓ ગ્રેહામ વોકરે ઈટોન સાથે ૧.૭ અબજ ડોલરમાં સોદો કર્યો, જેમાંથી સ્ટાફ માટે અલગ રકમ ફાળવવા આવી. આ રકમ ૨૪૦ મિલિયન ડોલર જેટલી હતી.

આ પ્રકારના મોટા ભાગના વેચાણના સોદા પડદા પાછળ થતા હોય છે. સ્ટાફને કંપની વેચાઈ જાય પછી જ ખબર પડતી હોય છે, પરંતુ અહીં તો સોદાની સાથે સ્ટાફની ચિંતા પણ જાહેરમાં વ્યક્ત કરાઈ હતી. ગ્રેહામ વોકરે કહ્યું હતું કે, 'જ્યારે અમે કંપની વેચી રહ્યા છીએ, ત્યારે તેનો લાભ સ્ટાફને પણ મળવો જોઈએ, કેમ કે કંપની ચલાવનારા તે લોકો છે. અમે તો માત્ર સંચાલન કર્યું છે.'

# જી-7 દેશોની બેઠક પછી યુક્રેનના રશિયા પર આક્રમક હુમલા



યુક્રેને રશિયાની ઓઇલ રિફાઇનરી, ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટ અને મોસ્કોની ઈમારતો પર ભયાનક ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલાથી મોસ્કોની સૌથી મોટી ઓઇલ રિફાઇનરી બળીને ખાક થઈ ગઈ, જેનાથી રશિયામાં ભય ફેલાયો. G-7 દેશોની સમિટ બાદ યુક્રેનના આક્રમક હુમલાથી રશિયાનું ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખોરવાયું છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે જો યુક્રેન સળગશે તો રશિયા પણ સળગશે.

વર્લ્ડ વિન્ડો

યુક્રેને રશિયાની ઓઈલ રિફાઈનરી, ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટ પર હુમલા કર્યા છે. પાટનગર મોસ્કોની ઈમારતોને પણ આગમાં હોમી દઈને યુક્રેને એકાએક આક્રમકતા બતાવી છે

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન પાટનગર મોસ્કોથી ૭૦૦ કિલોમીટર દૂર કઝાનમાં એસોસિએશન ઓફ સાઉથ-ઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન) દેશોના વડાઓ સાથે બેઠક કરવાના હતા. એ પહેલાં વહેલી સવારે જ રશિયન સરકારના અધિકારીઓએ હાંફળા-ફાંફળા થઈને તેમને જાણકારી આપી: 'મોસ્કો પર યુક્રેને ભયાનક ડ્રોન હુમલા કર્યા છે અને એમાં પાટનગરની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી બળીને ખાક થઈ ગઈ.' રશિયન પ્રમુખ પુતિન માટે મોસ્કો પર ડ્રોન હુમલાના સમાચાર નવા ન હતા. ૨૦૨૨થી યુક્રેન-રશિયાનું યુદ્ધ ચાલી રહ્યું છે અને એ દરમિયાન અનેક વખત યુક્રેને મોસ્કોને ટાર્ગેટ કરીને ડ્રોન હુમલા કર્યા છે. મોટાભાગના હુમલાની ખાસ અસર થઈ ન હતી. રશિયન એર ડિફેન્સ સિસ્ટમ દર વખતે હુમલાને નિષ્ફળ બનાવીને યુક્રેનનાં સેંકડો ડ્રોન્સ તોડી પાડતી હતી. પાટનગર મોસ્કોની ઈમારતો આગમાં ભડભડ બળતી હોય એવું ક્યારેય બન્યું ન હતું.

પણ જી-૭ દેશોની સમિટના બીજા જ દિવસે થયેલો યુક્રેનનો ડ્રોન એટેક વધારે ઘાતક હતો. એ હુમલાથી પહેલી વખત રશિયાના પાટનગરમાં રહેતા લોકોમાં ભય ફેલાયો હતો. કેટલાય યુક્રેની ડ્રોનને હવામાં તોડી પાડયા હતા તેમ છતાં એમાંથી બચીને અનેક ડ્રોન્સે મોસ્કોમાં હાહાકાર મચાવ્યો હતો. પાટનગરને સલામત રાખતી એર ડિફેન્સ સિસ્ટમ સદંતર નાકામ રહી હતી. પુતિન માટે ચિંતાનો વિષય આ નવો ડ્રોન હુમલો તો હતો જ, પણ મોસ્કોને નિશાન બનાવીને એક જ સપ્તાહમાં બીજી વખત આવો હુમલો થયો તે વધારે ચિંતાજનક બાબત હતી. યુક્રેનના ડ્રોન મોસ્કો સુધી પહોંચવા લાગ્યા છે અને સારી એવી ખાનાખરાબી કરે છે એ રશિયા માટે ચિંતાનો વિષય બન્યો છે. ચાર વર્ષમાં મોસ્કોને નિશાન બનાવીને જે હુમલા થયા એમાં બે સૌથી ભયાનક હુમલા માત્ર એક જ સપ્તાહમાં થયા.

મોસ્કોને ટાર્ગેટ કરીને જે છેલ્લો હુમલો થયો એ ભયાનક એટલા માટે હતો કે તેમાં રશિયાની સૌથી મોટી કહેવાય એવી રિફાઈનરીઓ પૈકી એકનો કચ્ચરઘાણ વાળી દેવાયો હતો. ઓઈલ રિફાઈનરીને ટાર્ગેટ કરીને થયેલા ડ્રોન હુમલા પછી એમાં વિસ્ફોટ થયો હતો. તેના કારણે આસપાસની ઈમારતોમાં પણ આગ લાગી હતી. રશિયન ડિફેન્સ મંત્રાલયે સ્વીકાર્યું કે ૫૫૫ યુક્રેની ડ્રોનને અધવચ્ચે જ તોડી પાડવામાં આવ્યાં હતાં અને એમાંથી ૨૦૦ ડ્રોન્સ તો મોસ્કો પહોંચતા જ હતાં ત્યારે તોડી પડાયાં હતાં. તે છતાં આટલો મોટો હુમલો થયો હતો. જો આટલાં ડ્રોન્સ એક સામટા તોડયાં ન હોત તો મોસ્કોની શું હાલત થાત એ કલ્પના જ કરવી રહી. જે રિફાઈનરી પર હુમલો થયો એ રશિયાની મોટી રિફાઈનરીઓમાંથી એક છે. મોસ્કો અને તેની આસપાસ ફ્યુઅલનો આધાર આ રિફાઈનરી પર જ છે. રિફાઈનરીનું સ્ટોરેજ, ક્રૂડ પ્રોસેસિંગ યુનિટ ડીઝલ હાઈડ્રોટ્રિટિંગ યુનિટને મોટું નુકસાન થયું છે. યુક્રેને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા વધાર્યા છે એટલે આખા વિસ્તારમાં એનર્જી ક્રાઈસિસની ભીતિ છે. રશિયાના ઓઈલ પ્રોડક્શનને ખોરવી નાખવા માટે આ હુમલો થયો હતો. રશિયાની ક્રૂડ અને ગેસની સપ્લાય આ હુમલાથી ખોરવાઈ જવાની શક્યતા છે.યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સોશિયલ મિડીયામાં જે કહ્યું તે મહત્ત્વનું છે. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે જો યુક્રેન સળગશે તો રશિયા પણ સળગશે. અત્યાર સુધી રશિયાએ આક્રમકતા બતાવી, હવે આક્રમક થવાનો વારો યુક્રેનનો છે. યુક્રેન પીછેહઠ નહીં કરે. રશિયન પ્રમુખ યુદ્ધમાં પીછેહઠ કરવાના પક્ષમાં નથી. યુદ્ધની આગને ફેલાવવાના જ પ્રયાસો કરે છે તો હવે એ આગમાં શેકાવાનો વારો રશિયાનો છે. રશિયાના પ્રમુખ શાંતિ ઈચ્છતા નથી તો હવે યુક્રેન પણ તમામ પ્રકારે વળતા જવાબો આપશે.રશિયાએ યુદ્ધની શરૂઆતથી જ યુક્રેનની પાવરગ્રીડ પર હુમલા કર્યા હતા. કીવ સહિત કેટલાય વિસ્તારોમાં વીજળી ખોરવાઈ જાય તેવા ભીષણ હુમલા રશિયાએ કર્યા હતા. હજુય રશિયા યુક્રેનના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટાર્ગેટ કરીને હુમલા કરે જ છે, પરંતુ યુક્રેન પાસે એવી સ્ટ્રેન્થ નહોતી. યુક્રેને શરૂઆતમાં રશિયાની પાવરગ્રીડ અને એનર્જી સેક્ટરને નિશાન બનાવવા પ્રયાસો કર્યા હતા, પરંતુ એ વખતે એમાં સફળતા મળી ન હતી. હવે સાડા ચાર વર્ષમાં યુક્રેને ડોમેસ્ટિક ડ્રોન પ્રોડક્શન વધારવાની સાથે સાથે યુરોપ-અમેરિકાની મદદથી એવાં ડ્રોન્સ વિકસાવ્યા છે જે ડિફેન્સ સિસ્ટમથી શક્ય એટલા બચીને છેક સુધી હુમલા કરી શકે છે. તેના પરિણામે યુક્રેનને મોસ્કો સુધી આવા ભયાનક હુમલા કરવામાં કામિયાબી મળે છે.મોસ્કોની રિફાઈનરી પર હુમલો કર્યા પછીના વીકમાં જ યુક્રેને મોસ્કોથી ૧૫૦૦ કિલોમીટર દૂર આવેલા ઓરેનબર્ગમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટને ટાર્ગેટ કરીને ડ્રોન એટેક કર્યો. એ દુનિયાના સૌથી મોટા ગેસ પ્લાન્ટમાં એક છે ને વળી રશિયાનો એકમાત્ર હિલિયમ પ્રોડક્શન પ્લાન્ટ છે. યુક્રેનના મોરચાથી ૧૨૦૦ કિલોમીટર દૂર હોવા છતાં ત્યાં સુધી એટેક કરીને યુક્રેની સેનાએ રશિયાને આશ્ચર્યમાં મૂકી દીધું છે. યુક્રેને દાવો કર્યો કે ગેસ પ્લાન્ટમાં ભયાનક આગ લાગી છે અને પ્રોડક્શન યુનિટ આગમાં ખાક થઈ ગયું છે. એટલું જ નહીં, રશિયાના બે સેટેલાઈટ કોમ્યુનિકેશન સેન્ટર્સને પણ તોડી પાડવામાં આવ્યા છે.

# દીકરા સનીએ પ્રથમ વાર પિતાની આંખો માંથી નીકળતા આંસુઓ...

વર્ષો બાદ માતુ ભૂમિ ની જમીન નો સ્પર્શ થતાંજ અનિલ ભાઈ મહેતા એની આંખો માંથી વ્હેતા આંસુઓ ને રોકી શક્યા નહી.

એના દીકરા સનીએ પ્રથમ વાર પિતાની આંખો માંથી નીકળતા આંસુઓ જોતાજ પૂછ્યું કે વાય ડેડ? પ્લીઝ ડોન્ટ ક્રાય.

પ્રેમથી પિતા નો હાથ પકડતા ભાગ્યું તૂટ્યું ગુજરાતી અંગ્રેજી માં દીકરી બોલી કે ડેડી, પ્લીઝ લવ યુ..નો..નો ડોન્ટ ક્રાય..

અનિલ મહેતા ના ભૂતકાળ થી વાકેફ પત્ની મોનિકા એ પર્સ માંથી રૂમાલ કાઢીને પતિની આંખ માંથી વહેતા આંસુ સાફ કરતા પ્રેમથી પ્રેમ થી બોલી હની,ખૂબ ભૂખ લાગી છે..તું રડ્યા કરીશ તો મારી ભૂખ બેકાબુ બની જશે..

અનિલ મહેતા ના મુખ પર પત્ની ની વાત સાંભળતા જ મંદ મંદ હાસ્ય છવાઈ ગયું.

પિતા ના મુખ પર હાસ્ય જોતા જ બન્ને દીકરા દીકરી બોલી ઊઠ્યા યેસ ડેડ..

રામભક્ત એન.આર.આઈ અનિલ મહેતા ને ગર્ભ ગૃહ માં બિરાજેલ ભગવાન શ્રી રામ ની પૂજા અને આરતી ના દર્શન થતા જ ખુશીના લીધે ગદગદ થઈ જતા ૩૫ વર્ષ પહેલાની એક પછી એક ઘટનાઓ એના માનસપટ પર આવવા લાગતા અમદાવાદ ના બંગલાની અંદર પિતાજી એ બનાવેલ સુંદર રામ મંદિર યાદ આવ્યું. અચાનક મન પાંત્રીસ વર્ષ પહેલાં બનેલ ક્રૂર ઘટનાની યાદ આપવા મથવા લગતા મન પર રામનામ થી કાબુ કરી લીધો.

અયોધ્યા થી સીધા વતન અમદાવાદ ગયા ત્યારે બદલાયેલ મોર્ડન અમદાવાદ ની રોનક જોતા ખુશ થયા હતા.દસ બાર દિવસ માટે અમદાવાદ ની ફાઈવ સ્ટાર હોટેલ નો શ્યુટ બુક કરાવ્યો હતો. વતન માં ખાસ હેતુ ના લીધે બાપુજીનો અમૂલ્ય વારસો સમાન ભવ્ય બંગલા ને બેંકની હરાજી માંથી છોડાવવા આવ્યા હતા.

ઊંડા વિચારો મા ખોવાયેલા અનિલ મહેતા ના ખંભા પર પત્ની મોનિકા એ પ્રેમથી હાથ મૂકતાં પૂછ્યું અની,વાય આર યુ સો અપસેટ? શું ચાલે છે મનમાં? પ્લીઝ અની..શેર યોર પ્રોબ્લેમ વિથ મી..

પત્ની મોનિકા ના હાથ પર હળવી કિસ કરતા અનિલ મહેતા બોલ્યા કે મોની ડાર્લીંગ!!!રામ મંદિર ના ભવ્ય મંદિર ના દર્શન કરતી વખતે લાગ્યું કે ભગવાન શ્રી રામ "અયોધ્યા" ને પુનઃ પ્રાપ્ત કરવાનો ઈશારો કરી રહ્યા છે..પણ શું કરવું એ સમજાતું નથી? પિતાજી નો બંગલો અયોધ્યા અત્યારે બેંકમાં જપ્ત સંપતિ છે.આમાં લોટરી સિસ્ટમ જેવું હોય છે મારા બજેટ કરતા પણ ઊંચી બોલી બોલાય તો સમસ્યા થઈ શકે. આપણા પાસે બેંક માંથી પ્રોપર્ટી છોડાવવા જેટલો સમય નથી યુ.એસ પરત ફરવું પડશે.શું કરવું એ સમજાતું નથી..



અયોધ્યા બંગલો

- રુપાલી દવે

મોનિકા એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે અની, ચિંતા ના કર ભગવાન ની કૃપા થશે તો બધું થઈ જશે.

ખરેખર..

અનિલ મહેતા એ તુરંત એના મેનેજર ને ફોન કરીને "અયોધ્યા" બંગલા વિશે માહિતી એકત્રિત કરવા સૂચવ્યું એની કલાક મા મેનેજર નો ફોન આવ્યો કે સવારે ૧૧ થી ૧ વચ્ચે બેંકે હરાજી રાખેલ છે..અનિલ મહેતા મેનેજર ની વાત સાંભળતા જ ખુશખુશાલ થઈ ને પત્ની મોનિકા ને ભેટી ને બોલ્યા કે ઓહ!!મોની,ભગવાન ની કૃપા થી થઈ જશે.

૫૦૦૦ વાર જમીન માં બનેલ અતિ વૈભવી અયોધ્યા બંગલા ના માલિક કોણ હતા?

એવું તે શું થયું કે બંગલો સાવ જર્જરિત બની ગયો?

અયોધ્યા બંગલો ગુજરાતી વેપારી મનુભાઈ શેઠ નો હતો જે તે સમયે એનું માનસન્માન ખૂબ હતું.

પ્રથમ પત્ની ના મૃત્યુ બાદ એક ના એક દિકરા ની ધ્યાન રાખનાર આયા સાથે બીજા લગ્ન કર્યા એ ઘટના એ એના જીવન માંથી સુખ અને ખુશી ની બાદબાકી કરી નાખી હતી.

આજ થી પાંત્રીસ વર્ષ પહેલાં મનુભાઈ શેઠ નો એક નો એક દીકરો સાવકી મા,મામા,મામી,મામા ના અસહ્ય ત્રાસ ના લીધે ૭વર્ષ ની ઘર માંથી ભાગી ગયેલ. "બટુક ઊર્ફે રઘુવીર " લાગે છે..ના..ના એ ક્યાંથી હોય બિચારું નાનકડું બાળ ક્યારનું ય કચડાઈ ને મરી ગયું હશે..૭વર્ષનું બાળક નિર્દય દુનિયા ની સામે ક્યાં ટકવાનું?..અયોધ્યા બંગલા નું શાસન નોકરાણી મધુ ના હાથ માં આવતા જ બટુક ને મારી નાખવાના પ્લાન થવા લાગ્યા.ભૂપત મામા નો લાલચી સ્વભાવ ને કપટ માં મામીનો બહેન ની કુટિલતા માં સહયોગ હતો .બન્ને ને બટુક જેવડા બાળકો હતાં. મંથરા નો પ્રવેશ ભૂપત મામા અને મામી પ્રવેશ્યા ખૂબ દુષ્ટ અને કુટિલ હતા પણ એના દીકરાઓ જગુ અને મંગુ નિસ્વાર્થ સ્વભાવના હતા એટલે તો "અયોધ્યા નો બટુક" જીવે છે. અનિલ ભાઈ એ આજુબાજુ બધેય નજર ફેરવી પણ એની નજરે ભૂપત મામો પકડાયો નહી.

અચાનક પિતા ની ઉંમર ના શેઠિયાઓ અંદરો અંદર વાતો કરતાં હતા કે દીકરો ગુમ થયાનું દર્દ મનુભાઈ ખમી શક્યા નહી ને એજ વર્ષે મૃત્યુ પામ્યા હતા.મનુ ભાઈ ના મૃત્યુ બાદ જનમ જાત ભિખારીઓને અધધધ રૂપિયા સાચવતા આવડ્યું નહી એમાં રૂપિયા ખર્ચાઈ ગયા ને અયોધ્યા ના બંગલો ગીરવે મૂકવો પડ્યો..છેલ્લા પાંચ વર્ષથી ૫૦૦ કરોડ ના અયોધ્યા બંગલા ની હરાજી થાય છે પણ લેવાલ બેંક ને મળતો નથી..

૧૦૫ કરોડ૧૦૯ કરોડ એક..૧૫૦ કરોડ૫૦૦ કરોડ.ની લાસ્ટ બોલી સાંભળતા જ અનિલ મહેતા એ ૫૦૧ કરોડ..બોલીને ખંડેર દેખતા "અયોધ્યા બંગલા" ને પોતાને નામે કરી દીધો. પાછળ ખરીદવા ની કોઈની તેવડ નહતી..

"અયોધ્યા બંગલો" જ કેમ?..

મોઢું મલકાવી ને અનિલ મહેતા બોલ્યા કે રાજેન અંકલ,

કદાચ આપ ૪૦ વર્ષ ના બટુક ને ઓળખતા નથી પણ હું આપને ઓળખું છું..મનુભાઈ શેઠ ના બંગલા નો વારસદાર એનો એક નો એક દિકરા બટુક ને જ મળે

બટુક ને ચાલીસ વર્ષ બાદ નજર સમક્ષ જોતા જ મનુભાઈ શેઠ ના બાળ પણ ના દોસ્ત રાજેન ભાઈ આનંદિત થઈને યુવાન ચાલીસા વર્ષ ના બટુક ને ભેટી ને રામધૂન ગાવા લાગ્યા

રામ રામ જય રાજા રામ



# શાહરુખને બોલિવૂડમાં 34 વર્ષ પૂરા થયા...!

## ખિસ્સામાંથી બાળપણનો કપડાં વગરનો ફોટો કાઢી બતાવ્યો; ઝૂમે જો પઠાણ ને છમ્મક છલ્લો પર ડાન્સ પણ કર્યો...

(એજન્સી) મુંબઇ | તા 26

બોલિવૂડના બાદશાહ શાહરુખ ખાનને આજે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં 34 વર્ષ પૂરા થયા છે. તેની પહેલી ફિલ્મ 'દીવાના' 34 વર્ષ પહેલાં આજના જ દિવસે 26 જૂને રિલીઝ થઈ હતી. આ ખાસ અવસરે શાહરુખ ખાન મેંગલુરુના એક ઈવેન્ટનો ભાગ બન્યો હતો, જ્યાં આઈકોનિક પોઝ, હિટ ગીતોમાં ડાન્સ કરતા એક્ટરે મેંગલુરુની બાળપણની યાદો પર પણ વાત કરી હતી. આ દરમિયાન એક્ટરે કન્નડમાં ચાહકો સાથે વાત કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

શાહરુખ ખાન આ ઈવેન્ટમાં બાળપણની એક તસવીર લઈને પહોંચ્યો હતો. ઈવેન્ટની વચ્ચે તેણે ખિસ્સામાં રાખેલી તે તસવીર કાઢીને પ્રેક્ષકોને બતાવી, જે તેના મતે, તેના બાળપણની એકમાત્ર તસવીર છે. શાહરુખે તસવીર બતાવતા કહ્યું, 'ભલે આ સમયે આ તસવીર થોડી વિચિત્ર લાગે, કારણ કે હું તેમાં કપડાં વગરનો છું. આ મારી પાસે મારા બાળપણની એકમાત્ર તસવીર છે, જે મેંગલુરુમાં લેવામાં આવી હતી. હું કપડાં વગર ટબમાં બેઠો છું.'

શાહરુખ ખાનનો જન્મ નવી દિલ્હીમાં થયો હતો, જોકે તેણે બાળપણના શરૂઆતના 5 વર્ષ પોતાના દાદા ઈફ્તિખાર અહેમદ સાથે મેંગલુરુમાં જ વિતાવ્યા છે. ઈવેન્ટમાં શાહરુખ ખાને ફેન્સને કન્નડમાં ગ્રીટ કર્યા હતા, ત્યારબાદ તેણે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગેના ગીતોની સાથે-સાથે ઝૂમે જો પઠાણ અને છમ્મક છલ્લો પર પણ પરફોર્મ કર્યું.

ફિલ્મો પહેલાં શાહરુખ ખાને ઘણા ટીવી શોમાં કામ કર્યું હતું, જેના પછી તેને ફિલ્મ દીવાના એક સંયોગથી મળી. આ ફિલ્મમાં રાજા સહાયના રોલ માટે પહેલા અરમાન કોહલીને ફાઈનલ કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ કારણસર એક્ટરે આ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. આ જ સમયે શેખર કપૂરે પ્રોડ્યુસર ગુડ્ડુ ધનોઆને શાહરુખને મળવા માટે દિલ્હી મોકલ્યો. તે કનોટ પ્લેસમાં મળ્યા.

ગુડ્ડુ ધનોઆએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, 'ત્યાં સુધીમાં, અભિનેતાની કોઈ પણ ફિલ્મ રિલીઝ થઈ ન હતી. તેમ છતાં તેણે મને કહ્યું, 'હું તમારી ફિલ્મ કરી શકતો નથી. હું પહેલાથી જ 5 ફિલ્મો કરી રહ્યો છું.' આ સાંભળીને મને આઘાત લાગ્યો.

પૂછવા પર એક્ટરે જણાવ્યું કે તે હેમા માલિનીની 'દિલ આશના હૈ' (1992), 'રાજૂ બન ગયા જેન્ટલમેન' (1992), 'ચમત્કાર' (1992), 'કિંગ અંકલ' (1993) અને 'કભી હા કભી ના' (1994) માં કામ કરી રહ્યો છે. મેં તેમ છતાં વિનંતી કરી કે તેણે એકવાર સ્ટોરી જરૂર સાંભળવી જોઈએ. શાહરુખે પછી મને બીજા દિવસે બપોરે 12 વાગ્યે પોતાના ઘરે આવવા કહ્યું હતું.' ગુડ્ડુ ધનોઆએ જણાવ્યું, 'બીજા દિવસે મળવા પર શાહરુખને સ્ટોરીનો સેકન્ડ હાફ એટલો પસંદ આવ્યો કે તેણે કહ્યું, 'ગુડ્ડુ, હું તમારી ફિલ્મ કરી રહ્યો છું.' પરંતુ ત્યારે જ જ્યારે મારી બાકીની ફિલ્મોની તારીખો આગળ વધી જાય અથવા રદ થઈ જાય. નસીબ જુઓ, જે ફિલ્મ માટે તારીખો ન હતી, તે ફિલ્મ સૌથી પહેલા રિલીઝ થઈ ગઈ અને સુપરહિટ પણ સાબિત થઈ.'

### ફિલ્મમાં શાહરુખની આટલી ફી હતી

એક એવી ફિલ્મ, જેમાં એક્ટ્રેસની એન્ટ્રી સેકન્ડ હાફમાં થઈ હતી. તેમ છતાં લોકોને શાહરુખની એક્ટિંગ ખૂબ પસંદ આવી. ગુડ્ડુ ધનોઆએ જણાવ્યું કે કિંગ ખાનને આ ફિલ્મ માટે 11 હજાર સાઈનિંગ અમાઉન્ટ અને 1.50 લાખ રૂપિયા એક્ટિંગ ફી આપવામાં આવી હતી.

રિષિ કપૂરને ફિલ્મનું ગીત 'ઐસી દીવાનગી' એટલું પસંદ આવ્યું હતું કે તે પોતે આ ગીત કરવા માંગતા હતા. જોકે, આવું થયું નહીં.

ગીત શાહરુખ પર ફિલ્માવવામાં આવ્યું હતું. આ ફિલ્મથી શાહરિખ ખાને ઈન્ડસ્ટ્રીમાં ખાસ ઓળખ બનાવી લીધી અને આગળ હિટ આપતા ટોપ એક્ટર્સમાં સામેલ થયા. આજે શાહરૂખ બોલિવૂડના સૌથી સફળ એક્ટર છે, જેની ગણતરી દુનિયાના સૌથી ધનિક અભિનેતાઓમાં પણ થાય છે.



# ટેલર સ્વિફ્ટના ટ્રેવિસ કેલ્સે સાથે સિક્રેટ લગ્ન! : મહેમાનોથી પણ સ્થળ ગુપ્ત રખાયું



### 3 વર્ષથી ફૂટબોલરને ડેટ કરી રહી છે

ટેલર સ્વિફ્ટ છેલ્લા 3 વર્ષથી ટ્રેવિસને ડેટ કરી રહી છે. બંનેની પહેલી મુલાકાત 2023માં ટેલર સ્વિફ્ટના એરાઝ ટૂર દરમિયાન થઈ હતી. ટ્રેવિસ આ કોન્સર્ટનો ભાગ બન્યો હતો. ન્યૂ હાઈટ્સ પોડકાસ્ટમાં ટ્રેવિસે જણાવ્યું હતું કે પહેલા કોન્સર્ટમાં બંનેની વાત થઈ ન હતી, જેનાથી તેને નિરાશા થઈ હતી.

તે ટેલર માટે એક ખાસ બ્રેસલેટ પણ લઈને પહોંચ્યો હતો, પરંતુ તે આપી શક્યો ન હતો. જોકે, બાદમાં બંનેની મિત્રતા થઈ અને પછી બંને રિલેશનશિપમાં આવી ગયા. ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસે ઓગસ્ટ 2025માં સગાઈ કરી છે. સિંગરે સોશિયલ મીડિયા પર સગાઈની તસવીરો શેર કરીને તેની સત્તાવાર જાહેરાત કરી હતી.

(એજન્સી) મુંબઇ | તા 26

પૉપ સ્ટાર ટેલર સ્વિફ્ટ ટૂંક સમયમાં જ તેના બોયફ્રેન્ડ ફૂટબોલ પ્લેયર ટ્રેવિસ કેલ્સે સાથે લગ્ન કરવા જઈ રહી છે. લગ્નને ખાનગી રાખવાના પ્રયાસો ચાલુ છે, જેના ભાગરૂપે પ્રી-વેડિંગ ઈવેન્ટમાં આવનારા મહેમાનોને પણ સ્થળની જાણકારી આપવામાં આવી રહી નથી. લગ્નની તારીખ પર પણ સસ્પેન્સ યથાવત છે. કપલની ટીમે મેડિસન સ્ક્વેર ગાર્ડન આસપાસના રસ્તાઓ બંધ કરવાની પરવાનગી માંગી છે. રિપોર્ટ્સ અનુસાર, કપલના લગ્ન 3-5 જુલાઈની આસપાસ થઈ શકે છે, જેમાં હજારથી વધુ મહેમાનો હાજર રહી શકે છે.

રિપોર્ટ અનુસાર, ટેલર 4 જુલાઈના રોજ યોજાનારી એક ખાસ વીકએન્ડ ઈવેન્ટ માટે લોકોને આમંત્રણ મોકલી રહી છે. માનવામાં આવે છે કે આ દરમિયાન તે પોતાના લગ્નની જાહેરાત કરી શકે છે. આ પ્રી-વેડિંગ ઈવેન્ટમાં લગભગ 100 મહેમાનો હાજર રહેશે.

એન્ટરટેઈનમેન્ટ ટુનાઈટ સાથેની વાતચીતમાં ફૂટબોલર જ્યોર્જ કિટલે જણાવ્યું છે કે તેને પણ આ ઈવેન્ટનું આમંત્રણ મળ્યું છે, જોકે કોઈ પણ મહેમાનને સ્થળની જાણકારી આપવામાં આવી રહી નથી.

જ્યોર્જે આગળ કહ્યું, 'અમને કંઈ ખબર નથી. મને બસ એટલું જ ખબર છે કે હું વાદળી રંગનો સૂટ પહેરવાનો છું. મેં ગઈકાલે રાત્રે ટ્રેવિસને પણ પૂછ્યું હતું, પરંતુ તે મારી વાત પર હસવા લાગ્યો. મને તો એવું લાગી રહ્યું છે કે ક્યાંક કોઈ રનવે પર એક મોટો પ્રાઈવેટ જેટ અમારી રાહ જોઈ રહ્યો હશે અને પછી અમને વિમાનથી કોઈ ગુપ્ત જગ્યાએ લઈ જવામાં આવશે.'

લગ્ન સમારોહ 3 જુલાઈથી શરૂ થઈને 4 જુલાઈ સુધી ચાલી શકે છે. આ દરમિયાન મેડિસન સ્ક્વેર ગાર્ડન આસપાસના રસ્તાઓ બંધ કરવાની પરવાનગી પણ માંગવામાં આવી છે. સમારોહમાં લગભગ 1,000 મહેમાનો હાજર રહેવાની સંભાવના છે, જોકે તેમાંથી બધા લગ્નમાં હાજર નહીં હોય. હાલમાં ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સે તરફથી લગ્નને લઈને કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# કન્નડ અભિનેત્રીના ઘરમાંથી લટકતી હાલતમાં મૃતદેહ મળતા ખળભળાટ! પોલીસ તપાસ શરૂ

(એજન્સી) મુંબઇ | તા 26

બેંગલુરુના આરઆર નગર વિસ્તારમાં કન્નડ અભિનેત્રી કૃષિ થાપંડાના ફ્લેટમાંથી 45 વર્ષીય વૈશાખ ઉપાધ્યાયનો મૃતદેહ લટકતી હાલતમાં મળતા ચકચાર મચી છે. બુધવારે મોડી રાત્રે આ ઘટનાની જાણ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે. મૃતક વૈશાખ પારિવારિક વિવાદોને કારણે અભિનેત્રીના ઘરે રોકાતો હતો. ઘટના સમયે અભિનેત્રી ધ્યાન કેન્દ્રમાં હતી. પોલીસે આત્મહત્યાનું કારણ શોધવા તપાસ શરૂ કરી છે.

બેંગલુરુના આરઆર નગર વિસ્તારમાં આવેલી કન્નડ એક્ટ્રેસ કૃષિ થાપંડાના ઘરેથી એક 45 વર્ષીય વ્યક્તિનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. અભિનેત્રીના ફ્લેટમાં લટકતી હાલતમાં મળી આવેલા આ મૃતદેહની ઓળખ વૈશાખ ઉપાધ્યાય તરીકે થઈ છે. વૈશાખના અકાળે અવસાનથી તેમનો પરિવાર સ્તબ્ધ છે, જેમાં તેમની પત્ની અને એક 14 વર્ષનો પુત્ર છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના બુધવારે (24 જૂન, 2026) મોડી રાત્રે સામે આવી હતી. બંગારપ્પા ગુડ્ડા પાસે આવેલા 'એલિગન્ટ ટેરેસ' એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં વૈશાખનો મૃતદેહ લટકતો હોવાની માહિતી મળતા જ આરઆર નગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહને કબજે કરીને મામલાની તપાસ શરૂ કરી દીધી છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, મૃતક વૈશાખના વિવાહિત જીવનમાં લાંબા સમયથી ભારે ઉતાર-ચઢાવ ચાલી રહ્યા હતા. બિઝનેસમેન એવીઆર રેડ્ડી દ્વારા નોંધાવવામાં આવેલા એક કેસ બાદ વૈશાખ અને તેની પત્ની વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. આ પારિવારિક વિવાદો અને મતભેદોથી કંટાળીને તે અવારનવાર અભિનેત્રી કૃષિ થાપંડાના ઘરે આવીને રોકાતો હતો. બુધવારે પણ તે આ જ કારણે અભિનેત્રીના ઘરે આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, બિઝનેસમેન એવીઆર રેડ્ડીને કથિત રીતે ધમકી આપવાના આરોપમાં વૈશાખની અગાઉ ધરપકડ પણ થઈ ચૂકી હતી, જેનો કેસ બેંગલુરુના એચએએલ (HAL) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો છે.




# 'વેલકમ ટુ ધ જંગલ': લોજિક રજા પર, પણ હાસ્યનો ઓવરડોઝ

(એજન્સી) મુંબઇ | તા 26

'વેલકમ ટુ ધ જંગલ'નો હેતુ માત્ર અને માત્ર મનોરંજન કરવાનો છે અને ફિલ્મ શરૂઆતથી જ આ વાત સ્પષ્ટ કરી દે છે કે અહીં લોજિક પણ રજા પર છે અને હાસ્ય ફ્રુટી પર. લગભગ ત્રણ ડઝન કલાકારોથી સજેલી આ કોમેડી દર થોડી મિનિટે નવું પાત્ર, કોમેડી અને ધમાલ લઈને આવે છે. વાર્તા ઘણીવાર તર્કથી દૂર જરૂર જાય છે, પરંતુ જો તમે લોજિકને થોડીવાર માટે બાજુ પર મૂકી દો તો અક્ષય કુમારની કોમિક ટાઈમિંગ, રવીના ટંડન સાથેની તેમની કેમેસ્ટ્રી અને બાકીના કલાકારોની મસ્તી તમને સતત હસાવતી રહે છે.

વાર્તા મોટા ઉદ્યોગપતિ સિંહા (ઝાકિર હુસૈન) થી શરૂ થાય છે, જેને ખબર પડે છે કે સરકાર બદલાયા પછી તેનું કાળું નાણું સરકારી એજન્સીઓના રડાર પર આવવાનું છે. તેનો અંગત સચિવ દુબે (જોની લીવર) સલાહ આપે છે કે બધા પૈસા એક ફ્લોપ ફિલ્મ બનાવવામાં લગાવી દેવામાં આવે, કારણ કે કાળું નાણું ત્યાં ખપાવી શકાય છે.

આ પછી, બે નિષ્ફળ નિર્દેશકો દેવ અને દાસ (રાજપાલ યાદવ અને પરેશ રાવલ), ફ્લોપ એક્ટર રાજીવ (અક્ષય કુમાર), નબળી દ્રષ્ટિવાળો સિનેમેટોગ્રાફર (શ્રેયસ તલપડે) અને ઘણા વિચિત્ર કલાકારો સાથે ફિલ્મનું શૂટિંગ શરૂ થાય છે.

આ દરમિયાન સિંહાના ઘરે દરોડો પડે છે અને તેની તમામ ગેરકાયદેસર સંપત્તિ જપ્ત થઈ જાય છે. હવે તેની પાસે છેલ્લી આશા આ ફિલ્મ જ બચે છે. તે દુબેને આદેશ આપે છે કે કોઈપણ વધારાના બજેટ વિના એક જ દિવસમાં ફિલ્મ પૂરી કરવી પડશે, એટલે કે 'જુગાડ' જ અસલી હીરો છે. આ જ મજબૂરીમાં આખી ટીમ બોર્ડર પર આવેલા આઝાદગંજ ગામ પહોંચે છે.

અહીં ગામના લોકો તેમને ભારતીય સેના સમજી બેસે છે કારણ કે તેઓ આતંકવાદી સરગના જતારાના અત્યાચારોથી પરેશાન છે. આ પછી ફિલ્મ કોમેડીમાંથી બહાર નીકળીને હળવા ભાવનાત્મક વળાંક પણ લે છે. બીજા ભાગમાં કેટલાક દ્રશ્યો કોમિક 'બજરંગી ભાઈજાન'ની યાદ પણ અપાવે છે. આખરે આ ટીમ ગામના લોકોને જતારાના આતંકથી કેવી રીતે બચાવે છે, તે જ ફિલ્મનો ક્લાઈમેક્સ છે, જ્યાં લોજિક થોડું વધુ પાછળ રહી જાય છે, પરંતુ મજાથી હસતા-હસતા લોટપોટ ચોક્કસ છે.

# કસાબને 3 વર્ષ અને 11 મહિના જીવતો કેમ રખાયો...?



(એજન્સી) મુંબઈ | તા 26

26/11ના મુંબઈ હુમલામાં એકમાત્ર જીવતો પકડાયેલા પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબને 3 વર્ષ 11 મહિના સુધી જીવતો કેમ રખાયો? તેને વહેલી ફાંસી કેમ આપવામાં ન આવી? દરેક ભારતીયોના મનમાં ચાલી રહેલા આવા અનેક પ્રશ્નોના જવાબ આપવા માટે ફિલ્મ 'પ્રહારઃ ધ ઉજ્જવલ નિકમ સ્ટોરી' આવી રહી છે. સરકારી વકીલ ઉજ્જવલ નિકમના જીવન પર બનેલી આ કોર્ટરૂમ ડ્રામા ફિલ્મનું ટીઝર રિલીઝ થયું છે, જેમાં રાજકુમાર રાવ મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યા છે.

ટીઝરની શરૂઆત સ્ટેન્ડ પર લટકેલા કાળા કોટથી થાય છે, જે સરકારી વકીલ ઉજ્જવલ નિકમનો છે. શરૂઆતમાં બેકગ્રાઉન્ડમાં ડાયલોગ સંભળાય છે કે, 'યોર ઓનર, છેલ્લા દોઢ વર્ષમાં આ કેસને લઈને ઘણા બધા લોકોએ મને પ્રશ્નો પૂછ્યા છે કે જ્યારે ફોટો-વીડિયોઝમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે તો આપણે કસાબને ફાંસી કેમ નથી આપી રહ્યા?'

'આપણે કેમ આટલા પૈસા, આટલો સમય એક આતંકવાદી પાછળ વેડફી રહ્યા છીએ? થોડીવાર માટે પોતાને 26/11ની રાત્રે ઈન્સપેક્ટર ગોવિલકરની જગ્યાએ રાખીને જોઈએ, જેને કસાબે ગોળી મારી. તો સ્વાભાવિક વાત છે કે ગુસ્સો ભરાયેલો હશે ગોવિલકર સાહેબમાં, અને જ્યારે ફાઈનલી કસાબને હથિયાર વિના પકડ્યો, તો ગોવિલકર સાહેબે એમ ન કહ્યું કે, ગોળી મારી દો આને... ખતમ કરો જલ્દી... પણ નહીં, તેમણે કહ્યું, 'યાલા મારુ નકા, હા એવિડન્સ આહે' (આને મારશો નહીં, આ પુરાવો છે).'

# સુશાંત કેસના આઘાતમાંથી રિયા હજુ બહાર આવી નથી



## કહ્યું- ટ્રોમા એવી વસ્તુ છે, જેમાંથી બહાર આવી શકાતું નથી; એક્ટ્રેસ 27 દિવસ જેલમાં રહી હતી

(એજન્સી) મુંબઇ | તા 26

રિયા ચક્રવર્તીએ તાજેતરમાં સુશાંત સિંહ રાજપૂતના મોત પછી થયેલા આઘાત (ટ્રોમા) વિશે વાત કરી છે. તેણે જણાવ્યું છે કે તે તેમાંથી સંપૂર્ણપણે સાજા થઈ શકી નથી. ઉપરાંત, એક્ટ્રેસે પોતાની વાઈરલ ટી-શર્ટ વિશે પણ વાત કરી છે.

નેહા ધૂપિયા અને અંગદ બેદી સાથેની વાતચીત દરમિયાન રિયા ચક્રવર્તીએ સુશાંત સિંહ રાજપૂત અને આઘાત (ટ્રોમા) વિશે વાત કરી છે. નેહા ધૂપિયાએ રિયાને પૂછ્યું કે એક ઈન્ટરવ્યુમાં તમારી માતાએ સવાલ કર્યો હતો કે મારી દીકરી આમાંથી કેવી રીતે સાજી થશે, શું તમે આમાંથી સંપૂર્ણપણે સાજા થઈ ગયા છો? તો જવાબમાં અભિનેત્રીએ કહ્યું, 'આ એવી કોઈ વસ્તુ નથી કે જેમાંથી તમે ક્યારેય સંપૂર્ણપણે બહાર આવી શકો. આ એક આઘાત (ટ્રોમા) છે. જો તે મગજમાં ન પણ રહે, તો પણ તેની અસર શરીરમાં રહે છે.'

આગળ તેમણે કહ્યું, 'આમાં PTSD (પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર) જેવી સ્થિતિ હોઈ શકે છે. તમે થેરાપી લો છો અને ધીમે ધીમે તેનો સામનો કરવાનો પ્રયાસ કરો છો. કારણ કે અમારી બાબત જાહેરમાં છે, તેથી લોકો તેના વિશે વાત કરે છે, વિચારે છે.' સુશાંત સિંહ રાજપૂત ડેથ કેસ સમયે રિયા ચક્રવર્તી દ્વારા પહેરવામાં આવેલી એક ટી-શર્ટ પણ ઘણી ચર્ચામાં રહી હતી, જેમાં પિતૃસત્તા ખતમ કરવા સંબંધિત એક લાઈન લખેલી હતી.

હવે રિયાએ તે ટી-શર્ટ પહેરવાના નિર્ણય પર કહ્યું છે કે, 'મેં તે ટી-શર્ટ એટલા માટે પહેરી હતી, કારણ કે તે મારા પહેલા અધ્યાયનો ભાગ હતી. જ્યારે હું અરેસ્ટ થઈ, ત્યારે મેં તે ટી-શર્ટ પહેરી હતી, જેમાં લખેલું હતું, 'Roses are red, violets are blue, let's smash the patriarchy, me and you.' તે ટી-શર્ટે મારા માટે વાત કરી, જ્યારે કોઈ મારી તરફથી વાત કરી રહ્યું ન હતું. મેં કહ્યું હતું કે આવી વધુ ટી-શર્ટ બનાવો, જે તે લોકોની મદદ કરી શકે, જેના માટે કોઈ બોલતું નથી.' રિયાએ કહ્યું કે આ જ કારણ છે કે તેણે ભાઈ શૌવિક સાથે ક્લોથિંગ બ્રાન્ડ (ચેપ્ટર-2) શરૂ કરી, જેમાં તે ટી-શર્ટ બનાવી રહી છે.

સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પછી તેમના પિતાએ રિયા ચક્રવર્તી પર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત ડ્રગ્સ સંબંધિત વાત સામે આવ્યા પછી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ પણ અભિનેત્રી અને તેના ભાઈ શૌવિકને તપાસના દાયરામાં લીધી હતી. કેસના કારણે રિયા ચક્રવર્તી 27 દિવસ સુધી જેલમાં રહી. CBIએ 22 માર્ચ 2025 ના રોજ તેના ક્લોઝર રિપોર્ટમાં રિયા અને તેના પરિવારને ક્લીન ચિટ આપી દીધી.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાના એક દાયકા પછી

# દિલશાન TG20 લીગમાં નવી પેઢીનું માર્ગદર્શન કરી રહ્યો છે



(એજન્સી) હૈદરાબાદ । તા. 26

તિલકરત્ને દિલશાનની જેમ બહુ ઓછા ક્રિકેટરોએ રમત પર છાપ છોડી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાના એક દાયકા પછી, આ ભવ્ય ઓલરાઉન્ડર તે વારસો આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ઓપનર શરૂઆતની TG20માં ખમ્મમ એસિસના માર્ગદર્શક તરીકે હૈદરાબાદમાં છે, જે 17 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના પાઠ દ્વારા ક્રિકેટરોની નવી પેઢીને માર્ગદર્શન આપી રહ્યા છે.

તિલકરત્ને દિલશાનની જેમ બહુ ઓછા ક્રિકેટરોએ રમત પર છાપ છોડી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાના એક દાયકા પછી, આ ભવ્ય ઓલરાઉન્ડર તે વારસો આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ઓપનર શરૂઆતની TG20માં ખમ્મમ એસિસના માર્ગદર્શક તરીકે હૈદરાબાદમાં છે, જે 17 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના પાઠ દ્વારા ક્રિકેટરોની નવી પેઢીને માર્ગદર્શન આપી રહ્યા છે.

"મને માલિક તરફથી યુવાનોને મદદ કરવા માટે ફોન આવ્યો, અને મેં તરત જ આ જવાબદારી સ્વીકારી," દિલશાને સ્પોર્ટસ્ટારને કહ્યું.

**"હું યુવા ખેલાડીઓને કહું છું કે મારો મહત્તમ ઉપયોગ કરો. મારા અનુભવનો ઉપયોગ કરો, બે દાયકા લાંબા આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાંથી હું તમને જે શીખવી શકું તે લો. એટલા માટે હું આ ભૂમિકામાં છું." 49 વર્ષીય ખેલાડીએ એસિસ ટીમ સાથે લગભગ 10 દિવસ વિતાવ્યા છે, અને આશ્ચર્યજનક રીતે, પ્રખ્યાત 'ડિલસ્કૂપ' - તે સાહસિક સ્ટ્રોક જે તેના નામનો પર્યાય બની ગયો - તે બરફ તોડનાર હતો.**

# 24 કલાકમાં 140 કરોડની કમાણી, બિઝનેસના મેદાન પર કોહલીની સિક્સર!


## 'One8' લોન્ચ થતાં જ 1.5 લાખ શૂઝ વેચાયા, શરૂઆતી કિંમત ટેસ્ટ કરિયરના રન જેટલી ₹9,230

(એજન્સી) મુંબઈ । તા. 26

વિરાટ કોહલી ક્રિકેટના મેદાન પર કેટલા મોટા લીજેન્ડ છે તે તો બધા જાણે જ છે, પરંતુ હવે તેનો માસ્ટર ક્લાસ બિઝનેસની દુનિયામાં પણ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં લોન્ચ થયેલી તેની 'One8' બ્રાન્ડના શૂઝ બજારમાં માત્ર ચાલી નથી રહ્યા, પરંતુ તે હુસેન બોલ્ટની ઝડપે દોડી રહ્યા છે. અહેવાલો અનુસાર, લોન્ચિંગના માત્ર 24 કલાકમાં જ 1,50,000 શૂઝ વેચાઈ ગયા!

### 24 કલાકના બિઝનેસનું ગણિત!

એક શૂઝની શરૂઆતી કિંમત ₹9,230 છે. તો જો આપણે 24 કલાકના બિઝનેસ માટે શરૂઆતી કિંમતે ગણતરીએ કરીએ તો એ હિસાબે 1,50,000 (વેચાયેલી પેર)* 9,230 (શરૂઆતી કિંમત)= 1,38,45,00,000 (ટોટલ કમાણી). એટલે કે માત્ર એક જ દિવસમાં અંદાજે 140 કરોડ રૂપિયાનો બિઝનેસ થયો છે. વિરાટના ટેસ્ટ ક્રિકેટના રનની જેમ જ આ જંગી આંકડો પણ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. વિરાટ કોહલીની બ્રાન્ડના શૂઝની એક જોડીની શરૂઆતી કિંમત ₹9,230 છે. વિરાટે તેના ટેસ્ટ ક્રિકેટ રન ટેલીનું પ્રતિનિધિત્વ કરતા આંકડાના આધારે શૂઝની કિંમત નક્કી કરી છે.




### વિરાટ માત્ર નામ નથી, એક બ્રાન્ડ છે!

વિરાટ કોહલી જેટલા મોટા ખેલાડી છે, તેટલી જ મોટી તેની પર્સનલ બ્રાન્ડ વેલ્યુ છે. તેની અદભુત ફિટનેસના કારણે દુનિયાની મોટી મોટી કંપનીઓ તેને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચવા તૈયાર રહે છે. સ્પોર્ટ્સ શૂઝ બનાવતી પ્રખ્યાત જર્મન કંપની 'Puma' પણ તેમાંથી એક છે. વર્ષ 2017માં વિરાટે પૂમા સાથે અંદાજે 110 કરોડ રૂપિયાની ડીલ કરી હતી અને તે ભારતમાં કંપનીનો સૌથી મોટો ચહેરો બન્યો હતો. આ ડીલની ખાસ વાત એ હતી કે વિરાટ માત્ર કંપનીનો ચહેરો જ નહોતો બન્યો, પરંતુ તેણે પાર્ટનરશીપમાં પોતાની પ્રોડક્ટ્સ લોન્ચ કરી હતી. Puma One8ના નામે શૂઝથી લઈને કપડાં સુધીની આખી રેન્જ લોન્ચ કરવામાં આવી હતી, જેનાથી પૂમાએ 250 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.



# T20 વર્લ્ડ કપમાં ભારતની સેમિફાઈનલની આશા જીવંત

## બાંગ્લાદેશને 5 વિકેટે હરાવ્યું, શેફાલી વર્માની ફિફ્ટી, રાધા યાદવે 3 વિકેટ ઝડપી

(એજન્સી) મુંબઈ । તા. 26

વુમન્સ T20 વર્લ્ડ કપમાં ભારતે બાંગ્લાદેશને 5 વિકેટે હરાવીને સેમિફાઈનલની આશાઓ જીવંત રાખી છે. માન્ચેસ્ટરમાં રમાયેલી મેચમાં બાંગ્લાદેશે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 8 વિકેટે 136 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતે શેફાલી વર્માના 53 રન અને યાસ્તિકા ભાટિયાના 23 રનની મદદથી 16.5 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. ભારત માટે શેફાલી વર્માએ 34 બોલમાં 53 રનની ઈનિંગ રમી. જેમિમાહ રોડ્રિગ્સે 26 અને યાસ્તિકા ભાટિયાએ 23 રન બનાવ્યા. જોકે, ભારતે નિયમિત અંતરે વિકેટો ગુમાવી હતી, પરંતુ કેપ્ટન હરમનપ્રીત કૌર 13 રન બનાવીને અણનમ રહી.

### રાધાએ 3 અને શ્રી ચરણીએ 2 વિકેટ લીધી

આ પહેલા, બાંગ્લાદેશ તરફથી જુઆરિયા ફિરદૌસે (33) અને કેપ્ટન નિગાર સુલતાનાએ (32) મહત્વની ઈનિંગ્સ રમી હતી. ભારતે શરૂઆતની ઓવરોમાં ચાર કેચ છોડ્યા, પરંતુ પછીથી કમબેક કર્યું. ટીમ માટે રાધા યાદવે 3, શ્રી ચરણીએ 2, જ્યારે રેણુકા સિંહ અને નંદની શર્માએ 1-1 વિકેટ લીધી.

### શ્રી ચરણીએ છેલ્લી ઓવરમાં ઝડપી 2 વિકેટ

ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં શ્રી ચરણીએ બે વિકેટ લીધી અને બાંગ્લાદેશને મોટા સ્કોર સુધી પહોંચતા રોકી દીધું. ઓવરના ત્રીજા બોલ પર તેણે શોર્ના અખ્તર (13)ને કવર પર રેણુકા સિંહના હાથે કેચ કરાવી. ત્યારપછી પાંચમા બોલ પર નાહીદા અખ્તરને જેમિમાના હાથે કેચ આઉટ કરાવી દીધી. આ ઓવરમાં બાંગ્લાદેશ માત્ર 3 રન બનાવી શક્યું અને બે વિકેટ ગુમાવી. બાંગ્લાદેશે 20 ઓવરમાં 8 વિકેટે 136 રન બનાવ્યા. શ્રી ચરણીએ 4 ઓવરમાં 21 રન આપીને 2 વિકેટ લીધી.

# ગૌતમ ગંભીરના લાડકવાયા ખેલાડીએ શ્રીલંકા સામે ફટકારી સેન્ચુરી!

## ભારતીય ટીમમાં નંબર 3 માટે દાવો મજબૂત

(એજન્સી) મુંબઈ । તા. 26

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે જે બેટર પર સૌથી વધુ ભરોસો મૂક્યો હતો, તે ખેલાડી અત્યારે મેદાન પર રન મશીન બની ગયો છે. આ એ જ સ્ટાર ખેલાડી છે જેણે તાજેતરમાં પૂરી થયેલી IPL 2026માં 722 રન ફટકારીને સનસનાટી મચાવી દીધી હતી. આ શાનદાર ફોર્મના કારણે જ તેને અફઘાનિસ્તાન સામેની મેચ માટે પસંદ કરવામાં આવ્યો હતો અને હવે તેણે શ્રીલંકા A સામે શાનદાર સદી ફટકારીને ફરી એકવાર હેડલાઈન્સ બટોરી છે.

શ્રીલંકાના પ્રવાસે ગયેલી ઈન્ડિયા-A ટીમ ગાલે સ્ટેડિયમમાં પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટ મેચ રમી રહી છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી સ્ટાર ઓપનર સાઈ સુદર્શને અદ્ભુત પ્રદર્શન કર્યું છે. ઓપનિંગમાં આવેલા સુદર્શને માત્ર 130 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી, જેમાં તેણે 14 શાનદાર ચોગ્ગા લગાવ્યા હતા. આ સેન્ચુરીના જોરે સુદર્શને ભારતની મુખ્ય ટેસ્ટ ટીમમાં નંબર 3ના સ્લોટ માટે પોતાનો દાવો વધુ મજબૂત કરી દીધો છે.



### કસોટીની ઘડી આવી, ત્યારે સાઈએ રાખ્યું ગંભીરનું માન

અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પહેલાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય ટીમ મેનેજમેન્ટ અને ચીફ કોચ ગૌતમ ગંભીરે સ્પષ્ટ સંકેત આપ્યા હતા કે ટેસ્ટ ટીમમાં નંબર 3ની રેસમાં સાઈ સુદર્શન હાલમાં દેવદત્ત પડિક્કલ કરતાં આગળ છે. ગંભીરે જણાવ્યું હતું કે, "કોઈપણ ખેલાડીનું સાચું મૂલ્યાંકન ત્યારે જ થઈ શકે જ્યારે તેને સતત લાંબી તકો આપવામાં આવે, અને સાઈને અત્યાર સુધી તેવો લાંબો રન મળ્યો નથી." મેદાન પર જ્યારે સાચી પરીક્ષાનો સમય આવ્યો, ત્યારે સાઈ સુદર્શને ગંભીરના આ ભરોસાનું માન રાખ્યું. આ પ્રવાસના બરાબર પહેલાં તેણે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં 81 રનની શાનદાર ઈનિંગ રમીને પોતાની લય બતાવી હતી. હવે, શ્રીલંકા Aના બોલરોની ધજ્જિયા ઉડાવતા પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટમાં સદી ફટકારીને તેણે સાબિત કરી દીધું છે કે તે લાંબી રેસનો ઘોડો છે.

# 3 વર્ષના લાંબા ગાળા બાદ મેદાન પર ઉતરતા જ રડી પડ્યો નેમાર!

**ગર્લફ્રેન્ડ બ્રૂના અને દીકરીઓ પણ દેખાઈ સાથે**

બ્રાઝિલ : બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેમાર જુનિયરે FIFA વર્લ્ડ કપ 2026માં સ્કોટલેન્ડ સામેના મુકાબલામાં 3 વર્ષ લાંબા ગાળા બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી કરી છે. ગંભીર ઈજાઓ અને અસંખ્ય સર્જરીઓ સામે લાંબી લડાઈ લડ્યા બાદ, નેમાર જ્યારે મેચની 76th મિનિટે મેદાન પર ઉતર્યો ત્યારે તે પોતાની લાગણીઓ પર કાબૂ રાખી શક્યો નહોતો. કેમેરામાં તે પોતાની આંખોમાંથી આંસુ લૂછતો કેદ થયો હતો. આ ક્ષણ તેના લાંબા સંઘર્ષ, પીડા અને આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં પુનરાગમનની એક અદ્ભુત ગાથા બની ગઈ છે. FIFA વર્લ્ડ કપ 2026માં બ્રાઝિલે સ્કોટલેન્ડ પર 3-0થી શાનદાર જીત મેળવી હતી, પરંતુ આ જીત વચ્ચે એક એવી ભાવુક પળ જોવા મળી જેણે દુનિયાભરના ફૂટબોલ ફેન્સના દિલ જીતી લીધા. મેચ પૂરી થયા બાદ નેમાર તેની પાર્ટનર બ્રુના બિયાન્કાર્ડી અને બંને દીકરીઓ સાથે જોવા મળ્યો હતો. બ્રુનાએ ભાવુક થયેલા નેમારને કિસ કરીને પ્રોત્સાહિત કર્યો હતો, જે પછી નેમાર તેની દીકરીઓ માવી અને મેલ સાથે મેદાન પર રમતો જોવા મળ્યો હતો.

### હાર્ડ રોક સ્ટેડિયમમાં ગૂંજી ઉઠ્યું 'નેમાર... નેમાર...'

હાર્ડ રોક સ્ટેડિયમમાં રમાયેલી આ મેચની 76th મિનિટે બ્રાઝિલના મુખ્ય કોચ કાર્લો એન્સેલોટીએ નેમારને મેદાન પર મોકલ્યો હતો. તેણે મેથિયસ કુન્હાની જગ્યા લીધી હતી. નેમાર જેવો જ મેદાન પર પહોંચ્યો, સ્ટેડિયમમાં હાજર હજારો બ્રાઝિલિયન સમર્થકોએ જોરદાર તાળીઓ અને નારાઓ સાથે તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ માત્ર એક ખેલાડીનું મેદાન પર પરત ફરવું નહોતું, પરંતુ વર્ષોના દર્દ, નિરાશા અને આકરી મહેનતનો સુખદ અંત હતો. નેમાર ઓક્ટોબર 2023 પછી પહેલીવાર બ્રાઝિલની નેશનલ ટીમ માટે રમવા ઉતર્યો હતો. છેલ્લા લગભગ 3 વર્ષોમાં વારંવાર થયેલી ઈજાઓએ તેની કારકિર્દીની રફતારને બ્રેક લગાવી દીધી હતી. એક સમયે તો એવું લાગતું હતું કે નેમાર માટે હવે ઈન્ટરનેશનલ ફૂટબોલમાં વાપસી કરવી અશક્ય બની જશે, પરંતુ તેના અડગ મનોબળે આ આશંકાઓને ખોટી સાબિત કરી દીધી.



# ઓલિમ્પિકમાં 130 વર્ષ જૂની પરંપરા તૂટી! હવે મેડલ જીતે કે ન જીતે, દરેક ખેલાડીને મળશે લાખો રૂપિયા

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) એ ઓલિમ્પિક ગેમ્સમાં 130 વર્ષ જૂની પરંપરા તોડી નાખી છે. હવે ઓલિમ્પિક રમતોમાં ભાગ લેનારા તમામ એથ્લેટ્સને 10,000 અમેરિકન ડોલર(9,43,600 રૂપિયા) આપવામાં આવશે. આ 'ફિટ ફોર ધ ફ્યુચર ઓલિમ્પિયન ગ્રાન્ટ' અંતર્ગત આપવામાં આવશે. આ પહેલા ઓલિમ્પિકમાં રમનારા એથ્લેટ્સને કોઈ પણ પૈસા મળતા ન હતા. આ 2026 વિન્ટર ઓલિમ્પિકથી શરૂ થઈ ચૂક્યું છે. વિન્ટર ઓલિમ્પિક ફેબ્રુઆરીમાં આયોજિત કરવામાં આવ્યા હતા. દરેક એથ્લેટને આ રકમ મળશે, પછી ભલે તે મેડલ જીતે કે ન જીતે. એટલે કે, માત્ર ભાગ લેવાના (પાર્ટિસિપેશન) આધાર પર જ એથ્લેટ્સને ગ્રાન્ટ આપવામાં આવશે. જેનો હેતુ એથ્લેટ્સના સ્પોર્ટ્સ કરિયરને સપોર્ટ કરવાનો અથવા કરિયર બદલવામાં મદદ કરવાનો છે. IOC એ આ ગ્રાન્ટ માટે કુલ 10 કરોડ ડોલરનું ફંડ બનાવ્યું છે.



### 'પૈસાનો ઉપયોગ એથ્લેટ્સ પોતાની ઈચ્છાથી કરશે'

ગેસોલ પોતે સ્પેનના ત્રણ વખતના ઓલિમ્પિક મેડલિસ્ટ અને NBAના મહાન ખેલાડી રહી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે NBA ખેલાડીઓ પણ આ ગ્રાન્ટના હકદાર છે. પરંતુ તેમણે કહ્યું કે તેઓ આ પૈસાનો ઉપયોગ આગામી ખેલાડીઓની મદદ માટે કરી શકે છે. આ પૈસાનો ઉપયોગ એથ્લેટ્સ પોતાની ઈચ્છાથી કરશે અને IOC તેમને સારા વિકલ્પો આપશે. 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં આશરે 11,000 એથ્લેટ્સ ભાગ લેશે. તેમના માટે અંદાજે 11 કરોડ ડોલરની ગ્રાન્ટ રાખવામાં આવી છે. એથ્લેટ્સને આ રકમ ઓલિમ્પિક પછી મળશે, શરત એટલી કે તેઓ ડોપિંગ ટેસ્ટમાં ક્લીન (પાસ) હોય.

# ટીમ ઈન્ડિયાની વિરુદ્ધમાં આયરલેન્ડ તરફથી ડેબ્યૂ કરશે રાજસ્થાની બોલર

## ભારત અને આયરલેન્ડ વચ્ચે T20 સિરીઝ શરૂ થઈ રહી છે. 2 મેચની આ સિરીઝમાં ભારતના વૈભવ સૂર્યવંશી અને આયરલેન્ડના જય મૂંદડા ડેબ્યૂ કરી શકે છે

ભારત અને આયરલેન્ડ વચ્ચે આજથી ટી20 સિરિઝની શરૂઆત થવાની છે. બંને દેશો વચ્ચે કુલ બે ટી20 મેચ રમાવાની છે, ત્યારે સૌથી રસપ્રદ વાત એ છે કે, આ સિરિઝમાં ટીમ ઈન્ડિયાના વિસ્ફોટ બેટર વૈભવ સૂર્યવંશી ડેબ્યૂ કરીને મોટો ઈતિહાસ રચી શકે છે. આ ઉપરાંત આયરલેન્ડ તરફથી રાજસ્થાનના ઝડપી બોલર જય મૂંદડા પણ આજની મેચથી ડેબ્યૂ કરી શકે છે.

જય મૂંદડાની આયરલેન્ડની ટીમમાં પસંદગી થયા બાદ તેની બહેને મીડિયા સાથે વાત કરતી વખતે કહ્યું કે, 'મને બહુ ખુશી થાય છે કે, ભાઈની ટીમમાં પસંદગી થઈ છે. મારો ભાઈ નાનપણથી ક્રિકેટ મેચ રમી રહ્યો છે. તે શાળામાં મેચ રમતો હતો, ત્યારબાદ તે એકેડેમીમાં જોડાયો હતો. મેં ભાઈ સાથે વાત કરી, ત્યારે ટીમમાં સ્થાન મળતાં તે ખૂબ ખુશ છે અને અમારો પરિવાર પણ ખૂબ ખુશ છે. મને આશા છે કે, મારો ભાઈ સારુ પ્રદર્શન કરશે.



**આજથી ભારત અને આયરલેન્ડ વચ્ચે T20 સિરીઝ શરૂ થઈ રહી છે. 2 મેચની આ સિરીઝમાં ભારતના વૈભવ સૂર્યવંશી અને આયરલેન્ડના જય મૂંદડા ડેબ્યૂ કરી શકે છે. વૈભવ 37 વર્ષ જૂનો સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડી સૌથી નાની ઉંમરે ભારત માટે ડેબ્યૂ કરનાર ખેલાડી બની શકે છે. રાજસ્થાનનો જય મૂંદડા આયરલેન્ડ તરફથી રમશે.**

### વૈભવ તોડશે સચિન તેંડુલકરનો 37 વર્ષ જૂનો રેકોર્ડ

વૈભવ સૂર્યવંશીની વાત કરીએ તો તેણે શ્રીલંકામાં એ-ટીમ ટ્રાઇ-સીરિઝ ODI ફાઇનલમાં શાનદાર પ્રદર્શન કર્યું. જેમાં તેણે માત્ર 29 બોલમાં 10 ચોગ્ગા અને 8 છગ્ગા સાથે 94 રન બનાવ્યા હતા. સૌથી નોંધપાત્ર વાત એ છે કે વૈભવે માત્ર 11 બોલમાં અડધી સદી પૂરી કરી દીધી હતી. તેવામાં વૈભવ આજની આયરલેન્ડ મેચમાં ડેબ્યૂ કરીને સચિન તેંડુલકરનો 37 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નવો ઈતિહાસ રચી શકે છે. બેલફાસ્ટમાં ભારત વિરુદ્ધ આયર્લૅન્ડ સામેની પહેલી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં જો વૈભવ મેદાનમાં ઉતરશે તો તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત માટે ડેબ્યૂ કરનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બનશે.

# વેનેઝુએલામાં ભૂકંપથી ઓઈલ રિફાઈનરીમાં લીકેજ

## ઓઈલ વિતરણ કેન્દ્રોમાં કામકાજ અટક્યું, એરપોર્ટ અને મેટ્રો સેવાઓ પણ બંધ

(એજન્સી) વેનેઝુએલા । તા. 26

વેનેઝુએલામાં બુધવારે સાંજે આવેલા ભૂકંપથી માત્ર જાનમાલને જ નુકસાન નથી થયું, પરંતુ દેશની અર્થવ્યવસ્થાને પણ મોટો ફટકો પડ્યો છે. પ્રારંભિક અહેવાલ મુજબ અત્યાર સુધીમાં 100થી લોકોના મોત થયા છે, જ્યારે 700થી વધુ ઘાયલ થયા છે. અમેરિકી જિયોલોજિકલ સર્વે મુજબ, ભૂકંપથી 10 હજારથી વધુ લોકોના મોત થવાની આશંકા છે.

ભૂકંપના તરત જ બાદ દેશની રિફાઈનરી અને તેની આસપાસના તેલ વિતરણ કેન્દ્રોમાં કામકાજ રોકી દેવામાં આવ્યું છે, જેથી માળખાકીય સુવિધાઓને થયેલા નુકસાનનું આકલન કરી શકાય.

સાથે જ, દેશભરના એરપોર્ટ, મેટ્રો સેવા અને શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને ઘણી જગ્યાએ પાણીનો પુરવઠો પણ પ્રભાવિત થયો છે.



### ભારતીય બજાર અને ક્રૂડ ઓઈલ પર અસર

**વેનેઝુએલા સંકટને કારણે જો આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડની કિંમતો વધે છે, તો ભારતનું આયાત બિલ વધી શકે છે, જેનાથી ઘરેલું સ્તરે પેટ્રોલ-ડીઝલ અને લૉજિસ્ટિક્સની કિંમત પર દબાણ જોવા મળશે. આ ઉપરાંત, વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં રોકાણ કરનારી ONGC જેવી ભારતીય કંપનીઓના ઓપરેશન્સ પર પણ અસર પડી શકે છે.એનર્જી ટ્રેક કરનારી એજન્સી કેપ્લરના ડેટા અનુસાર, મે 2026માં વેનેઝુએલાએ તેલ સપ્લાયના મામલે સાઉદી અરબ અને અમેરિકાને પાછળ છોડી ત્રીજો સૌથી મોટો સપ્લાયર હતો. મે મહિનામાં ભારતમાં વેનેઝુએલાએ એપ્રિલની સરખામણીમાં લગભગ 50% વધુ તેલ સપ્લાય કર્યું હતું.**

### રિફાઈનરીના એક ટાંકીમાં લીકેજ થયું

**બંને ભૂકંપનું કેન્દ્ર રાજધાની કારાકાસથી લગભગ 290km દૂર પશ્ચિમમાં મોરોન શહેર નજીક હતું, જે વેનેઝુએલાના મુખ્ય તેલ અને ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. અહીં રિફાઈનરીમાં એક ટાંકીમાંથી લીકેજના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ છે. આ વીડિયો પ્યુઅર્ટો કેબેલો રાજ્યમાં આવેલી અલ પાલિટો રિફાઈનરીના એક ટાંકીનો છે, જેમાં ટાંકી લીકેજ થઈ રહી છે. તે જ સમયે, વેનેઝુએલાના અંજોઆતેગી રાજ્યમાં પ્યુર્ટો લા ક્રુઝ રિફાઈનરીમાં 7.1 મેગ્નિટ્યુડના ભૂકંપ દરમિયાન એક ટાંકી છલકાઈ ગઈ.**

# અમેરિકામાં બાળકી પર રેપ કેસમાં સ્નેપચેટ પર કેસ

## ક્વિક એડ જેવા ફીચર્સે રેપિસ્ટને બાળકી સુધી પહોંચાડ્યો, ભારતમાં એપના 25 કરોડ એક્ટિવ માસિક યુઝર્સ

(એજન્સી) મિસૌરી । તા. 26

સોશિયલ મીડિયા એપ સ્નેપચેટની મૂળ કંપની સ્નેપ પર અમેરિકાના મિઝોરીમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે પ્લેટફોર્મ 12 વર્ષની બાળકીના બળાત્કાર માટે જવાબદાર છે.

આરોપ લગાવવામાં આવ્યો છે કે સ્નેપચેટના ક્વિક એડ અને સ્નેપ મેપ જેવા ફીચર્સ દ્વારા હુમલાખોર ગેબ્રિયલ જોએલ વેલેન્ટાઈન-રિયોસે જેએફ નામની છોકરીને શિકાર બનાવી.

એપની મદદથી તે તેની સાથે જોડાઈ શક્યો અને તેને લલચાવી શક્યો. કથિત રીતે સ્નેપચેટના ક્વિક એડ ફીચરે 25 વર્ષના વેલેન્ટાઈન-રિયોસને જેએફ અને તે જ વિસ્તારની અન્ય સગીર છોકરીઓ સાથે જોડાવાનું સૂચન કર્યું.

ફરિયાદ અનુસાર, એપ્લિકેશને વેલેન્ટાઈન-રિયોસને મિલનસાર દેખાતા છોકરા તરીકે દર્શાવ્યો હતો. સ્નેપચેટ સગીરોને ચેતવણી આપવામાં નિષ્ફળ રહ્યું કે આ યુઝર્સ અજાણ્યા હોઈ શકે છે અથવા તેમની સાથે જોડાણ કરવું ખતરનાક હોઈ શકે છે.

### સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ વિરુદ્ધ હજારો કેસ



મેટા (ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ), ટિકટોક (બાઈટડાન્સ), યુટ્યુબ (ગૂગલ) અને સ્નેપચેટ (સ્નેપ) સહિતના અનેક મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ગંભીર મુકદ્દમાનો સામનો કરી રહ્યા છે. અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યની અદાલતોમાં સોશિયલ મીડિયા કંપનીઓ વિરુદ્ધ વ્યસન સંબંધિત દાવાઓવાળા 3,300થી વધુ મુકદ્દમા પેન્ડિંગ છે.

### નાબાલિકો માટે પ્લેટફોર્મ એટલું સુરક્ષિત નથી

અદાલતમાં કહેવામાં આવ્યું છે કે સ્નેપના અધિકારીઓને ડાર્ક વેબ પર એક પુસ્તક મળ્યું, જેમાં સ્નેપચેટના ફીચરનો ઉપયોગ કરીને યુવા યુઝર્સને નિશાન બનાવવાની રીતો જણાવવામાં આવી છે. હીટ ઈનિશિયેટિવ નામના સંગઠનના એક સર્વે મુજબ, સગીર યુઝર્સમાંથી અડધાએ ગયા વર્ષે સ્નેપચેટ પર 'અસુરક્ષિત સામગ્રી અથવા મેસેજ' જોયા.

### સ્નેપચેટ માટે ભારત વિશ્વનું સૌથી મોટું બજાર છે

સ્નેપચેટની 25 થી વધુ દેશોમાં 13 થી 24 વર્ષની વયના 90% લોકો સુધી પહોંચ છે. ભારત સ્નેપચેટ માટે વિશ્વનું સૌથી મોટું બજાર છે. યાહૂ ફાઈનાન્સના એક રિપોર્ટ મુજબ, ભારતમાં સ્નેપચેટના 25 કરોડથી વધુ એક્ટિવ માસિક યુઝર્સ છે. આ કંપનીના વૈશ્વિક યુઝર બેઝનો લગભગ 36% છે.

# NATO દેશોએ યુદ્ધમાં અમેરિકાનો સાથ આપ્યો

## ઈરાને કહ્યું- તેમને જવાબદાર ઠરાવવામાં આવે; હોર્મુઝમાં જહાજ પર હુમલો, પુલને નુકસાન

(એજન્સી) ઈરાન । તા. 26

ઈરાને આરોપ લગાવ્યો છે કે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર થયેલા હુમલામાં સાથ આપનાર નાટો સભ્ય દેશોને આ માટે જવાબદાર ઠેરવવા જોઈએ.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોશિયલ મીડિયા પર કહ્યું કે નાટો ચીફ માર્ક રૂટે પોતે સ્વીકાર્યું છે કે ઈટાલી અને રોમાનિયાએ ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીમાં અમેરિકાનો સાથ આપ્યો હતો.

બઘાઈએ કહ્યું કે તેમણે પોતાના નાગરિકો અને આખી દુનિયાને જણાવવું જોઈએ કે તેમણે અમેરિકા અને ઈઝરાયલ સાથે મળીને ઈરાન વિરુદ્ધ આ કાર્યવાહીનું સમર્થન શા માટે કર્યું. હોર્મુઝ સ્ટ્રેટમાં એક કોમર્શિયલ જહાજ પર કોઈ અજાણ્યા પ્રોજેક્ટાઈલ, એટલે કે હુમલાખોર હથિયારથી હુમલો થયો. બ્રિટનની યુકે મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ, એટલે કે UKMTO એ આની જાણકારી આપી છે.

**1. ઈરાને હોર્મુઝમાં નવા રૂટ પર આપત્તિ વ્યક્ત કરી : ઈરાને સંયુક્ત રાષ્ટ્ર (UN)ના તે પ્રસ્તાવને ફગાવી દીધો છે, જેમાં હોર્મુઝમાંથી જહાજોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે નવા દરિયાઈ માર્ગો, એટલે કે ઈવેક્યુએશન લેન બનાવવાની વાત કહેવામાં આવી હતી.**

**2. હોર્મુઝને લઈને ઈરાન-અમેરિકા આમને-સામને: ઈરાને કહ્યું કે નિયમોનું પાલન કર્યા વિના પસાર થતા જહાજો પર કાર્યવાહી થશે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું કે હોર્મુઝ પર કોઈ એક દેશનું નિયંત્રણ સ્વીકારશે નહીં.**

**3. ટ્રમ્પે યુદ્ધ ખર્ચ માટે ₹8.3 લાખ કરોડ માંગ્યા: ટ્રમ્પ સરકારે અમેરિકી સંસદ પાસેથી 87.6 અબજ ડોલર, એટલે કે લગભગ ₹8.322 લાખ કરોડનું વધારાનું ભંડોળ માંગ્યું. આ રકમ યુદ્ધ ખર્ચ, સેનાની તૈયારી અને હથિયારોના ભંડાર માટે ઉપયોગમાં લેવાશે.**

**4. લેબનોનમાં ઈઝરાયલી હુમલા ચાલુ: નાબાતિયેહ નજીક કાર પરના હુમલામાં 3 લોકોના મોત થયા અને 1 વ્યક્તિ ઘાયલ થયો. ઈઝરાયલી સેનાએ હુમલા અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.**

**5. ઈરાને અમેરિકા વિરોધી નારાઓ પર પ્રતિબંધના સમાચારને નકારી કાઢ્યા: ઈરાને કહ્યું કે 'અમેરિકા મુર્દાબાદ'ના નારા કે અમેરિકી ધ્વજ સળગાવવા પર કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. સરકારે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા સમાચારોને ખોટા ગણાવ્યા.**

જહાજ ઓમાનના કિનારે નજીક હતું, ત્યારે જ પ્રોજેક્ટાઈલ જહાજના જમણા ભાગ સાથે અથડાયું. આ હુમલામાં જહાજના બ્રિજને, જ્યાંથી જહાજને નિયંત્રિત કરવામાં આવે છે, નુકસાન થયું. જહાજના કેપ્ટને જણાવ્યું કે આ ઘટનામાં કોઈ પણ વ્યક્તિ ઘાયલ થયો નથી.

# વેનેઝૂએલા ભૂકંપમાં અત્યાર સુધીમાં 235નાં મોત

## 4300થી વધુ ઘાયલ; સરકારે કહ્યું- 39,000 લોકો ગુમ, કાટમાળ નીચેથી અવાજો આવી રહ્યા છે

વેનેઝૂએલા : દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલામાં આવેલા બે ભૂકંપમાં અત્યાર સુધીમાં 235 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જ્યારે 4300થી વધુ લોકો ઘાયલ છે. વેનેઝુએલામાં બુધવારે 1821ના કારાબોબો યુદ્ધની યાદમાં રાષ્ટ્રીય રજા હતી. તેથી મોટાભાગના લોકો ઘરોમાં હતા અને ફીફા વર્લ્ડ કપ મેચ જોઈ રહ્યા હતા. આનાથી કાટમાળ નીચે દટાયેલા લોકોની સંખ્યા વધુ હોવાની આશંકા છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ અનુસાર, કાટમાળની અંદરથી અવાજો આવી રહ્યા છે. સરકારે મોડી રાત્રે જણાવ્યું કે 39 હજારથી વધુ લોકો ગુમ છે. ભૂકંપની ભયાનકતાની અસલી તસવીર હજુ આવવાની બાકી છે. અમેરિકી જીઓલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપથી 10 હજારથી વધુ લોકોના મોત થવાની 44% આશંકા છે. જ્યારે, એક લાખ લોકોના જીવ ગુમાવવાની પણ 30% આશંકા છે.

# ટ્રમ્પે કહ્યું- ઈરાની સ્કૂલ પર મિસાઈલ પડવાના પુરાવા નથી

## ચારેય બાજુ મિસાઈલો છૂટતી હતી, જવાબદારની ઓળખ મુશ્કેલ; 175નાં જીવ ગયા હતા

(એજન્સી) ઈરાન । તા. 26

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની મિનાબ ગર્લ્સ સ્કૂલ પર થયેલા હુમલામાં અમેરિકી મિસાઈલના ઉપયોગનો ઈનકાર કર્યો છે. તેમણે કહ્યું કે તે સમયે ચારેય બાજુ મિસાઈલો છોડવામાં આવી રહી હતી, તેથી કદાચ ક્યારેય એ જાણી શકાશે નહીં કે હુમલા માટે



કોણ જવાબદાર હતું. ટ્રમ્પે કહ્યું, 'કોઈએ કહ્યું કે આ અમારી મિસાઈલ હતી, પરંતુ કદાચ તે અમારી મિસાઈલ ન હોય. મેં એવો કોઈ પુરાવો જોયો નથી, જેનાથી લાગે કે આ હુમલો અમે કર્યો હતો.' જોકે 10 દિવસ પહેલા જ ટ્રમ્પે આ ઘટનાને ભૂલ ગણાવી હતી અને કહ્યું હતું કે સ્કૂલને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યું ન હતું. માર્ચમાં આવેલા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે સેનાની પ્રારંભિક તપાસમાં હુમલા પાછળ અમેરિકી દળોની ભૂમિકા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. જોકે પેન્ટાગોને હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી અને તપાસ ચાલુ છે. ઈરાન અનુસાર, 28 ફેબ્રુઆરીએ મિનાબની ગર્લ્સ સ્કૂલ પર થયેલા હુમલામાં 175થી વધુ બાળકો અને શિક્ષકોના મોત થયા હતા. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલય (UNHRC) એ આ હુમલાને ભયાવહ ગણાવ્યો હતો.

# પાકિસ્તાને પીઓકેમાં દેખાવોને ડામવા ઘેરો ઘાલતાં અન્ન,બળતણ અને દવાઓની અછત

પીઓકે : પીઓકેની વિધાનસભામાં બાર બેઠકો ભારતના કબજા હેઠળના કાશ્મીરમાંથી આવેલાં નિરાશ્રિતો માટે અનામત રાખવાના મામલે થયેલાં વિવાદને કારણે દેખાવો વ્યાપક બનતાં જોઈન્ટ અવામી એક્શન કમિટીએ બંધનું એલાન આપવાને પગલે જીવનાવશ્યક ચીજોનો પુરવઠો ખોરવાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હોવાનું સ્થાનિક અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું.

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર-પીઓકેમાં થઈ રહેલાં વિરોધને કચડી નાંખવા ઈસ્લામાબાદે અન્ન, બળતણ અને દવાઓનો પુરવઠો બંધ કરી દીધો છે. જો કે પાકિસ્તાની સત્તાવાળાઓએ આવો કોઈ ઘેરો ઘાલવામાં આવ્યો હોવાનું નકારી કાઢ્યું હતું. દેખાવોનો સામનો કરવા પાકિસ્તાને જોઈન્ટ અવામી એક્શન કમિટીને આતંકી સંગઠન જાહેર કરી તેના ટેકેદારો પર જુલમ કરવા માંડયો છે.

સ્થાનિક જૂથોના જણાવ્યા અનુસાર ઈસ્લામાબાદ આ બેઠકોનો ઉપયોગ કરી ચૂંટણીમાં ઘાલમેલ કરી પોતાને અનુકૂળ સરકાર બેસાડે છે. પાકિસ્તાને આ દેખાવોને ડામવા ભરેલાં પગલાંઓમાં ૫૮જણાંના મોત થયા છે. પીઓકેમાં દેખાવોને કારણે જનજીવન ઠપ થઈ ગયું છે અને ઈન્ટરનેટ તથા મોબાઈલ સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. તેમાં પણ પાકિસ્તાને ઈરાદાપૂર્વક આ વિસ્તારોમાં જીવનાવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાને બંધ કરી દેતાં સ્થાનિક રહેવાસીઓ રોજિંદી જીવનજરૂરિયાતની ચીજો ખરીદવા ઈસ્લામાબાદ અને રાવલપિંડી સુધી લાંબા થાય છે.

# વેનેઝુએલામાં 39 સેકન્ડમાં ભૂકંપના 2 મોટા આંચકા

## 60 સેકન્ડ સુધી શહેર ધ્રૂજતું રહ્યું, અત્યાર સુધીમાં 188નાં મોત, 1520 ઘાયલ

(એજન્સી) વેનેઝુએલા । તા. 26

વેનેઝુએલામાં 39 સેકન્ડમાં બે શક્તિશાળી ભૂકંપથી તબાહી મચી ગઈ છે. દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલામાં બુધવારે સાંજે 6.04 વાગ્યે 7.2 અને 6.05 વાગ્યે 7.5 તીવ્રતાના બે આંચકા આવ્યા. તે સમયે ભારતમાં ગુરુવારે વહેલી સવારે 3.34 અને 3.35 વાગ્યા હતા.

લોકોએ જણાવ્યું કે ભૂકંપ પછી 60 સેકન્ડ સુધી શહેર ધ્રૂજતું રહ્યું. 20 આફ્ટરશોક પણ નોંધાયા છે. ન્યૂઝ એજન્સી AP અનુસાર, અત્યાર સુધીમાં 188 મૃત્યુની પુષ્ટિ થઈ છે, જ્યારે 1520 ઘાયલ છે.

આ ભૂકંપ એવા દિવસે આવ્યા, જ્યારે આખા દેશમાં



રાષ્ટ્રીય રજા હતી. 1821માં સ્પેન વિરુદ્ધ આઝાદીની લડાઈની ઐતિહાસિક જીતની વર્ષગાંઠ પર શાળાઓ અને ઓફિસો બંધ હતી.

આ જ કારણે મોટાભાગના લોકો પોતાના ઘરોમાં હાજર હતા.અમેરિકી જિયોલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપથી 10 હજારથી વધુ લોકોના મોત થવાની 44% શક્યતા છે.

જ્યારે, એક લાખ લોકોના જીવ ગુમાવવાની 30% શક્યતા પણ છે.

બંને ભૂકંપ રાજધાની કરાકસથી લગભગ 290 કિલોમીટર પશ્ચિમમાં આવ્યા. કરાકસ સહિત ઘણા શહેરોમાં ઈમારતોને નુકસાન થયું છે. કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી. જોકે, હજુ સુધી સરકારે કોઈ મૃત્યુના સત્તાવાર આંકડા જાહેર કર્યા નથી.

સ્થાનિક મીડિયા અનુસાર કારાકાસ એરપોર્ટની છતનો અમુક ભાગ તૂટી પડ્યો. આ છેલ્લા 126 વર્ષનો સૌથી મોટો ભૂકંપ છે, આ પહેલા 1900માં 7.7 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

# ઓમાને મોટો ખેલ પાડતા ઈરાન વિફર્યું, મિસાઈલ ઝિંકવાની આપી ધમકી

(એજન્સી) હોર્મુઝ । તા. 26

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખુલ્યા બાદ પણ ત્યાં તણાવ અને સંઘર્ષનું સ્તર બહુ ઓછું થયું નથી. ગુરુવારે હોર્મુઝમાં ઓમાન તરફથી પસાર થઈ રહેલા એક ઓઈલ ટેન્કરને ચેતવણી આપતા ઈરાની નેવીએ કહ્યું કે, તમે અમારી મિસાઈલની રેન્જમાં છો અને ઈરાની નેવી ગમે ત્યારે ફાયર કરી શકે છે. યુદ્ધવિરામ બાદ ઈરાનની આ ચેતવણીથી હોર્મુઝમાં ફરી એકવાર માહોલ તણાવપૂર્ણ બની ગયો છે. ઓમાને સંયુક્ત રાષ્ટ્ર (UN) ના સહયોગથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં પોતાના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી જહાજો અને ઓઈલ ટેન્કરો પસાર થવા માટે એક નવો રૂટ એક્ટિવેટ કરી દીધો છે. આ રૂટ શરૂ થવાથી હોર્મુઝમાં ઈરાનની દાદાગીરી ખતમ થઈ જશે. ઓમાનના આ પગલાને અમેરિકાનો સાથ મળ્યો છે, પરંતુ તેનાથી ઈરાન ચિડાયેલું છે.

ગુરુવારે ઘણા ટેન્કરોએ સંયુક્ત રાષ્ટ્રની દરિયાઈ એજન્સી દ્વારા દર્શાવવામાં આવેલા નવા રસ્તા પરથી હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું હતું. ઈરાને ઓમાનના કિનારા પાસેથી પસાર થતા આ રસ્તાનો ઉપયોગ કરનારા જહાજોને ધમકી આપી છે. આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર વૈકલ્પિક રૂટ ખુલવાથી વિશ્વના અર્થતંત્ર પરનું દબાણ ઘટશે અને અમેરિકા સાથે ચાલી રહેલી શાંતિ વાટાઘાટોમાં ઈરાનની સોદાબાજી કરવાની ક્ષમતા ખતમ થઈ જશે. અમેરિકાના સહયોગી દેશોને ભરોસો આપવા માટે ખાડી દેશોના પ્રવાસે આવેલા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, વોશિંગ્ટન આ નવા રસ્તા માટે પ્રતિબદ્ધ છે.

# કેનેડાએ સ્વીકાર્યું- એર ઈન્ડિયા ફ્લાઈટ બ્લાસ્ટ ખાલિસ્તાનીઓએ કર્યો

## 41 વર્ષ પહેલાં આતંકવાદી હુમલામાં 329 લોકોનાં મોત થયા, મોટાભાગના ભારતીય મૂળના હતા

(એજન્સી) કેનેડા । તા. 26

કેનેડાએ પહેલીવાર સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે 1985માં એર ઈન્ડિયાની ફ્લાઈટ 182 'કનિષ્ક'માં થયેલા બોમ્બ વિસ્ફોટ પાછળ કેનેડામાં હાજર ખાલિસ્તાની આતંકવાદીઓનો હાથ હતો. કેનેડાની ગુપ્તચર એજન્સી કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS)એ આ ઘટનાને 'ઘૃણાસ્પદ આતંકવાદી કૃત્ય' ગણાવ્યું છે.

23 જૂને આ ઘટનાના 41 વર્ષ પૂરા થવા પર CSISએ સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ આપી. આ દરમિયાન એજન્સીએ લખ્યું, આતંકવાદના પીડિતોના રાષ્ટ્રીય સ્મૃતિ દિવસ પર, અમે એર ઈન્ડિયા ફ્લાઈટ 182ના તે 329 લોકોને યાદ કરીએ છીએ, જેમણે એક ઘૃણાસ્પદ આતંકવાદી હુમલામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો.

આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ 329 લોકોના મોત થયા હતા. તેમાંથી 268 કેનેડિયન નાગરિકો હતા, જેમાં મોટાભાગના ભારતીય મૂળના હતા. 24 લોકો ભારતના નાગરિક હતા.

23 જૂન 1985ના રોજ એર ઈન્ડિયાની ફ્લાઈટ 182 'કનિષ્ક' મોન્ટ્રિયલથી લંડન થઈને નવી દિલ્હી આવી રહી હતી. લંડનના હીથ્રો એરપોર્ટ પહોંચવાના લગભગ 45 મિનિટ પહેલા આયર્લેન્ડના દરિયાકિનારે એટલાન્ટિક મહાસાગર ઉપર વિમાનમાં જોરદાર વિસ્ફોટ થયો અને વિમાન હવામાં જ તૂટીને સમુદ્રમાં પડી ગયું. તેમાં સવાર તમામ લોકોના મોત થયા.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પણ આ ઘટનાને દેશના ઈતિહાસનો સૌથી ઘાતક આતંકી હુમલો ગણાવ્યો છે. તેમણે કહ્યું, '41 વર્ષ પહેલાં એર ઈન્ડિયા ફ્લાઈટ 182 બોમ્બ વિસ્ફોટમાં 329 નિર્દોષ લોકોના જીવ ગયા હતા, જેમાં 268 કેનેડિયન નાગરિકો હતા. આ આજે પણ કેનેડાના ઈતિહાસનો સૌથી મોટો આતંકી હુમલો છે. કેનેડા દરેક પ્રકારના હિંસક આતંકવાદની વિરુદ્ધ ઊભું છે.'

તપાસમાં સામે આવ્યું કે વિસ્ફોટક એક સૂટકેસમાં છુપાવીને વિમાનના ચેક-ઈન બેગેજમાં રાખવામાં આવ્યો હતો. આ સૂટકેસ જે યાત્રીના નામથી ચેક-ઈન થયો હતો, તે પોતે વિમાનમાં સવાર જ નહોતો થયો.

કેનેડિયન તપાસ એજન્સીઓએ નિષ્કર્ષ કાઢ્યો હતો કે આ હુમલો 1984માં થયેલા ઓપરેશન બ્લુ સ્ટારના જવાબમાં કરવામાં આવ્યો હતો. ઓપરેશન બ્લુ સ્ટાર દરમિયાન ભારતીય સેનાએ અમૃતસરના સુવર્ણ મંદિર પરિસરમાં છુપાયેલા આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું હતું. તપાસ મુજબ, આના જ પ્રતિશોધમાં શીખ અલગતાવાદીઓએ એર ઈન્ડિયા વિમાનને નિશાન બનાવ્યું હતું.

# હોર્મુઝમાં ડ્રોન હુમલા બાદ UNએ જહાજોના રેસ્ક્યૂ ઓપરેશન પર લગાવી બ્રેક

(એજન્સી) હોર્મુઝ । તા. 26

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ચાલી રહેલો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. બ્રિટિશ સૈન્યના જણાવ્યા અનુસાર, ઓમાનના દરિયાકાંઠે એક વ્યાપારી જહાજ પર મોટો હુમલો કરવામાં આવ્યો છે. એક અમેરિકન અધિકારીએ ઓળખ ન આપવાની શરતે ખુલાસો કર્યો છે કે 'એવર લવલી' (Ever Lovely) નામના આ મર્ચેન્ટ જહાજ પર ઈરાનની પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં જહાજને નુકસાન થયું છે, પરંતુ કોઈ જાનહાનિ કે પર્યાવરણીય નુકસાનના અહેવાલ નથી. આ હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO)એ મોટો નિર્ણય લેતા પર્સિયન ગલ્ફમાંથી ફસાયેલા જહાજોને બહાર કાઢવાનું ઓપરેશન અટકાવી દીધું છે. એજન્સીના સેક્રેટરી-જનરલ આર્સેનિયો ડોમિંગુએઝે જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ રૂટ પર જહાજોની સુરક્ષાની સંપૂર્ણ ગેરંટી ન મળે ત્યાં સુધી આ રેસ્ક્યૂ ઓપરેશન હોલ્ડ પર રહેશે. જોકે, જે જહાજ પર હુમલો થયો તે આ રેસ્ક્યૂ ઓપરેશનનો ભાગ નહોતું.

આ હુમલાના થોડા કલાકો પહેલા જ ઈરાને ધમકી આપી હતી કે તેની પરવાનગી વિના આ રૂટનો ઉપયોગ કરનારા જહાજોને રોકી દેવામાં આવે. ઈરાનની નવી સરકારી એજન્સી 'પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી' એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું છે કે ઈરાન દ્વારા નક્કી કરાયેલા રૂટ સિવાય અન્ય કોઈ માર્ગેથી પસાર થનારા જહાજોને સુરક્ષાની કોઈ ગેરંટી આપવામાં આવશે નહીં. રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું છે કે ઓમાન અને IMO દ્વારા તૈયાર કરાયેલો આ નવો રૂટ અસ્વીકાર્ય અને અત્યંત જોખમી છે.

# જ્યાં ઈન્ડિયન ઈકોનોમિક ઝોન બનવાનો હતો, ત્યાં હવે ચીન કરશે મોટું નિર્માણ!

## બાંગ્લાદેશે ચીન સાથે મુંગલા પોર્ટ પ્રોજેક્ટનો મોટો કરાર કર્યો છે, જે ભારત માટે આંચકો છે

(એજન્સી) તીસ્તા । તા. 26

તીસ્તા નદી પ્રોજેક્ટ બાદ બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાને ચીન સાથે વધુ એક મોટો કરાર કર્યો છે, જે ભારત માટે એક મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા મુંગલા પોર્ટને લઈને ચીન સાથે હાથ મિલાવ્યા છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ પ્રોજેક્ટનું નિર્માણ મૂળરૂપે 'ઈન્ડિયન ઈકોનોમિક ઝોન' માટે પ્રસ્તાવિત કરવામાં આવેલી જમીન પર જ કરવામાં આવશે.

બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન હાલ ચીનની મુલાકાતે છે અને તેમની હાજરીમાં જ બેઈજિંગ ખાતે આ મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બાંગ્લાદેશ ઈકોનોમિક ઝોન ઓથોરિટીએ ચીનની સરકારી 'સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન' સાથે ચીન-બાંગ્લાદેશ મુંગલા પોર્ટ ઈકોનોમિક ઝોન માટે કરાર કર્યા છે. આ પ્રોજેક્ટને બાગેરહાટમાં મુંગલા પોર્ટની નજીક આવેલી 110 એકર જમીન પર વિકસાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત-બાંગ્લાદેશ વચ્ચેની દ્વિપક્ષીય સમજૂતી હેઠળ આ જમીન પહેલા ઈન્ડિયન ઈકોનોમિક ઝોનને આપવામાં આવી હતી. પરંતુ તેના પર નિર્ધારિત સમયમાં કામ શરૂ ન થઈ શક્યું હોવાનું બહાનું કાઢીને મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારે ઓક્ટોબર 2025માં આ પ્રોજેક્ટને લિસ્ટમાંથી હટાવી દીધો હતો. હવે પીએમ તારિક રહેમાનની નવી રોકાણ વ્યૂહરચના હેઠળ આ જમીન ચીનને સોંપી દેવામાં આવી છે.

બાંગ્લાદેશ હાલના દિવસોમાં પોતાના દેશમાં વધુમાં વધુ ચીની રોકાણને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે. તારિક રહેમાનની આ ચીન મુલાકાતનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ મજબૂત કરવાનો છે, જેમાં મુંગલા પોર્ટનો આ કરાર પણ સામેલ છે. આ સિવાય બાંગ્લાદેશ ઈકોનોમિક ઝોન્સ ઓથોરિટીએ ચટોગ્રામના અનવારામાં ચીની આર્થિક અને ઔદ્યોગિક ઝોન વિકસાવવા માટે 'ચાઈના રોડ એન્ડ બ્રિજ કોર્પોરેશન' સાથે પણ એક ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે.

આ પહેલા, બાંગ્લાદેશ અને ચીન વચ્ચે તીસ્તા નદી પ્રોજેક્ટ પર સાથે મળીને કામ કરવા માટે સહમતી સધાઈ ચૂકી છે. ચીનનું કહેવું છે કે જળ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં બાંગ્લાદેશને ચીનના અનુભવનો મોટો ફાયદો મળી શકે છે. બાંગ્લાદેશની સરકારી ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, ચીનના જળ સંસાધન મંત્રી લી ગુઓયિંગની બેઈજિંગમાં બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન સાથે થયેલી મુલાકાત દરમિયાન આ પ્રોજેક્ટ પર અંતિમ મહોર મારવામાં આવી હતી.

### કેટલાક મંત્રીઓની ભૂમિકા બદલાશે, યુવાનોને મળશે તક

# મોદી કેબિનેટમાં મોટા ઉલટફેરના એંધાણ! બળવાખોરોને મળશે 'ઈનામ',

(એજન્સી) નવી દિલ્હી | તા 26



કેન્દ્ર સરકાર અને ભાજપ સંગઠનમાં મોટા ફેરબદલની શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મંત્રીમંડળ વિસ્તરણ અને સંગઠનાત્મક ફેરફારો પર મંથન ચાલી રહ્યું છે. નવા ચહેરાઓને સ્થાન મળશે, કેટલાક મંત્રીઓની જવાબદારીઓ બદલાશે. NDAના સહયોગી પક્ષો અને તાજેતરમાં જોડાયેલા નેતાઓને પણ સ્થાન મળી શકે છે, જેમાં શિવસેના (શિંદે જૂથ)ના શ્રીકાંત શિંદે અને પશ્ચિમ બંગાળના નેતાઓ ચર્ચામાં છે.

મોદી કેબિનેટમાં મોટા ઉલટફેરના એંધાણ! બળવાખોરોને મળશે 'ઈનામ', આ નેતાનું કપાઈ શકે છે પત્તું

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં આગામી થોડા દિવસોમાં મોટા પાયે ફેરબદલ થઈ શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારમાં મંત્રીમંડળના વિસ્તરણ અને સંગઠનાત્મક ફેરફારો બંને પર અત્યારે ગંભીર મંથન ચાલી રહ્યું છે. આ કવાયત હેઠળ મંત્રીમંડળમાં કેટલાક નવા ચહેરાઓને સ્થાન મળી શકે છે, જ્યારે કેટલાક વર્તમાન મંત્રીઓની જવાબદારીઓમાં મોટો બદલાવ આવી શકે છે. તાજેતરના રાજકીય પ્રવાહો બાદ NDA ગઠબંધન વધુ મજબૂત બન્યું છે. આવી સ્થિતિમાં, સહયોગી પક્ષો અને તાજેતરમાં જ NDA માં સામેલ થયેલા નેતાઓને સરકારમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ક્રમમાં મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના કેટલાક અગ્રણી નેતાઓના નામ સૌથી વધુ ચર્ચામાં છે.

શિવસેના (શિંદે જૂથ) ના સાંસદ શ્રીકાંત શિંદેને કેબિનેટ રેન્ક સાથે કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવી શકે છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) થી અલગ થયેલા સાંસદો કાકોલી ઘોષ, સુદીપ બંદોપાધ્યાય અને શતાબ્દી રોયના નામો પર પણ વિચારણા ચાલી રહી છે. આમાંથી કોઈ એક નેતાને કેબિનેટમાં સ્થાન મળી શકે છે. આ ઉપરાંત શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) માંથી અલગ થયેલા સાંસદ સંજય દીના પાટિલનું નામ પણ સંભવિત મંત્રીઓની યાદીમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

#### કેટલાક મંત્રીઓની ભૂમિકા બદલાશે, યુવાનોને મળશે તક

આ ફેરબદલમાં માત્ર નવા મંત્રીઓની નિમણૂક જ નહીં, પરંતુ કેટલાક વર્તમાન મંત્રીઓની જવાબદારીઓ પણ બદલાશે. ઉત્તર પ્રદેશ અને દિલ્હી ભાજપની કમાન સંભાળી ચૂકેલા પંકજ ચૌધરી અને હર્ષ મલ્હોત્રાને સંગઠનમાં વધુ સક્રિય ભૂમિકા આપવા માટે કેન્દ્ર સરકારના મંત્રીપદેથી મુક્ત કરવામાં આવી શકે છે. ભાજપ સરકારમાં સામેલ કેટલાક વરિષ્ઠ નેતાઓને સંગઠનમાં મહત્વની જવાબદારી સોંપીને, સરકારમાં પ્રમાણમાં યુવા નેતાઓને તક આપવાની રણનીતિ પર કામ કરી રહી છે, જેથી નેતૃત્વની નવી પેઢી તૈયાર કરી શકાય.

#### ભાજપ સંગઠનમાં પણ વ્યાપક ફેરફારોની શક્યતા

સરકારની સાથે સાથે ભાજપના સંગઠનાત્મક માળખામાં પણ મોટા ફેરફારો થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્ટી રાષ્ટ્રીય સ્તરે ઓછામાં ઓછી બે મહિલા ઉપાધ્યક્ષોની નિમણૂક કરી શકે છે. આ સિવાય ત્રિપુરા અને હિમાચલ પ્રદેશના વરિષ્ઠ નેતાઓને પણ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવા મહત્વના પદો આપવા પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે.

## મોહર્રમના જુલૂસમાં કાર બ્લાસ્ટ કરાતા વિવાદ, દોષિતો સામે કાર્યવાહી કરવા VHPની માંગ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

વિશ્વ હિન્દુ પરિષદે (VHP) ઉજ્જૈનમાં મોહર્રમના જુલૂસ દરમિયાન થયેલી એક ઘટનાની તપાસની માંગ કરી છે. 23 જૂને બડનગરમાં વાયરલ થયેલા વીડિયોમાં ક્રેનથી લટકાવેલી વાનને બ્લાસ્ટ કરીને ઉડાવી દેવામાં આવી હતી. VHPએ આને ધર્મના નામે ડર અને શક્તિ પ્રદર્શન ગણાવ્યું છે. રાષ્ટ્રીય પ્રવક્તા વિનોદ બંસલે મુખ્યમંત્રી અને પોલીસને ટેગ કરીને તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. વિશ્વ હિન્દુ પરિષદે (VHP) મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં મોહર્રમ જુલૂસ દરમિયાન થયેલી એક ઘટનાની તપાસ કરવાની માગ કરી છે. આ ઘટનામાં એક વૅનને ક્રેનથી લટકાવીને બ્લાસ્ટ કરીને ઉડાવી દેવામાં આવી હતી. સંગઠને જણાવ્યું કે, ધાર્મિક આયોજનોના નામે આવા ખતરનાક શક્તિ પ્રદર્શનને સભ્ય સમાજમાં ક્યારેય સ્વીકારી શકાય નહીં.VHPની આ માગણી 23 જૂનની રાત્રે બડનગરમાં કાઢવામાં આવેલા મોહર્રમ જુલૂસનો એક કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સામે આવી છે. વીડિયોમાં એક ક્રેન દ્વારા વૅનને હવામાં આશરે 40 ફૂટ ઊંચે ઉઠાવેલી જોઈ શકાય છે, જ્યારે બે યુવકો ત્યાં ઝંડા લહેરાવી રહ્યા હતા. તે પછી તરત જ એ વૅનને એક જોરદાર ધડાકા સાથે ઉડાવી દેવામાં આવી હતી.

# News Brief

## પાસપોર્ટની ફી 2000 રૂપિયા સુધી વધી: નવો નિયમ 1લી જુલાઈથી અમલી થશે

નવી દિલ્હી : વિદેશ મંત્રાલયે એક નિવેદન આપ્યું હતું કે પાસપોર્ટ ટ્રાવેલ ડોક્યુમેન્ટ છે, નાગરિકતાનું પ્રમાણપત્ર નથી. આ નિવેદન બાદ ચર્ચા જાગી છે. રાજકીય વિવાદ પણ થયો છે. જો પાસપોર્ટ નાગરિકતાનું ડોક્યુમેન્ટ નથી તો બીજા બધા ડોક્યુમેન્ટમાં એ સૌથી આગળ કેમ છે એવો સવાલ પણ ઉઠયો છે. દરમિયાન ૧૨ વર્ષમાં પહેલી વખત પાસપોર્ટના નિયમમાં ફેરફાર થયો છે અને પાસપોર્ટ ફીમાં ૨૦૦૦ રૂપિયા સુધીનો વધારો ઝીંકાયો છે.

પાસપોર્ટ રૂલ્સ ૧૯૮૦માં સુધારો કરવામાં આવ્યો છે. એ પ્રમાણે ૩૬ પેજના પાસપોર્ટ માટે ૧૫૦૦ના બદલે ૨૫૦૦ રૂપિયા આપવા પડશે. રિન્યૂ કરવાની ફીમાં પણ વધારો થયો છે. અરજન્ટ પાસપોર્ટ માટે તો ૫૦૦૦ રૂપિયા સુધી ચૂકવવા પડશે. આ નવો રૂલ ૧લી જુલાઈથી જ લાગુ પડી જશે. કેન્દ્ર સરકારે નોટિફિકેશન આપીને આ ફેરફારની જાણકારી આપી છે. અત્યારે તત્કાલ પાસપોર્ટની ફી ૩૫૦૦ રૂપિયા છે, જ્યારે સાધારણ પાસપોર્ટ માટે ૧૫૦૦ રૂપિયા આપવા પડે છે. ૬૦ પેજના પાસપોર્ટ માટે ૨૦૦૦ને બદલે ૧૫૦૦ રૂપિયા આપવા પડશે. જ્યારે તત્કાલના ૬૦ પેજના પાસપોર્ટના ૬૦૦૦ રૂપિયા ફી થશે. અત્યારે એ કેટેગરીની ફી ૪૦૦૦ રૂપિયા છે. દરમિયાન એસઆઈઆરની પ્રોસેસમાં પાસપોર્ટ માન્ય દસ્તાવેજ છે એવું ચૂંટણી પંચે કહ્યું હતું. પાસપોર્ટ નાગરિકતાનું પ્રમાણપત્ર નથી એવું વિદેશ મંત્રાલયે કહ્યું અને તેના કારણે વિવાદ થયો એ પછી આવેલું ચૂંટણી પંચનું મહત્ત્વપૂર્ણ છે. ચૂંટણી પંચે પાસપોર્ટને પણ અન્ય માન્ય દસ્તાવેજોની જેમ માન્ય રાખવાની જાહેરાત કરી છે.

## રામ મંદિર દાનચોરી વિવાદ બાદ ટ્રસ્ટમાંથી ચંપત રાય અને અનિલ મિશ્રાએ આપ્યા રાજીનામા

(એજન્સી) અયોધ્યા | તા 26

અયોધ્યા રામ મંદિર દાનના નાણાંની કથિત ઉચાપત મામલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કડક વલણ બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં મોટી હલચલ મચી ગઈ છે. આ સમગ્ર વિવાદ વચ્ચે ટ્રસ્ટના બે અગ્રણી સભ્યો ચંપત રાય અને અનિલ મિશ્રાએ પોતાના પદો પરથી રાજીનામા આપી દીધા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રીના કડક આદેશો અને તપાસના દબાણને કારણે ટ્રસ્ટના સંગઠનાત્મક માળખામાં આ મોટો ફેરફાર થયો છે, જેને પગલે ઉત્તર પ્રદેશના રાજકારણમાં અને ધાર્મિક વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.અયોધ્યા રામ મંદિર દાનના નાણાંની કથિત ઉચાપત અને નાણાકીય ગેરરીતિના મામલામાં એક બહુ મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના અત્યંત કડક વલણની સીધી અસર શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ પર જોવા મળી છે. આ સમગ્ર વિવાદ અને ચાલી રહેલી તપાસ વચ્ચે ટ્રસ્ટના બે સૌથી અગ્રણી અને વરિષ્ઠ સભ્યો ચંપત રાય અને અનિલ મિશ્રાએ પોતાના પદો પરથી રાજીનામા આપી દીધા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ના પ્રારંભિક અહેવાલમાં કરાયેલી કડક ભલામણો બાદ આ બંને સભ્યોએ પદ પરથી હટવાનો મોટો નિર્ણય લીધો છે. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આ મામલામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની ફરિયાદના આધારે જ પહેલી FIR પહેલાથી જ દાખલ કરી દેવામાં આવી છે. આ FIR માં 8 લોકોની સામે નામજોગ ફરિયાદ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય કેટલાક અજ્ઞાત લોકોની ભૂમિકા અંગે પણ ઊંડી તપાસ ચાલી રહી છે.

## તેલંગાણામાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન મુદ્દે રાજકીય ઘમાસાણ તેજ

હૈદરાબાદ : તેલંગાણામાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એટલે કે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયાને લઈને રાજકીય વાતાવરણ ગરમાયું છે. કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ શુક્રવારે કોંગ્રેસ અને ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) પર આ પ્રક્રિયાનો વિરોધ કરવા બદલ આકરા પ્રહારો કર્યા છે. કિશન રેડ્ડીએ આક્ષેપ કર્યો છે કે આ બંને પક્ષો મજલિસ (AIMIM) પાર્ટી સાથે મળીને કામ કરી રહ્યા છે.કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં SIR પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ તેલંગાણામાં કોંગ્રેસ અને BRSના નેતાઓ આ પ્રક્રિયાની વિરુદ્ધ નિવેદનો આપી રહ્યા છે જે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી પર પોતાના જ વહીવટીતંત્ર અને અધિકારીઓ પર અવિશ્વાસ વ્યક્ત કરવાનો આરોપ લગાવ્યો હતો. કિશન રેડ્ડીએ કહ્યું કે, આ પ્રક્રિયા તેલંગાણા સરકારના કલેક્ટર્સ અને તહસીલદારો દ્વારા હાથ ધરવામાં આવી રહી છે, છતાં મુખ્યમંત્રી પોતે જ તેનો વિરોધ કરી રહ્યા છે. વધુમાં તેમણે એવો પણ આરોપ મૂક્યો કે મુખ્યમંત્રી મજલિસ પાર્ટી સાથે બેઠક કરી રહ્યા છે અને લોકોને સરકારી અધિકારીઓને તેમના વિસ્તારમાં પ્રવેશવા ન દેવા માટે ઉશ્કેરી રહ્યા છે.બીજી તરફ, AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ તેલંગાણામાં ચાલી રહેલી આ પ્રક્રિયા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે તેને જટિલ પ્રક્રિયા ગણાવતા જણાવ્યું હતું કે આનાથી સામાન્ય મતદારો માટે વહીવટી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. ઓવૈસીએ જણાવ્યું કે, જો નામ અંતિમ યાદીમાં નહીં આવે, તો સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ તે નામ ગૃહ મંત્રાલયને મોકલવામાં આવશે, જેનાથી નાગરિકતા પર પ્રશ્નાર્થ ચિન્હ લાગી શકે છે.

### સરકારને રાહત, જનતાને નહીં

## ક્રૂડના ભાવ ઘટીને 70-72 ડોલર થયા, પણ પેટ્રોલ-ડીઝલની કિંમતો જૈસે - થે !

(એજન્સી) નવી દિલ્હી | તા 26

યુએસ-ઈરાન યુદ્ધ અટકતાં આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવ ઘટ્યા છે. આથી, કેન્દ્ર સરકારે હોટેલ-રેસ્ટોરાં સહિતના ઉદ્યોગો માટે કોમર્શિયલ LPG પુરવઠા પરના નિયંત્રણો હટાવ્યા છે. જોકે, દિલ્હીમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડાની કોઈ શક્યતા નથી, કારણ કે સરકારી કંપનીઓને હજુ ડીઝલ પર નુકસાન થઈ રહ્યું છે.

કેન્દ્ર સરકારે હોટેલ, રેસ્ટોરાં અને અન્ય ઉદ્યોગો માટે કોમર્શિયલ એલપીજીના પૂરવઠા પરના નિયંત્રણો હટાવ્યાઅમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ બંધ થતા અને હોર્મુઝની ખાડી પરની નાકાબંધી દૂર થતાં વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ગુરુવારે યુદ્ધ શરૂ થયા પહેલાંના સ્તરે પહોંચી ગયા છે. આમ છતાં ભારતમાં હાલ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડાની કોઈ સંભાવના જણાતી નથી. જોકે, હોર્મુઝની ખાડીમાંથી ક્રૂડ ઓઈલ, એલપીજી અને એલએનજીના ટેન્કરોનું પરીવહન સરળ બનતા ભારતમાં કેન્દ્ર સરકારે હોટેલ, રેસ્ટોરાં અને અન્ય ઉદ્યોગો માટે કોમર્શિયલ એલપીજીના પૂરવઠા પરના નિયંત્રણો હટાવી લીધા છે.અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થતા આંતરરાષ્ટ્રીય બાજરમાં ક્રૂડ ઓઈલના ભાવ ગુરુવારે ફેબ્રુરઆરીના અંતમાં યુદ્ધ શરૂ થયા બાદથી સૌથી નીચા સ્તરે પહોંચ્યા હતા. ગુરુવારે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૭૨-૭૩ ડોલરે પહોંચી ગયું છે જ્યારે અમરેકિન ક્રૂડના ભાવ પણ પ્રતિ બેરલ ૭૦ ડોલરની નીચે ઉતરી ગયા છે. ક્રૂડના ભાવ ઘટતા વિશ્વમાં ત્રીજા ક્રમના ક્રૂડ આયાતકાર ભારતમાં ફૂગાવાનું જોખમ ઘટી ગયું છે.

### સંકટ પહેલા જે રીતે ગેસ મળતો હતો તે રીતે મળશે

## સરકારે કોમર્શિયલ LPG સપ્લાય પરના તમામ પ્રતિબંધો હટાવ્યા, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ ગ્રાહકોને રાહત

(એજન્સી) નવી દિલ્હી | તા 26

કેન્દ્ર સરકારે ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ LPGનો સપ્લાય પશ્ચિમ એશિયાના સંકટ પૂર્વેના સ્તરે પુનઃસ્થાપિત કર્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે સેક્ટર-સ્પેસિફિક એલોકેશન કેપ્સ પણ હટાવી દીધા છે. પ્રોપેન અને બ્યુટેન પરના પ્રતિબંધો પણ હળવા કરાયા છે. જોકે, PNG તરફ સ્થળાંતરની ઝુંબેશ ચાલુ રહેશે. સરકારે કોમર્શિયલ LPG સપ્લાય પરના તમામ પ્રતિબંધો હટાવ્યા, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ ગ્રાહકોને રાહત પશ્ચિમ એશિયાના સંકટના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી દેશના ઔદ્યોગિક સેક્ટરમાં જે દબાણ જોવા મળી રહ્યું હતું, તેમાં હવે કેન્દ્ર સરકારે મોટી રાહત આપી છે. સરકારે ગુરુવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસના સપ્લાયને કટોકટી પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરી દીધો છે. આ સાથે જ સરકારે અગાઉ લાદવામાં આવેલા તમામ સેક્ટર-સ્પેસિફિક એલોકેશન કેપ્સ પણ હટાવી લીધા છે.પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કહ્યું છે કે, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ LPG ગ્રાહકોને મોટી રાહત આપતા, સરકારે નોન-ડોમેસ્ટિક પેક્ડ LPGની સપ્લાય પરના તમામ સેક્ટરલ પ્રતિબંધો દૂર કર્યા છે અને પશ્ચિમ એશિયાના સંકટ પહેલા પ્રવર્તતા સ્તરે સપ્લાય પુનઃસ્થાપિત કર્યો છે. નવા નિર્દેશો અનુસાર, જે મોટા ગ્રાહકો છે, તેમને કટોકટી પૂર્વેના તેમના કુલ વપરાશના 50% જરૂરિયાત જેટલો ગેસ ફાળવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કટોકટીની શરૂઆતમાં આ સપ્લાય સંપૂર્ણપણે સ્થગિત કરી દેવામાં આવ્યો હતો.માર્ચ મહિનાની શરૂઆતમાં જ્યારે કટોકટી ચરમસીમા પર હતી, ત્યારે સરકારે કોમર્શિયલ LPGના સપ્લાય પર કામચલાઉ પ્રતિબંધો મૂક્યા હતા. ત્યારબાદ સ્થિતિ સુધરતા અલગ-અલગ તબક્કામાં સપ્લાય વધારીને 70% સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાઈપ્ડ નેચરલ ગેસ તરફ ઝડપથી વળવા માટે 10%ની શરતી ફાળવણી પણ સામેલ હતી.

## ડ્રગ્સ માફિયાઓ સામે 'ડિટેક્ટ, ડિડક્ટ, ડિસ્ટ્રોય' વ્યૂહરચના: અમિત શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે ડ્રગ્સના ગેરકાયદેસર વેપાર સામે 'ડિટેક્ટ (શોધો), ડિડક્ટ (નાબૂદ કરો) અને ડિસ્ટ્રોય (નાશ કરો)'ની કડક વ્યૂહરચના અપનાવવા તમામ રાજ્યોને આહવાન કર્યું છે. નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટર (NCORD)ની ૧૦મી ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધતા શાહે જણાવ્યું હતું કે, ડ્રગ્સ માફિયાઓ અને કિંગપિન સામે નિર્દયી કાર્યવાહી થવી જોઈએ, જ્યારે વ્યસનનો ભોગ બનેલા લોકો પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવવો જરૂરી છે.ગૃહમંત્રીએ સ્પષ્ટ કર્યું કે ભારત ડ્રગ્સ સામેની લડાઈમાં એક એવા્ુક વળાંક પર છે કે આગામી ત્રણ વર્ષ એ નક્કી કરશે કે વ્યસન આપણા પર વિજય મેળવશે કે આપણે વ્યસન પર વિજય મેળવીશું. તેમણે દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે તમામ સરકારોને એક મંચ પર આવવા અને આ લડાઈમાં સંતો, યુવાનો અને માતૃશક્તિને સાથે જોડવા વિનંતી કરી છે. શાહે ભારપૂર્વક કહ્યું કે, ડ્રગ્સનો ધંધો કરનારાઓ દેશના વિકાસમાં સૌથી મોટો અવરોધ છે, તેથી તેમની સામે કોઈ પણ ભોગે નરમ વલણ રાખવામાં નહીં આવે.અમિત શાહે NCORDની બેઠકો માત્ર સંખ્યા વધારવા માટે નહીં, પરંતુ પરિણામલક્ષી બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓને સૂચના આપી કે, અગાઉની બેઠકોમાં લેવાયેલા નિર્ણયોનું અસરકારક અમલીકરણ થાય છે કે નહીં તેનું કડક વિશ્લેષણ થવું જોઈએ. ગત વર્ષે ડ્રગ્સ વિરોધી લડાઈમાં ૧૫,૮૭૬ બેઠકો યોજાઈ હતી, જેનો ઉલ્લેખ કરતા તેમણે આ પ્રયાસોને હેતુપૂર્ણ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.સત્તાવાળાઓને કાર્યક્ષમતા વધારવા સૂચના આપતા તેમણે કહ્યું કે, ડાર્ક વેબ મોનિટરિંગ, ડ્રગ્સના પરિભ્રમણ અને સિન્થેટિક ડ્રગ્સ બનાવતી પ્રયોગશાળાઓને તોડી પાડવી એ સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ. ડ્રગ્સના સ્મગલરોનું નેટવર્ક સંપૂર્ણપણે નષ્ટ કરવું જોઈએ.

### ખાણમાં પહેલા વર્ષે 400 કિ.ગ્રા. સોનાનું ઉત્પાદન થશે

## આંધ્રમાં દેશની સૌપ્રથમ ખાનગી સોનાની ખાણનો પ્રારંભ કરાયો

કુરનૂલ(આંધ્ર) : દેશની આઝાદી પછી ભારતના માઈનિંગ સેક્ટરમાં પહેલી વખત ખાનગી માલિકીની કંપનીની સોનાની ખાણનો કોમર્સિયલની પ્રારંભ થઈ ગયો છે. આંધ્રના સીએમ ચંદ્રબાબુ નાયડુએ રાજ્યના કૂરનુલ જિલ્લામાં જોનાગિરી ખાતે આ મહત્ત્વાકાંક્ષી ગોલ્ડ માઈનિંગ અને પ્રોસેસિંગ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યુ. તેમણે પ્રોજેક્ટના બીજા તબક્કાની શિલારોપણવિધિ પણ કરી.આ પ્રોજેકટ ભારતમાં સોનાનું સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવામાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આ ઐતિહાસિક ગોલ્ડ માઇનને ફરીથી જીવંત કરવાની મોટાપાયા પર તૈયારી થઈ રહી છે. તેના માટે ૪૦૫ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરવામાં આવ્યું છે.આ પ્રોજેક્ટને જિયોમૈસૂર સર્વિસિઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ત્રિવેળી અર્થમૂવર્સની ભાગીદારીમાં ચલાવવામાં આવી રહ્યો છે. આ દેશની એકમાત્ર ઓપરેશનલ પ્રાઈવેટ પ્રાઈમરી ગોલ્ડ માઈન છે.રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે કુલ ૧,૫૦૦ એકર જમીન ફાળવી છે અને તેમા ૬૦૦ એકર પર કામકાજ શરૂ થઈ ગયું છે. આ ઉપરાંત ખાણના સુચારું સંચાલન માટે ૧૮ કિલોમીટર લાંબી પાઈપલાઈન બીછાવીને પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. હાલમાં ભારત વર્ષે ૧.૫ ટન સોનાનુંઉત્પાદન કરે છે. તે આપણા સ્થાનિક વપરાશના માંડ એક ટકા છે. આ સંજોગોમાં આ સોનાની ખાણ વિદેશી નિર્ભરતા ઘટાડવામાં અને વિદેશી ચલણ બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. સ્વર્ણગિરી ખાણના કોમર્શિયલ ઓપરેશનના પ્રથમ દિવસે લગભગ ૪૦૦ કિલોગ્રામ સોનું કાઢવાનો લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જે કુલ સ્થાનિક ઉત્પાદનના ૨૦ ટકા હશે. બીજા વર્ષમાં આ ઉત્પાદન વધારીને ૯૦૦થી ૧૦૦૦ કિલોગ્રામ સુધી લઈ જવામાં આવશે.

### પુણે મર્ડર કેસ : હોસ્પિટલ પરિસરમાં કડક પોલીસ સુરક્ષા

## આરોપી સિયાના પિતાને આવ્યો હાર્ટ એટેક! માતાએ કહ્યું- ગુનેગારને ફાંસી આપો

(એજન્સી) પુણે | તા 26

પુણેના ચર્ચિત કેતન અગ્રવાલ હત્યા કેસમાં નવો વળાંક આવ્યો છે. મુખ્ય આરોપી સિયા ગોયલના પિતા પ્રવીણ ગોયલને પુણેની રૂબી હોલ ક્લિનિકમાં ICUમાં દાખલ કરાયા છે. દીકરીની ધરપકડના તણાવથી તેમને હાર્ટ એટેક આવ્યો હોવાનું ડોકટરોએ જણાવ્યું. હોસ્પિટલ બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. પોલીસે ચેતન ચૌધરીના મિત્ર નીરજ ચૌધરીની પણ અટકાયત કરી છે, કારણ કે હત્યાના દિવસે ચેતન અને સિયા તેના ફોનથી સંપર્કમાં હતા.મહારાષ્ટ્રના ચર્ચિત પુણેના કેતન અગ્રવાલ મર્ડર કેસમાં એક પછી એક મોટા વળાંકો આવી રહ્યા છે. આ હાઈપ્રોફાઈલ હત્યાકાંડની મુખ્ય આરોપી સિયા ગોયલના પિતા પ્રવીણ ગોયલની તબિયત અચાનક બગડી ગઈ છે. જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. મળતી માહિતી મુજબ, છાતીમાં અસહ્ય દુખાવાની ફરિયાદ બાદ તેમને પુણેની પ્રખ્યાત રૂબી હોલ ક્લિનિકમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં મેડિકલ સ્ટાફે તેમને આઈસીયુ (ICU) માં દાખલ કર્યા છે. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર, કેતન મર્ડર કેસની ચાલી રહેલી તપાસ અને દીકરીની ધરપકડના ભારે માનસિક તણાવના કારણે તેમને હાર્ટ એટેક આવ્યો છે.રવીણ ગોયલની સ્થિતિ પર નજર રાખવા અને ICU ની આસપાસની સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે હોસ્પિટલ પરિસરમાં ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓએ આરોપીના પરિવારને પણ કડક દેખરેખ હેઠળ રાખ્યો છે. બીજી તરફ, નિષ્ણાત ડૉક્ટરોની ટીમ



સતત પ્રવીણ ગોયલના હેલ્થ પેરામીટર્સ અને રિકવરી પર નજર રાખી રહી છે. ઉલ્લેખનીય છે કે, 18 જૂનના રોજ કેતન અગ્રવાલની શંકાસ્પદ સંજોગોમાં મોત થઈ હતી. શરૂઆતમાં આ ઘટનાને એક સામાન્ય અકસ્માત તરીકે દર્શાવવામાં આવી હતી. જો કે, પોલીસની ઊંડી તપાસમાં સામે આવ્યું કે આ અકસ્માત નહીં પરંતુ કાવતરૂ ઘડીને કરાયેલી ક્રૂર હત્યા હતી. પોલીસે આ કેસમાં કડક કાર્યવાહી કરીને કેતનની મંગેતર સિયા ગોયલ અને તેના મિત્ર ચેતન ચૌધરીની ધરપકડ કરી લીધી છે.આ દરમિયાન ગુરુવારે આ કેસમાં વધુ એક ચોંકાવનારો વળાંક આવ્યો છે. પોલીસે આ કેસમાં ચેતન ચૌધરીના મિત્ર નીરજ ચૌધરીની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ઘટનાના દિવસે નીરજની શું ભૂમિકા હતી.

## જીએમ એનએફઆર રંગાપરા ઉત્તર, દેકરગાંવ અને તેજપુરનું નિરીક્ષણ કરે છે

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 26 જૂન, 2026 ના રોજ રંગાપરા ઉત્તર અને દેકરગાંવ રેલ્વે સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું હતું જેથી પ્રદેશમાં ચાલી રહેલા માળખાગત વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી શકાય અને ભવિષ્યમાં રેલ્વે વિસ્તરણ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરી શકાય. તેમણે જૂના તેજપુર રેલ્વે સ્ટેશનની પણ મુલાકાત લીધી, જે હાલમાં ત્યજી દેવાયેલી સ્થિતિમાં છે, અને તે સ્થાન પર ઈમારત અને અન્ય માળખાગત સુવિધાઓની સ્થિતિની સમીક્ષા કરી.મુલાકાત દરમિયાન, જનરલ મેનેજરે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ હાથ ધરવામાં આવી રહેલા રંગાપરા ઉત્તર રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું. આધુનિક મુસાફરોની સુવિધાઓ અને સુધારેલ માળખાગત સુવિધાઓ સાથે અંદાજે 55 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે સ્ટેશનને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. લગભગ 80% પુનર્વિકાસ કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને બાકીના કાર્યો પૂર્ણ થવા તરફ સતત આગળ વધી રહ્યા છે.જનરલ મેનેજરે

**નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 26 જૂન, 2026 ના રોજ રંગાપરા ઉત્તર અને દેકરગાંવ રેલ્વે સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું હતું જેથી પ્રદેશમાં ચાલી રહેલા માળખાગત વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી શકાય અને ભવિષ્યમાં રેલ્વે વિસ્તરણ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરી શકાય.**

દેકરગાંવ સ્ટેશન અને યાર્ડની પણ મુલાકાત લીધી અને અગ્થોરી - દેકરગાંવ અને તેજપુર - સિલઘાટ વચ્ચે પ્રસ્તાવિત નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટ્સની સ્થિતિની સમીક્ષા કરી. બે પ્રસ્તાવિત નવા રેલ્વે લાઇન પ્રોજેક્ટ્સ, જેમાં અગ્થોરીથી દેકરગાંવ વાયા દારંગ જિલ્લા અને તેજપુરથી સિલઘાટ સુધી બ્રહ્મપુત્ર નદી પર નવો પુલ શામેલ છે, તેના સર્વેક્ષણ કાર્ય પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે અને કેન્દ્રીય મંત્રાલયમાં સમીક્ષા હેઠળ છે. આ પ્રસ્તાવિત રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ પરિવહન માળખામાં નોંધપાત્ર વધારો કરશે, પ્રાદેશિક જોડાણમાં સુધારો કરશે અને વિસ્તારના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે તેવી અપેક્ષા છે.નિરીક્ષણ કાર્યક્રમના ભાગ રૂપે, શ્રી શ્રીવાસ્તવે કામાખ્યાથી દેકરગાંવ સુધી વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ પણ કર્યું જેથી રેલ્વે માળખાની સ્થિતિનું મૂલ્યાંકન કરી શકાય અને રૂટ પરના ઓપરેશનલ પાસાઓનું નિરીક્ષણ કરી શકાય. નિરીક્ષણ દરમિયાન, તેમણે ટ્રેક, પુલ, સ્ટેશનો અને અન્ય રેલ્વે સંપત્તિઓની જાળવણીની સમીક્ષા કરી, જ્યારે ચાલુ વિકાસ કાર્યોનું મૂલ્યાંકન પણ કર્યું અને સલામતી, કાર્યક્ષમતા અને મુસાફરોની સેવાઓ વધારવા માટે વધુ સુધારાની જરૂર હોય તેવા ક્ષેત્રોને ઓળખ્યા.

આ નિરીક્ષણ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેની રેલ માળખાને મજબૂત કરવા, મુસાફરોની સુવિધાઓ વધારવા અને સમગ્ર ઉત્તરપૂર્વમાં રેલ કનેક્ટિવિટી વિસ્તૃત કરવા પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## અમદાવાદમાં 8.32 કરોડની પ્રતિબંધિત ટ્રામાડોલ દવા ઝડપાઈ

અમદાવાદ | પ્રતિબંધિત દવા ટ્રામાડોલના જથ્થા સાથે મૂળ રાજસ્થાનના અને વલસાડના રહેવાસી મેડિકલ સ્ટોકિસ્ટની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપી અંકલેશ્વર પોતાની સીમા ફાર્મા નામની કંપનીમાંથી આ જથ્થો રાજસ્થાન ખાતે ટ્રાવેલ્સમાં મોકલતો હતો, ત્યારે અમદાવાદ શાહીબાગ નમસ્તે સર્કલ પાસે ટ્રાવેલ્સમાંથી 6 મોટા બોક્સમાંથી 2.08 લાખ ટેબલેટ જેની કિંમત રૂ. 8.32 કરોડની થાય છે, તેને જપ્ત કરી છે. છેલ્લા બે મહિનાથી જ આરોપી મેડિકલ સ્ટોકિસ્ટનું કાયદેસરનું લાઈસન્સ લઈ પ્રતિબંધિત દવા ટ્રામાડોલનું વેચાણ કરતો હતો.

## પ્રેમિકાએ ભાગીને લગ્ન કરતા યુવક આત્મહત્યા કરવા પહોંચ્યો

અમદાવાદ | અમદાવાદમાં નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવા જનાર વધુ એક યુવકનો બનાવે સામે આવ્યો છે. આજે 26 જૂન દધીચિ બ્રિજ પર જીવન ટૂંકાવા માટે એક યુવાન રેલી પર ચડી ગયો હતો. યુવકને રેલીંગ પર ચડેલો જોતા જ આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા. તેમજ જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા તો તે પણ ત્યાં તાત્કાલિક પહોંચી ગયા હતા.જે બાદ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને આસપાસના લોકોએ એકઠા થઈને યુવકને સમજાવીને નીચે ઉતારી તેનો જીવ બચાવ્યો હતો.

### ચોમાસામાં પણ ભારે ગરમી-બફારાનો સામનો કરવો પડશે; છુટા-છવાયા સ્થળોએ મધ્યમ વરસાદની આગાહી

# 7 દિવસ સુધી ભારે વરસાદની કોઈ ચેતવણી નહીં

અમદાવાદ | હવામાન વિભાગે આગામી 2 જુલાઈ સુધી ગુજરાત રિજીયન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. આજે 26 જૂનના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, પંચમહાલ, દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જિલ્લામાં વરસાદની કોઈ સંભાવના નથી.

આગામી સાત દિવસ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા ન હોવાથી હાલ કોઈ ખાસ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. આ વરસાદી માહોલ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં જોવા મળશે, જ્યારે મધ્ય ગુજરાતમાં વરસાદ નહિવત જોવા મળશે. બીજાથી સાતમાં દિવસ એટલે કે, 27થી 2 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના સૌરાષ્ટ્રના વિસ્તારો જેવા કે અમરેલી અને ભાવનગરમાં વધુ વરસાદની સંભાવના છે.

છેલ્લા 24 કલાકમાં ઉત્તર ગુજરાતના મહેસાણામાં સૌથી વધુ 36 મિમી અને સૌરાષ્ટ્રના બોટાદમાં 10 મિમી જેટલો હળવો વરસાદ નોંધાયો છે. તાપમાનની દૃષ્ટિએ છેલ્લા 24 કલાકમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી અને આગામી સાત દિવસ સુધી પણ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ આવવાની શક્યતા નથી.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માના જણાવ્યા અનુસાર, હાલમાં સેન્ટ્રલ પાકિસ્તાન અને તેની આસપાસના રાજસ્થાન પર રહેલું સાઈક્લોનિક સર્ક્યુલેશન થોડું પંજાબ તરફ આગળ વધી રહ્યું છે, જ્યારે મધ્ય પ્રદેશથી અરબી સમુદ્ર સુધીની ટ્રફ લાઈન હવે નીચે તરફ ખસીને મહારાષ્ટ્રની ઉપર સક્રિય છે. આ સાથે જ ઉત્તર ગુજરાત અને તેની આસપાસ સૌરાષ્ટ્ર પર 3.1 કિ.મી.થી 5.8 કિ.મી.ની ઊંચાઈ વચ્ચે એક નવું સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. તેમજ એક મોસમી ટ્રફ રાજસ્થાનથી ઓડિશા સુધી મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ થઈને પસાર થઈ રહ્યું છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રેશર ગ્રેડિયન્ટ બનેલું હોવાના કારણે 15થી 20 નોટ્સ અને ક્યારેક ઝાપટા સાથે 25 નોટ્સની ગતિએ દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવન ફૂંકાઈ શકે છે, પરંતુ માછીમારો માટે આગામી પાંચ દિવસ સુધી કોઈ ખાસ ચેતવણી આપવામાં આવી નથી.

હાલ ચોમાસું ગુજરાતમાં સુરત સુધી પહોંચીને સ્થિર થયું છે, પરંતુ આગામી 3 થી 4 દિવસમાં તે દક્ષિણ ગુજરાતના વધુ ભાગો તરફ આગળ વધશે. આ સાથે જ ચોમાસું આગળ વધીને મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને બિહારને સંપૂર્ણપણે આવરી લેશે તેમજ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના પણ કેટલાક ભાગો સુધી પહોંચી જશે તેવી આશા છે.



**કઈ તારીખે ક્યાં હશે વરસાદ? |** 26 જૂન: કચ્છ, મોરબી, રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, વાવ-થરાદ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી

27 અને 28 જૂન: અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી

29 અને 30 જૂન: અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી

1 જુલાઈ: જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી2 જુલાઈ: પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી

## કોલકાતા-જયપુરમાં ભારે વરસાદ, હોસ્પિટલો-દુકાનોમાં પાણી ભરાયું; MPમાં ઈન્દોરનાં 15 ટુરિસ્ટ પ્લેસ બંધ, UP-બિહારમાં હીટવેવ

રાજસ્થાનમાં ચોમાસાની રાહ જોવાઈ રહી હતી તે દરમિયાન ગુરુવારે જયપુરમાં ભારે વરસાદ થયો. લગભગ અડધા કલાકમાં થયેલા 50mm વરસાદથી રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા. પાણી ભરાવાને કારણે ઘણા વાહનો બંધ પડી ગયા. ઘણી દુકાનો-મકાનોમાં પણ પાણી ભરાઈ ગયું. કોલકાતામાં પણ કંઈક આવો જ હાલ રહ્યો. બપોરે લગભગ એક કલાકના વરસાદથી શહેરના મુખ્ય રસ્તાઓ પર એક ફૂટ સુધી પાણી ભરાઈ ગયું. કોલકાતાની SSKM હોસ્પિટલની અંદર સુધી પાણી ઘૂસી ગયું. જેના કારણે દર્દીઓ અને તેમની સંભાળ રાખનારા લોકોને ઘણી મુશ્કેલી પડી. વરસાદને કારણે અકસ્માતોની આશંકાને ધ્યાનમાં રાખીને મધ્ય પ્રદેશના ઈન્દોરમાં 15 પર્યટન સ્થળોમાં 22 ઓગસ્ટ સુધી પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે. રાજ્યના શાજાપુરમાં ગુરુવારે વીજળી પડવાથી એક વૃદ્ધનું મોત થયું. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી 2 થી 4 દિવસમાં ચોમાસું આખા રાજ્યને આવરી શકે છે.

## પશ્ચિમ રેલવે દ્વારા મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા તેમની વધતી મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે: ટ્રેન નં. 09082/09081 મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ (10 ફેરા), ટ્રેન નં. 09082 મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ, જે અગાઉ 26 જૂન, 2026 સુધી જાહેર કરવામાં આવી હતી, તેના ફેરા હવે 31 જુલાઈ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેન નં. 09081 મુંબઈ સેન્ટ્રલ-મણિનગર સ્પેશિયલ, જે અગાઉ 25 જૂન, 2026 સુધી જાહેર કરવામાં આવી હતી, તેના ફેરા હવે 30 જુલાઈ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે. ટ્રેન સંખ્યા 09082 તથા 09081ના વિસ્તૃત ફેરા માટે બુકિંગ 27 જૂન, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov પર મુલાકાત લઈ શકે છે.

## સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ ટ્રેન હવે 'અમૃત ભારત' રેક સાથે દોડશે

મુસાફરોની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેએ સાબરમતી-હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ફ્રીક્વન્સી લંબાવવાનો અને તેને અત્યાધુનિક અમૃત ભારત રેક સાથે ચલાવવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છે: ટ્રેન નં. ૦૯૪૨૫ સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ, જે ૨૯ જૂન, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને ૨૭ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. આ ટ્રેન ૬ જુલાઈથી ૨૭ જુલાઈ, ૨૦૨૬ સુધી અમૃત ભારત રેક સાથે ચાલશે. ટ્રેન નં. ૦૯૪૨૬ હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ, જે ૩૦ જૂન, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. આ ટ્રેન ૭ જુલાઈથી ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી અમૃત ભારત રેક સાથે ચાલશે.આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.ટ્રેન નં. ૦૯૪૨૫ ના વિસ્તૃત રન માટે બુકિંગ ૨૮ જૂન, ૨૦૨૬ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે.ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છે: ટ્રેન નં. 09447 અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 24 જૂન, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 01 જુલાઈ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન નં. 09448 પટના-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 26 જૂન, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 3 જુલાઈ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન સંખ્યા 09447ના વિસ્તૃત ફેરા માટે બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ છે. થશે.

## અમદાવાદમાં 1.51 કરોડની લૂંટમાં ઘટસ્ફોટ, એરફોર્સ અધિકારી નીકળ્યો લૂંટારો

અમદાવાદ | બે વર્ષ પહેલા અમદાવાદના માણેકચોકમાં વેપારીના પગ પર ગોળી મારીને 1.51 કરોડની લૂંટ ચલાવનાર એરફોર્સના અધિકારીની ઝોન 3 LCBની ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપી એરફોર્સના ટેકનિકલ યુનિટમાં ફરજ બજાવે છે, જેના કારણે તેને તમામ ટેકનિકલ બાબતો અને પોલીસની ગતિવિધિઓથી જાણકાર હોવાના કારણે ખૂબ જ સાવચેતીપૂર્વક લૂંટ કરી હતી. લૂંટ કર્યા બાદ બે કિલોમીટર વિસ્તારમાં સાતથી આઠ વખત રિક્ષાઓ બદલી અને કપડાઓ બદલીને ફરાર થઈ ગયો હતો. જામનગરમાં થયેલા પિસ્તોલની ચોરીના ગુના પરથી આ ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

ઝોન 3 ડીસીપી રૂપલ સોલંકીએ જણાવ્યું હતું કે, માણેકચોક વિસ્તારમાં 16 જુલાઈ 2024ના રોજ પતાસાની પોળમાં વેપારીની દુકાનમાં બપોરે લાલ ટોપી અને મોઢે રૂમાલ બાંધી આવેલા એક શખ્સે વેપારીને પગમાં ગોળી મારી રૂ. 1.51 કરોડની લૂંટ કરી હતી. જે અંગે ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી અને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. છેલ્લા બે વર્ષથી આ ગુનાનો ભેદ ઉકેલાયો ન હતો. જેને લઈને ખાડિયા પોલીસ અને LCBની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી.

ખાડીયા પીઆઈ લંગારિયા દ્વારા જુના ગુનાઓને ઉકેલવાને લઈને તપાસ શરૂ કરવામાં આવી હતી. ત્યારે લૂંટમાં જે પિસ્તોલ વપરાઈ હતી તે પિસ્તોલ વર્ષ 2024માં જ જામનગરમાં એરફોર્સના નિવૃત્ત અધિકારીના ઘરમાંથી પિસ્તોલ અને રાઉન્ડ સહિતની ઘરફોડ ચોરી થઈ હતી. એક જ જેવી લાગતી હોવાનું જોવા મળ્યું હતું. ખાડિયા પી. આઈ જામનગર LCBમાં ફરજ બજાવીને અમદાવાદ આવેલા હોવાથી તેમને આ અંગે ઊંડાણપૂર્વક જાણકારી હતી. જેથી તેના આધારે તેમણે તપાસ કરવામાં આવી હતી.

એક જ જેવી પિસ્તોલ અને લૂંટને લઈને તપાસ કરતા મૂળ હરિયાણાના અને હાલમાં દિલ્હી ખાતે એરફોર્સમાં ફરજ બજાવનારા એર કમાન્ડિંગ ઓફિસર દિપક બુકેર (ઉ.વ.31)ની પંડોણી હોવાનું બહાર આવ્યું હતું. જેને લઈને પોલીસ દ્વારા દિલ્હીમાં એરફોર્સના અધિકારી સાથે વાતચીત કરી અને ઘરની જડતી કરતા લૂંટમાં વપરાયેલી પિસ્તોલ અને રાઉન્ડ પણ મળી આવ્યા હતા.

## અમદાવાદમાં ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં પદયાત્રા



અમદાવાદ | અમદાવાદ ખાતે ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરીબેન દેસાઈ, પ્રદેશ સંગઠન મંત્રી ડૉ. કરણ બારોટ, પ્રદેશ છાત્ર વિંગ અધ્યક્ષ ધાર્મિક માથુકિયા તેમજ પ્રદેશ માલધારી સેલ અધ્યક્ષ કિરણ દેસાઈ સહિતના અગ્રણીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પદયાત્રા દરમિયાન કાર્યકરો અને સમર્થકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. નેતાઓએ ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં એકતા અને સંગઠનની શક્તિ દર્શાવતા સૂત્રોચ્ચાર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આજે આમ આદમી પાર્ટીનો રાજ્ય વ્યાપી કાર્યક્રમ યોજાયો છે. જેમાં ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં તમામ જિલ્લાઓમાં "સપોર્ટ માર્ચ" પદયાત્રા યોજાઈ છે. પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ "સપોર્ટ માર્ચ"માં ભાગ લીધો હતો. આદિવાસી સમાજ માટે અવાજ ઉઠાવનાર ધારાસભ્ય ચૈતર વસાવાને ષડયંત્ર યોજી જેલમાં મોકલાયા હતા. ત્યારે આજે રાજ્યના અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં સપોર્ટ માર્ચ યોજાઈ હતી.

### નેનો ટેકનોલોજી અને એનર્જી એન્જિનિયરિંગ કોર્સ પર સંકટ

## 72 બેઠકો સામે માત્ર 8 વિદ્યાર્થીઓને ફાળવણી, એકપણ પ્રવેશ કન્ફર્મ નહીં થાય તો કોર્સ બંધ થવાની ભીતિ

અમદાવાદ | એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રથમ રાઉન્ડની સીટની ફાળવણી કરી દીધી છે. જો કે આ વર્ષે ગયા વર્ષની સરખામણીએ વધારે વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લીધો હતો જેના કારણે 34 હજાર વિદ્યાર્થીઓને સીટ ફાળવવામાં આવી છે. જ્યારે એક તરફ પ્રથમ રાઉન્ડમાં જ સરકારી અને અનુદાનિત કોલેજોની તમામ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે. જ્યારે નેનો ટેકનોલોજી અને એનર્જી એન્જિનિયરિંગમાં વિદ્યાર્થીઓનો રસ ખૂબ ઓછો જોવા મળ્યો છે. વિદ્યાર્થીઓ જ મળતા હોવાથી આ પ્રકારના કોર્સ બંધ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં તમામ બ્રાન્ચમાં વિદ્યાર્થીઓનો ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. પરંતુ બીજી તરફ નેનો ટેકનોલોજી અને એનર્જી એન્જિનિયરિંગ જેવા કોર્સ વિદ્યાર્થીઓને આકર્ષવામાં નિષ્ફળ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. એડમિશન કમિટીના પ્રથમ રાઉન્ડના આંકડા મુજબ નેનો ટેકનોલોજીમાં કુલ 34 બેઠકો સામે માત્ર 4 વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવાયો છે, એટલે કે આશરે 12 ટકા કરતા પણ ઓછી બેઠકો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવી છે. જ્યારે એનર્જી એન્જિનિયરિંગમાં 38 બેઠકો સામે માત્ર 8 વિદ્યાર્થીઓને ફાળવણી થઈ છે, એટલે કે લગભગ 21 ટકા બેઠકો પર ફાળવણી કરવામાં આવી છે.

ગયા વર્ષે પણ નેનો ટેકનોલોજી અને એનર્જી એન્જિનિયરિંગ કોર્સમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નહતો. એટલે કે જે પણ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી જેમાંથી એક પણ બેઠક ભરાઈ નહતી. જો કે આ વર્ષે પણ અત્યાર સુધી એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી તેમજ એવી આશા છે કે આ વર્ષે પણ તમામ બેઠકો ખાલી રહી શકે છે. જેથી સંસ્થાઓ માટે નેનો ટેકનોલોજી અને એનર્જી એન્જિનિયરિંગ જેવા કોર્સ ચાલુ રાખવા મુશ્કેલ બની શકે છે અને ભવિષ્યમાં બેઠકો ઘટાડવા અથવા કોર્સ બંધ કરવાની સ્થિતિ સર્જાઈ છે. એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલ નિલય ભૂપતાણીએ જણાવ્યું હતું કે, નેનો ટેકનોલોજીમાં ગયા વર્ષે પણ વિદ્યાર્થીઓ મળ્યા ન હતા. જ્યારે આ વર્ષે ચાર જેટલા વિદ્યાર્થીઓને ફાળવણી કરવામાં આવી છે પરંતુ હજી સુધી તેમને પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી. પ્રવેશ ફાળવણી કરેલા વિદ્યાર્થીઓ જ્યારે કન્ફર્મ કરાવશે ત્યારે જ બેઠકો ભરાઈ શકે છે.

### વસ્ત્રાલ બાદ અસારવાના તળાવમાં મોટા પ્રમાણમાં માછલીઓના મૃત્યુ : દુર્ગંધથી આસપાસના

## લોકો હેરાન, ઓક્સિજન મશીનો મૂકવા છતા માછલીઓના મોતથી AMC સામે સવાલો

અમદાવાદ | શહેરમાં આવેલા તળાવોમાં માછલીઓ મરવાની ઘટનાઓ હવે સામે આવી રહી છે. પૂર્વ વિસ્તારના વસ્ત્રાલ બાદ હવે અસારવામાં તળાવમાં પણ મોટા પ્રમાણમાં માછલીઓના મૃત્યુ થયા હોવા અંગેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. તળાવમાં રહેલા પાણીમાં ઓક્સિજન માટે એરેટર પણ મૂકવામાં આવતા હોય છે છતાં પણ માછલીઓના મૃત્યુ થતાં થતા અનેક સવાલો ઉભા થયા છે. અસારવા તળાવમાં મોટા પ્રમાણમાં માછલીઓ મરી ગયેલી મળી આવતા આસપાસમાં પણ દુર્ગંધ ફેલાઈ છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા અસારવા તળાવ ગાર્ડનમાં અસંખ્ય માછલીઓના મોતનો બનાવ સામે આવ્યો છે. તળાવમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ જોવા મળતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતા માછલીઓના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.



માછલીઓને ઓક્સિજન મળી રહે તેના માટે એરેટર (ઓક્સિજન મશીનો) મૂકવામાં આવે છે. AMC દ્વારા કોન્ટ્રાક્ટરને ભાડું પણ ચૂકવવામાં આવે છે. છતાં મશીનો કાર્યરત કેમ ન હતા તે અંગે અનેક સવાલો ઉભા થયા છે.

અગાઉ પણ સાબરમતી નદીમાં ઓક્સિજનની અછત અને પાણીની સ્થિતિને કારણે મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટના સામે આવી હતી. ત્યારે પણ તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા હતા. હાલ અસારવા તળાવ ગાર્ડનમાં મોટા પ્રમાણમાં માછલીઓના મૃત્યુ થયા છે ત્યારે આસપાસમાં ભારે દુર્ગંધ ફેલાતા ઘટનાને લઈને સ્થાનિકો જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને તળાવની યોગ્ય દેખરેખની માંગ કરી રહ્યા છે.

મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, અસારવા તળાવમાં પાણી ઘટી ગયું હોવાના કારણે માછલીઓ મરી હોવાની શક્યતા છે. જો કે આ બાબતે તપાસ કરી રહ્યા છીએ. તળાવમાં જે ઓક્સિજન મશીન લગાવેલા છે તે તમામ મશીનો ચાલુ છે. કેમિકલ અને પાવડર ટ્રીટમેન્ટ પણ કરાવવામાં આવેલી છે. જો કે વરસાદ ન આવ્યો હોવાના કારણે પાણી ઓછું થઈ જતા માછલીઓ મરી ગઈ હોવાની શક્યતા જણાય છે.

## રદ કરાયેલી 500ની નોટો સાથે બે ઝડપાયા : 39 લાખની નોટ જપ્ત કરવામાં આવી...

અમદાવાદ | ભારત સરકારે રદ કરેલી રૂ. 500ની નોટો સાથે બે શખસની રામોલ પોલીસે ધરપકડ કરી છે. મુંબઈથી બંને શખ્સો ગાંધીનગરના શૈલેષ પટેલ નામના વ્યક્તિને નોટ આપવા માટે આવતા હતા, ત્યારે પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા. રામોલ પોલીસે જૂની રૂ. 500ની કુલ 39 લાખની નોટો જપ્ત કરી છે. આરોપીઓને નોટો વટાવવા માટે 2થી 3 ટકા કમિશન મળતું હતું. ગાંધીનગરના આરોપીની શોધખોળ કરવામાં આવી છે.

રામોલ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.આર. ચૌધરીએ જણાવ્યું હતું કે, ડી સ્ટાફ અને તેમની ટીમને બાતમી મળી હતી કે ભારત સરકાર દ્વારા રદ કરાયેલી રૂ. 500ની નોટો સાથે બે શખ્સ અમદાવાદ આવી રહ્યા છે. ત્યારે વોચ ગોઠવીને બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બંને પાસેથી જૂની 500ની 7,800 એટલે કે 39 લાખની નોટો જપ્ત કરી હતી.

ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ કરતા તેનું



નામ ભરતસિંહ મહિડા (રહે. મનુ મુદીયરની ચાલી, મુંબઈ) અને મેરાજૂદ્દીન ખાન (રહે. નરસિંહ મંદિર, આંબાવાડી, સુરત) હોવાનું જણાવ્યું હતું. બંને આરોપીઓ મહારાષ્ટ્રના જલગાવથી અયાનુદ્દીન પટવે નામના વ્યક્તિ પાસેથી આ નોટો લાવ્યા હતાં.

ભરતસિંહ અને મેરાજુદ્દિન મુંબઈમાં બંને એક સાથે નોકરી કરે છે. આ નોટો લઈને ગાંધીનગરના શૈલેષ પટેલને આપવા માટે જતા હતા ત્યારે રામોલ પોલીસે તેઓને ઝડપી પાડ્યા હતા.